
સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

તંત્રી · બચુભાઈ રાવત

વર્ષ ૩૮ · અંક ૨

ફેબ્રુઆરી · ૧૯૬૧



જોનાહ (વૂડકટ)

૪૪૬ મો અંક

ફેબ્રુઆરી ૧૯૬૧ · અંક ૪૪૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]



★આ એક મુક્ત રીતે કરેલું માંડણું છે. માંડણાના ચાર પ્રકાર છે: (૧) આંગણામાં પૂરવાનું, (૨) દીવાલ માટેનું, (૩) તહેવારે પ્રસંગોપાત્ત પૂરવાનું (૪) હાથમાં મેંદી મૂકવા માટેનું. એ પૈકી આ આંગણાનું માંડણું છે.
(સૂરત) —વાસુદેવ સ્માર્ત



અમારી પાસે અમુક જૂના સિક્કા છે તે પૈકી એકના ફોટો (બંને બાજુના) આ સાથે મોકલ્યા છે. સિક્કો ચાંદીનો છે અને વજન ૨૫ તોલા છે. ઉર્દૂના એક નિષ્ણાતે નીચે મુજબ તે વાંચી આપેલ છે: 'શાહે અદીલ કેસર સુલેમાન મિસર હીજરી ૪૦૩'
માંડવી (કચ્છ) —દોલતલાલ ખેતસીભાઈ

અંગ્રેજી શબ્દ 'Bus-Stop'નું ભાષાંતર 'બસ થોભો' કરવામાં આવે છે તે અયોગ્ય નથી? 'Stop' શબ્દ નામ તરીકે છે, ને તેમજ વપરાવો જોઇએ. 'બસ! તું અહીં ઊભી રહે' એમ કહેવાનો આશય નથી. 'બસ થોભો'નો શો અર્થ તે સમજાતું નથી. 'બસ-મથક' એ પ્રચલિત કરવા જેવો યોગ્ય શબ્દ નથી?
(અમદાવાદ) —નટવરલાલ ખીમચંદ શાહ
[●'થોભો' એ 'થોભવું' ઉપરથી બનાવેલું નામ હોઈ શકે. જેમ 'ઠેલવું' તે પરથી 'ઠેલ' ધાતુને 'ઓ' પ્રત્યય લગાડી 'ઠેલો' (=હડસેલો) શબ્દ બન્યો છે, તેમ થોભવું-થોભ-થોભો. જોકે એ બહુ રોચક નથી એ વાત ખરી છે.]

સપ્ટેમ્બર ૧૯૬૦ના 'કુમાર'માં 'ગણિતશાસ્ત્રી લીલાવતી' અંગેના લેખમાં આપેલી માહિતીથી આનંદ થયો. પરંતુ લીલાવતીનો કાળ (Date) ક્યાંયે દર્શાવ્યો નથી. મને આ કાળ જાણવાની ઇચ્છા છે તો આદિશંકરાચાર્યના સંદર્ભમાં નહીં જણાવો? લીલાવતી વિષે અન્ય કોઈ માહિતી મોકલવા લાયક હોય તો તે પણ મોકલશો તો આભારી થઇશ.
(નવસારી) —નીતિનચંદ્ર ચૂ. મોદી
[●કોઈ વાચક જણાવશે તો આભાર થશે]

'કુમાર'નો હું પ્રસંશક છું. ગુજરાતી માસિકોમાં 'કુમાર' અગ્રેસર છે. કલા અને સંસ્કારવિષયો માટે અજોડ છે છતાં (૧) 'કુમાર'માં જે ટાઈપ વપરાય છે તે ખૂબ જ નાના છે. મન પર ખૂબ ભાર કે સંયમ રાખીને વાંચવું પડે, તો જ વંચાય! (૨) 'કુમાર' જોતાં એમ લાગ્યા વિના રહેતું નથી કે જગાની વધુપડતી 'ઇકૉનૉમી' કરવામાં આવે છે. અનુસંધાન તો આગળ-પાછળ કે આડાં-અવળાં હોય જ. વળી અડધિયાં પાનાં કે ફોલ્ડ કરેલાં પાનાં પણ હોય. લખાણ પણ એકસરખું સીધી લીટીમાં નહિ; જ્યાં જગા મળી ત્યાં ઊભું પણ છાપી નાખ્યું હોય! કદાચ એમ કહેવામાં આવે કે 'નહિ તો 'કુમાર' મોંઘું પડે'. તો જવાબમાં જણાવવાનું કે એટલી જ કિંમતના બીજા ગુજરાતી અંકો દા.ત. 'અખંડ આનંદ'ને મોટા ટાઇપ અને વધુ પાનાં પરવડી શકે તો 'કુમાર'ને શા માટે ન પરવડી શકે? આ જોતાં 'કુમાર' સંકુચિત માનસવાળું અને જુનવાણી હોય તેવી છાપ નથી પડતી? 'કુમાર'નું સ્ટાન્ડર્ડ બીજાં માસિકો કરતાં ઊંચું હોવા છતાં શા માટે આટલી 'નબળાઇ' છોડાને પોતાની વધુ પ્રસિદ્ધિ અને પ્રચાર માટે નિષ્કામ રહે છે તે જ સમજાતું નથી.●
(ઉજ્જેન) —કીર્તિકુમાર શાહ
[●આપે પોતે જ કહ્યું તેમ ખરેખર 'પરવડતું નથી.' જે ભાઈબંધ માસિકનો દાખલો આપ્યો છે તેમાં (જાન્યુઆરી અંકમાં જ) 'કુમાર' કરતાં પાંચ ગણાં (૭૫) પાનાં ભરીને જાહેરખબર છે, અને એનો ફેલાવો 'કુમાર' કરતાં આઠ ગણો છે; જે બંને મબલખ આવકનાં સાધનો છે. વળી, આપના કહેવા પ્રમાણે 'કુમાર' જેને માટે 'અજોડ' છે તે 'કલા અને સંસ્કાર'ની સામગ્રી—ખાસ કરીને ચિત્રસામગ્રી—પાછળ મુકાબલે 'કુમાર'ને જે ખર્ચ કરવો પડે છે, તેથી મુશ્કેલીએ પણ બે છેડા ભેગા થતા નથી. આપ સરખા પ્રશંસકોની શુભેચ્છાથી એ કક્ષાએ 'કુમાર' પહોંચે તો આપ કલ્પો છો તેથી પણ ઉત્તમ 'કુમાર'ને કરવાના કોડ છે. બાકી 'ફોલ્ડ કરેલાં પાનાં' બાબતમાં તો ઊલટા બે સારા શબ્દોની અપેક્ષા હતી. 'લાઈફ' વગેરે અમેરિકન સામયિકો તો આપે જોયાં હશે.]

ડિસેમ્બર અંકમાં 'વિમાનનો વડવો' લેખ ને ત્યાર બાદ જાન્યુ. અંકમાં તે અંગે શ્રી પ્રફુલ્લભાઈ ભારતીયનો પત્ર પણ વાંચ્યો. તેમની રજૂ કરેલી બાબતોમાં મને હકીકતદોષ લાગે છે. રાજાઓએ લોકપ્રિયતા મેળવવા માટે પતંગ ઊડાવવાની શરૂઆત કરી ન હતી, પરંતુ ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં રાજાઓના લશ્કરમાં યુદ્ધ સમયે સંદેશા મોકલવા તેમજ આગળ જવા હવામાન કેવું છે તે જાણવા, તથા રાત્રી દરમ્યાન ગુપ્ત સંદેશા મોકલવા તેનો ઉપયોગ થતો. અને પાછળથી જ રાજાઓને આ વસ્તુ આનંદ-પ્રમોદના સાધન તરીકે યોગ્ય લાગવાથી તેમણે રાષ્ટ્રીય ઉત્સવ તરીકે તે અપનાવ્યો. આ પછી તેનો ધીરેધીરે વિકાસ થતો ગયો. શરૂઆતમાં જે પતંગ જાડા કાગળના બનાવાતા તેમાં સુધારો કરવાની જરૂર ઊભી થઈ, અને ધીરેધીરે પાતળા ને હવામાં જલદી ઊંચે જઇ શકે તેવા કાગળ શોધાયા. ચીનમાં ઘણી જાતના અને રંગબેરંગી પતંગો વપરાય છે. ત્યાં તો ૧૮ માણસ સામટા ચડાવે એવા પતંગો પણ હજુ બને છે.
(અમદાવાદ) —વસંત ચંદ્રકાત વોરા

'કુમાર' માસિકના અક્ષરો ઘણાજ ઝીણા હોવા છતાં હું તે વાંચવામાં રસ લઉં છું. અમે લગભગ દસ-બાર વર્ષથી 'કુમાર' મંગાવીએ છીએ. ખાસ કરીને ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખો ઘણા જ ગમે છે. ચિત્રો પણ સુંદર આવે છે, અને નાની નાની અનેક વિગતો વાંચવા જેવી હોય છે. જ્યારે તમો વિવિધ રંગથી 'કુમાર'ને ભરપૂર બનાવો છો ત્યારે તેની એક જ ખામી મને સદા યે સાલ્યા કરે છે. અને તે કોઇ ધાર્મિક વાચન અથવા ધર્મને લગતી લઘુકથા, જેનો ભંડાર આપણા ધર્મગ્રંથોમાં ભરપૂર છે. આજકાલનાં કિશોર વયનાં બાળકોને પણ ધર્મના થોડા વાંચનની જરૂર તો હોય જ ને? વળી તેની જરૂર સર્વજનોને પણ હોય છે.
(મુંબાઇ)



અંબાજી માતાનો પટ (કાપડછાપ-કલા) વાઘરી રાજાભાઈ મૂળાભાઈ
પ્રથમ ગુજરાત-રાજ્ય-કલાપ્રદર્શનમાં રજૂ થએલી કૃતિ. પ્રદર્શનનાં વિશેષ ચિત્રો તથા પરિચય અંદરનાં પાનાંઓ ઉપર જુઓ



પાછા વળતાં (ચિત્ર) ખોડીદાસ પરમાર

કુક્કુટ-યુદ્ધ (વૂડકટ) એરચ હકીમ



કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૩૮ · અંક ૨ · ફેબ્રુઆરી '૬૧ · સળંગ અંક ૪૪૬

હવે શું?

· પૃથ્વી ·

અરે વરસ એ'ક પૂર્વ પણ હોત આવી રીતે
મળી, અગર દૃષ્ટિ તારી છલકાઇ મારી પરે
હું લાલ—દરબારી લાલ ગુલમ્હોર શો મ્હોરતે!

અજાણ સપનાં સ્વરૂપ ધરી આંગણે નાચતે;
ઉમંગ, રસ, ગાન, તાન કંઇ કેટલું ચાલતે;
અને સડસડાટ મસ્ત મદમાતી થાતી જતે—
અહો સડસડાટ મસ્ત મદમાતી થાતી જતે
સવાર મુજ, સાંજ મારી, મધરાત મારી બધી!

ન કે જરઠ હું થયો, ન રસહીન—બુઢ્ઢો થયો;
હજી તવ મૈત્રી, શ્રેણી, રમણીય કેશાવલિ,
મધુરી કરઅંગુલિ, ધ્રુપદ તાલ શી ચાલ ને
વહાલતણી આગ જાગતી બિહાગના રાગ શી;

બધાંની મનમાનતી સરભરા કરે એટલું
જુવાન દિલડું રહ્યું છ મુજ, બાદશાહી ય છે.
ન મુગ્ધ 'કવિડું' હું કિન્તુ અવ, દુન્યવી હું કવિ
મને સુકવિને હવે ય વળી છેલ શા ખેલ શા?

હેમન્ત દેસાઈ

પાંખડી

· ગાન ·

ઝરમર ઝરતાં નભથી ફોરાં,
મારાં મગન ભીંજાતાં કોરાં,
સૈયર, ત્રાંબાની ગાગર આ છલકે ઘડીઘડી રે.
પગલાં સીધે રાહ ન જાતાં,
પગલાં ગલીગલી અટવાતાં,
પળમાં પગ થંભે, ને ચાલે કેવળ આંખડી રે.
કંઇ યે પ્રહર વિતાવ્યા ઘાટે,
અટકી અટકી ચાલ્યા વાટે,
ઓલ્યા વચનભૂલ્યાની કોઇ નિશાની ના જડી રે.
સૌરભ થઇને ઊડી જાગ્યું,
પળની વેળ થયે કરમાયું,
એ તો દલદલ ઊઘડ્યાં ફૂલ, અમે ફૂલપાંખડી રે.

હરીન્દ્ર દવે

પોષની રાતે

· પરંપરિત હરિગીત ·

ચંદ્ર જઇને
સૂર્યની હેતે હુંફાળી સોડમાં
સંતાય એવી પોષની આ રાતમાં
હું ધ્રૂજતી મારી નજર લંબાવીને
ઓ તારલાથી તાપવા
અમથો મથું છું?

ના—
કદી-ક્યારેક તો
પેલો 'દિવસ' પણ કામળામાંથી
નીકળશે તો ખરો ને?
ત્યાં લગી કેમે કરીને જઉં ટકી,
બસ એટલા ખાતર.

વિનોદ અધ્વર્યુ

દર્દીની શુશ્રૂષામાં રાતે:

· શિખરિણી ·

ભરાયે આંખોમાં ગુલબી ગુલબી ઊંઘ નહિ, તે
ભમું ખાલી આંખે:

જોણું (જાણે દર્દી!), રૂમ અધવચે, અર્ધ ઢળતાં
થતું ઝીણું, ઝાંખું, તિમિર-અડક્યું તેજ; હલકે
હવા-બારીએથી પવન છલકે, ટાઢ થથરે;
સૂતેલાંનાં જાગે ઘરડ ભણતાં નાક, દરદી
પથારીમાં પાસાં ઘસીઘસી કરે નીંદર તાણી;
પગેથી ઓઢેલું કરી અલગ, પાછો પગ વડે
મથે ઓઢી લેવા...
શિશુ રોતાં માતા પડખું ફરતી ને સ્તન દઇ
ધીમેધીમે દેતી થપકી કરથી, શાંતિ રમતી;
કબાટે શીશીઓ (સમિત ગગને તારક યથા)
ભરી, ખાલી પ્યાલી તૃષિત, પડખે છેક મદુકી.
ભરાયે આંખોમાં ગુલબી ગુલબી ઊંઘ નહિ, તે
ભમું આવું આંખે.

ચીનુભાઈ મોદી

ટાઢ

· ગાન ·

વધતી ચાલી ટાઢ!
ધૂંધળો ધૂસર દંન ઢળ્યો ને ઊતરતો અંધાર
ઝપાટે ઊતરતો અંધાર.

એય બાજુ પથરાઇને ખડ્યાં સાવ રે સૂનાં બીડ,
ક્યાંય કશો કલશોર ના, વિહગ ક્યારનાં છૂપ્યાં નીડ;
પાંદડાં સૂકાં ઝરતાં ઊભાં શીમળાનાં કૈં ઝાડ
અહીંતહીં શીમળાનાં કૈં ઝાડ!

રોજ તો રમતિયાળ લવારાં ચોગમ દેતાં ઠેક,
આજ ઇ જોને, સાંકડે કેડે વાંભ દીધા વિણ એક;
અકડાઇને ઓથમાં કેવાં હાલતાં લારોલાર
હંધાં યે હાલતાં લારોલાર!

હિમ શા શીતળ વાયરે કાંપે મારાં ય એવાં ગાત,
ક્યમ પુગાશે નેહડે હજી અરધી બાકી વાટ?!
પોત ઝીણેરું લોબરીનું મુંને લઇલે કામળા આડ
હો વાલમ! વધતી ચાલી ટાઢ.

પ્રદ્યુમ્ન તન્ના

જીવ છે

· ગઝલ ·

આઠે પ્રહર અમાગે તમારામાં જીવ છે,
સમજી રહ્યા છે લોક કે કાયામાં જીવ છે.

બાળક સમા જગતનો તમાશામાં જીવ છે.
ઉન્માદનો તમારા ઝરૂખામાં જીવ છે,

માઠું તને જો લાગે તો કર માફ ચાંદની!
આતુર આંખડીનો તો પરદામાં જીવ છે.

ઝંખી રહ્યું છે તુજને ઉજડનું કોઇ ચમન,
સરિતા! તને અમસ્તો આ દરિયામાં જીવ છે.

મઝધારનાં મિલનની છે સાહસને ઝંખના,
જીવનની નાવડીનો કિનારામાં જીવ છે!

શું એ ગળે ઉતારતાં અમૃત બની ગયું!
શાને જીવનનાં ઝેર પીનારામાં જીવ છે!

દીપક જલાવી એને ઉગારી લઇશ હું,
સંધ્યા સુધી ન માન કે છાયામાં જીવ છે.

'સાકિન'! સમયનું મૂલ્ય નથી શૂન્યથી વધુ,
એમ શ્વાસને લીધે જ જમાનામાં જીવ છે.

સાકિન કેશવાણી

વિ ચા ર વિ શે ષ

જીવનની અણમોલ પૂંજી

પ્રતિષ્ઠા, મોટાઈ કે વિજય તે મહત્તા નથી. Success એ greatnessનું સુવર્ણ નથી; માત્ર અણધાર્યા પ્રસંગો પર ચડાવેલો સોનેરી ઢોળ છે. એ મોટાઇમાં, વિજયમાં સુખ પણ નથી ને જીવનસાફલ્યે નથી.

મહત્ત્વાકાંક્ષા એ માનવતાનું લક્ષણ છે; પણ તેની સિદ્ધિ કોઈના હાથમાં નથી. અને મળે તો યે મહત્તા વિનાની, સુખ વિનાની એ મોટાઈ તે દીપકનો પ્રકાશ છે; તે આત્માને આકર્ષે યે ખરી, તેમ તેને બાળીને ભસ્મ પણ કરી મૂકે.

તે જ પ્રમાણે પૈસાની-ધનની પ્રાપ્તિનો આધાર પણ ગુણ પર નથી, સંસ્કાર પર નથી, મહત્તા ઉપર નથી—માત્ર અણધાર્યા પ્રસંગો પર છે. ઘણા મહાનો નિર્ધન છે; ઘણાં યે ધાનકોને ધન કેમ મળ્યું તે સમજાતું નથી. ધન મનુષ્યને મહાન નથી બનાવી શકતું. જેનામાં સંકલ્પબળ હોય, કાર્યદક્ષતા હોય, જ્ઞાન હોય, આદર્શ હોય તે જ મહાન છે—પછી તેને લક્ષ્મી વરી હોય કે નહિ.

કેળવણીનો સાચો ને અગત્યનો મુદ્દો તો થોડાં અંતિમ મૂલ્યો મેળવવાનો છે. જીવનમાં આપણે કેટલીક વસ્તુઓ સાધન તરીકે મેળવીએ છીએ. પૈસો, વિદ્વત્તા, કાર્યદક્ષતા વગેરે મેળવીએ તે કોઈ બીજો હેતુ સાધવા માટે. પણ સંસ્કાર, રસિકતા ને ભાવના એ કેવળ એવાં 'સાધન' નથી; એ તો અંતિમ મૂલ્યો છે.

શાકુંતલ અને શેલી તમે શીખો છો એ રસિકતા કેળવવા માટે; એમાં રહેલી સરસતા તમારાં જીવનમાં ઉતારવા માટે. કાવ્યોનો અભ્યાસ, પ્રેમ, સૌંદર્યસેવા, ભાવનાશીલતા એ પાસ થવા માટે નથી, જીવનને દિવ્યતા આપવા માટે છે. ગરીબ કે તવંગર, સશક્ત કે રોગિષ્ટ, દુઃખી કે સુખી બધાને માટે એ અણમોલી પૂંજી છે. એનાથી જ માણસમાં ગૌરવ આવે છે.

આ વસ્તુ આજના ગ્રૅડ્યુએટોએ ખાસ યાદ રાખવા જેવી છે. પૈસો મળે કે નહિ, મોટાઈ અને પ્રતિષ્ઠા મળે કે નહિ, એ આપણા હાથની વાત નથી. પણ અંતિમ મૂલ્યોની સેવા તો કોઈ પણ સ્થિતિમાં, કોઈ પણ વિપત્તિમાં જીવનસાફલ્ય સાધી શકે છે. કૉલેજના જીવનમાં એવાં થોડાં કોઈ મૂલ્યો અપનાવી લેજો, કોઈ એકએવી ભાવના તમારીકરીલેજોજેજીવનભરઉપયોગીથાય.

અને પછી જિંદગીમાં બીજી ગમે તે વસ્તુ માટે જીવન જોડે સમાધાન સાધજો, પણ જીવનનાં મૂલ્યોના વિષયમાં તો મક્કમ જ રહેજો. એ ન મળે તો પ્રાણ છોડવા તત્પર રહેજો.

એવું એક અંતિમ મૂલ્ય રાષ્ટ્રીયતા છે. ન્યાત પછી, જાત પછી, પણ દેશ પહેલો, એ સંકલ્પે પશ્ચિમને આજે જગતનું સ્વામી બનાવી મૂક્યું છે. ગુજરાતની અસ્મિતા એ મારા જીવનસિદ્ધાંતોનું એક અનિવાર્ય અંગ છે. પણ એ મારો આગ્રહ, એ મારી ગુજરાતીતા રાષ્ટ્રીયતાથી જુદી નથી, તેનું અંગ છે. હું તમને સૌને રાષ્ટ્રમય થવાનું કહું છું. ગુજરાતના સંસ્કાર, ભાવના ને અસ્મિતા ટકાવી તેના પર તમારી રાષ્ટ્રભક્તિનો પાયો ચણજો.

કનૈયાલાલ મુનશી

(આજથી પચ્ચીસ વરસ પર શામળદાસ કૉલેજના રજતોત્સવ પ્રસંગે આપેલી શીખ)

નટ નાટક

શ્રી ચન્દ્રવદન મહેતાની રંગ-ગઠરિયાં

તમે પરદેશ ગયા છો? ગયા તો હશો જ; અને ન ગયા હો તો ન જતા. પૈસાને કારણે નહિ, પણ જતાં પહેલાં બીજી અનેક વિધિ એવી કરવાની હોય છે કે જેમાંથી પસાર થતાં ભલભલાની છાતી તૂટી જાય. એ કારણોને લઇને ન જતા. તમે કહેશો કે દરરોજ વહાણ, હવાઈ જહાજ મારફત સેંકડો લોકો જાય છે તો ખરા, તેનું કેમ? તો એ લોકોની છાતી મજબૂત, બીજું શું? મારી છાતી તો લગભગ તૂટી જ ગઈ હતી. પરદેશ જવાને પાસપોર્ટ જોઈએ. આ કંઈ નિશાળનો નિબંધ લખું છું એમ ન માનશો. હવે આ પાસપોર્ટ એક પ્રથા છે, રિવાજ છે, કાયદો છે, એક રજાચિઠ્ઠી છે, છટક-બારી છે, ગૂંચવાડો છે, ધક્કા-ફેરા છે, ટૂંકમાં એક ભેજાદુખણ તકલીફ છે. અથવા તો અનેક તકલીફોનો ઘટાટોપ છે. જેણે આ પાસપોર્ટનો નુસ્ખો શોધ્યો એના ભેજાને ધન્ય છે.

વાસ્કો દ ગામા, ફ્રાન્સિસ ડ્રેઈક યા સર ટૉમસ રો કયા પાસપોર્ટ લઇને અહીં આવ્યા હતા? અને જાવા સુમાત્રા લંકા વેપાર કરવા કંઈક વેપારીઓ આપણે ત્યાંથી ગયા હતા તે કયા પાસપોર્ટ લઇને ગયા હતા? હ્યુએન સંગ કે તાજેતરમાં લદાખમાં ચીન ભાઇઓ 'ભાઇ ભાઈ' કરતા પહોંચી ગયા તે કયા પાસપોર્ટ લઇને દાખલ થયા હતા વારુ? એકાદ બંદરગાહમાંથી તમે બહાર જાઓ અને બીજા બંદરબારામાં પ્રવેશો, એ માટે હવે પાસપોર્ટ જોઇએ. પછી તમારાં છબાં જોઇએ-એક છબી નહિ, ડઝનબંધ અને અમુક જ ઢબકદની. પછી, એ તમારી જ છબી છે એ માટે સરકારી ઓહ્દેદારના એ પર સહીસિક્કા જોઇએ. (અરે, પણ આ તો જાણીતી વાતો છે. છેસ્તો.) પછી તમારી મૂડી, બૅંક-ઍકાઉન્ટ, પરદેશમાં રખડી પડો તો ભરણપોષણ કરી શકે એવી કોઈ પૈસાદાર વ્યક્તિની ખાતરી—જામીન જોઇએ તમે પૈસાદાર હો તો તમારી આવક ઉપરનો વેરો તમે ભર્યો છે કે નહિ એનું પ્રમાણપત્ર જોઇએ. જવાના હો તે જ મહિનામાં એ કઢાવેલું હોવું જોઇએ,-બે પાંચ મહિના આગળનું ન ચાલે. જે જે દેશમાં જવાના હો એના કૉન્સલ સાહેબોના સહીદસ્કત, ત્યાં દર ઠેકાણે જુદીજુદી રકમો ભરી મેળવવાની 'વિસા' એટલે કે એ પ્રદેશમાં દાખલ થવાની રજા. ઉપરાંત આપીકા શરીરમાં 'ઈન્જેકશનો'ની સોય કોચાવવાની તે જુદી. એ તો જેવા દેશે જવું, તેના આધારે સોયની કોચણી. ટાઈફૉઈડ, કૉલેરા, પ્લેગ, શીતળા, યલો ફીવર એટલે કે પીળીઓ તાવ... પૂછો જ મા. આપણા આયુર્વેદમાં ચોસઠ પ્રકારના તાવ પ્રમાણ્યા છે. એટલે જતે કાળે ચોસઠ તાવીઆં ઈન્જેકશનોની ચોસઠ સોયોનો વેપલો ચાલે તો નવાઈ નહિ. આટઆટલી તબિયતની તકેદારી રાખવા છતાં, કમબખ્ત 'હાર્ટ' એકાએક ક્યાંક બંધ પડી જ જાય છે. એ હાર્ટને ફ઼ેઈલ થતું અટકાવવા અગાઉથી આપવાનું ઇન્જેકશન હજી શોધાયું નથી, પણ શોધાશે. અને પછી તો જેટલા રોગ એટલી સોય ભોંકાશે. આ ઉપરાંત તમે શા માટે જાઓ છો, પૈસા કેટલા લઈ જવાના છો, ઓછા આપવામાં આવે તો ત્યાં શી વ્યવસ્થા કરવાના છો વગેરે બધા ખુલાસા તમારે કરવાના રહે. અલબત્ત, આ બધું છતાં, ઊપડનારા તો ચોવીસ કલાકમાં યે ઊપડી જાય છે. પાસપોર્ટ મેળવી આપનારી, ટિકિટ વગેરેની વ્યવસ્થા કરનારી કંઈક સંસ્થાઓ બધી ગડભાંજ ઝપાટાબંધ કરી આપે છે. એવાઓની છાતીને ખરેખર ધન્ય છે, એટલું જ આપણે તો કહી શકીએ.

હજી તો આ પાસપોર્ટની પ્રથાની શરૂઆત છે. ઈ. ૧૯૦૦ પછી પાસપોર્ટ શરૂ થયા એમ લાગે છે. આ પોતે જ એક સુંદર લેખનો વિ-

અને નાટકશાળા

૨ · રોમ


થય છે. પહેલો પાસપોર્ટ ક્યારે અને કોનો નોંધાયો? ૧૮૮૫માં ભારતથી નાટક કરવા બ્રહ્મદેશ ગએલી બાલીવાળાની નાટક મંડળીને ત્યાંના થીબો રાજાએ ખુશ થઈ એક નાનકડી સ્ટીમરમાં રંગૂનથી લંડન (ત્યાં નાટક કરવા) ચડાવી દીધી ત્યારે ત્યાં રંગૂનમાં વીસા, પાસપોર્ટ ને ફોટોની લમણાંઝીક કોણે કરી? એ બધા ગયા તો ગયા, પણ સુખરૂપ, વિના હરકતે, વિના ઇંજેકશને, પહોંચી પાછા ફરતાં જુદેજુદે દેશ ઊતર્યા. કોઈ કહે છે કે લગભગ ૧૯૧૦ સુધી પાસપોર્ટ નહોતો. આ ફક્ત અરધી સદીમાં પાસપોર્ટના અજગરે જે ચૂડ ઘાલી છે એ જોતાં સદી પૂરી થતાં તો એ ઑક્ટોપસ માફક ફાલશે અને એવો તો ભરડો વધારશે કે પરિસ્થિતિ કલ્પનામાં આવી શકતી નથી: હું કલ્પના દોડાવું તો કોઈ વળી મારી ટીકા કરશે. પણ જ્યારે હું મૅડ્રિડમાં હતો ત્યારે એક જાણીતા અંગ્રેજ લેખક રૂપર્ટ ક્રૉફ્ટ-કૂકે 'ડૉન કિહોટેની શોધમાં' એ નામનું પુસ્તક પ્રગટ કરેલું. એ લેખક ભારત પણ આવેલા, અને મારો એની સાથે મેળાપ પણ થએલો. એના મગજમાં એક એવો તુક્કો આવ્યો કે ડૉન પોતાને ગામથી જ્યાં જ્યાં સાહસોની શોધમાં રખડયો-ભટકયો, એ જ રસ્તે જાતે ભમવું, અને સર્વાન્ટિસ જેલમાંથી છૂટી પોતાને માદરે વતન સ્પેન ગયા, તે જ રસ્તે એટલે કે ટૅંગીઅરથી કેડીઝથી સ્પેનમાં દાખલ થવું. આ બનાવ બન્યો તાજેતરમાં, અને એ માટે પાસપોર્ટથી માંડી અનેક વિધિની એને જે ખમવી પડી છે, એનો ચિતાર આપતાં, પોતે પ્રગટ કરેલા પુસ્તકમાં આ પ્રથાની ઝંઝટ. કઈ હદે પહોંચશે એનો ખયાલ આપતાં એ લખે છે કે ફોટો, સહીસિક્કા તેમજ ઈંજેકશનો તો સમજ્યા, પરંતુ જતે કાળે ચશ્માંનો નંબર તપાસાશે; નંબર વધારે હોય અને તમે ઓછું જુઓ ને ક્યાંક ઠોકર ખાઈ જાઓ, માટે તમને પાસપાર્ટ નહિ મળે. યા દાંતનું ચોકઠું બરાબર ન હોય, યા બીજી જોડ સાથે ન રાખવામાં આવે, અને એક ભાંગી જાય કે ખોવાઈ જાય, એથી તે દેશનું મસાલેદાર સ્વાદિષ્ટ ખાવાનું બરાબર ખાઇ ન શકાય માટે પાસપોર્ટ ન મળે; યા અમુક પ્રકારની છીંક માટે તકેદારીનું સર્ટિફિકેટ, ઠાંસા માટે, નખના વધારા માટે, માથામાં જૂ ન થાય એ માટે એવાં એવાં કંઈક સર્ટિફિકેટો નીકળશે. આંતરરાષ્ટ્રીય પાસપોર્ટ નિષ્ણાતોની દર સાલ કૉન્ફરન્સો થશે, એમાં જાતજાતની નવી નવી કલમો ઉમેરાતી રહેશે, અને એ આખો વેપલો સો સાલ બાદ કેટલો વધી ક્યાં અટકશે એ કોણ કહી શકે?

ત્યારે? ઊપડયા: અલ-ઈટાલીઆમાં,–ઍર લાઇન્સ ઈટાલીઆમાં. 'કેમ ભાઇ, દેશી લાઇન ઍર ઇન્ડિયા કેમ નહિ?' એમ પૂછવાનું કોઇને મન થશે. પણ દુનિયા ઘૂમવી હોય તો બધે જ દેશી લાઈન નથી મળતી, ને ધારેલે સમયે પહોંચાતું પણ નથી. સમય આવ્યે એક ટૂકડો દેશી લાઈનનો પણ લઈશું. ને હવેના આ આંતરરાષ્ટ્રીય જમાનામાં દેશી-પરદેશી જેવું રહ્યું છે જ શું? આજે દેશી વસ્તુઓ બનાવવા માટે પણ પરદેશી સાધનોની જરૂર પડી છે. મશીનરી વિના મશીનરી ન બને; વળી એ મશીનરી લાવવાને મશીનરી, એ મશીનરીની મરામત કરવાને–એ ચકાસવાને પણ મશીનરી. એમ જાપાન, ઇંગ્લંડ, જર્મની, ફ્રાન્સ, સ્વીડન, ચેકોસ્લોવાકિયા, રશિયા, અમેરિકા ક્યાંકયાંથી સંચાસામગ્રી લાવી લાદી છે, વળી સાથે સાથે આપણો લોહીમાંસનો ચરખો પણ હવે તો દેશી મટી થોડોઘણો પરદેશી થવા માંડયો છે.



રોમની જ ગોદમાં આશરે ૧૧૦ એકર વિસ્તારમાં વસેલું વૅટિકન સિટી વડા ધર્મગુરુ પોપની રાજ્યસત્તા અને ધર્મસત્તાનું કેન્દ્ર છે. ત્યાં આવેલું દુનિયાનું મોટામાં મોટું દેવળ સેન્ટ પીટર્સ જગતના નામાંકિત કલાકારોનાં જે ભીંતચિત્રો અને શિલ્પો ધરાવે છે તેમાં માઇકેલ ઍન્જેલો અને રફાએલની કૃતિઓ બેનમૂન કલારત્નો ગણાય છે. તેના મધ્યબિન્દુ સમા સિસ્ટાઇન ચૅપલની છત ને ભીંત માઇકેલ ઍન્જેલોની અમર કૃતિઓથી ઠાંસોઠાંસ ભરેલી છે. ઉપલા ચિત્રમાં સામે આખી ભીંત ભરીને તેનું ખ્યાતનામ ચિત્ર 'ધ લાસ્ટ જજમેન્ટ' આવેલું છે, અને છત ઉપર બાઈબલની કથાઓના પ્રસંગોને પાત્રો વિવિધ તકતીઓમાં ચીતરેલાં છે, જેનો આલેખ આ પછીના પાના પર છે.

બહારની કાયાને રૅયૉન-નાઇલોનથી શણગારીએ છીએ, તેમ માંહ્યલા કોઠામાં કૅનૅડીઅન કે અમેરિકન ઘઉં, યા રશિયન કે બરમીઝ ચોખા ભરી નિભાવીએ છીએ. યુનાઇટેડ સ્ટેટ્સની દૂધ-ભૂકીનાં ચા અને આઈસક્રીમ તો પીધાખાધા જ કરીએ છીએ. આમ આપણું લોહી



પાછલા પાના ઉપર જણાવ્યા પ્રમાણે રોમમાં વૅટિકન સિ-ટીમાં આવેલા સેન્ટ પીટર્સ દેવળના સિસ્ટાઇન ચૅપલ-ની છત ઉપર માઇકેલ ઍન્જેલોએ વિવિધ તકતીઓ પાડીને બાઈબલના જે કથા-પ્રસંગો ચીતર્યા છે તેનો આ અરધો ભાગ, ભીંત પરના 'લાસ્ટ જજમેન્ટ' ચિત્રના બરોબર મથાળેથી શરૂ થાય છે. આ આલેખમાં છેક નીચે બે કમાનો જ્યાં મળે છે તેના ગાળામાં આવેલું 'જોનાહ'નું ચિત્ર, પાછલા પાનામાં, ભીંત પરના ચિત્રના મથાળે જ કેન્દ્રમાં જણાશે. એ જ 'જોનાહ'નું ચિત્ર મોટું કરીને આ પછીના પાના પર આપ્યું છે, જે પરથી માઇકેલ ઍન્જેલોની પીછીના સામર્થ્ય-ની કાંઇક ઝાંખી થશે. એ જોનાહના કથાપ્રસંગનાં ચિત્રો પશ્ચિમના વિવિધ કલા-કારોએ પોતપોતાની શૈલી-માં બહલાવીને ચીતર્યાં છે, જે પૈકીનું એક વૂડકટ આ અંકના પૂઠા ઉપર આપ્યું છે, ને તેની કથા ટૂંકમાં અન્યત્ર આ અંકમાં જ આપી છે.

પણ આંતરરાષ્ટ્રીય થવા બેઠું છે.

અને સંસારવ્યવહાર ચાલે છે મૂળ તો લક્ષ્મીથી. એ દોલત પણ આપણે ભલભલા દેશ પાસે માગી એકઠી કરવા માંડી છે. ગઈ કાલે ઈમ્ફાલ ઉપર ચડાઇ કરનારા જાપાની, યા પરમ દિવસે એમડન લઇને મુંબાઈના બારા આસપાસ ઘૂમનારા જર્મનો પાસેથી પણ લોનો લેવા-માં હવે હરકત નડતી નથી. બીજે પક્ષે આપણાં તાડછાં-છોતરાંનાં સાદડી-પાથરણાંથી માંડી રમકડાં-રબર ને કેરી-રસગુલ્લાં, એવીએવી વિવિધ વસ્તુઓ પરદેશીઓ ખરીદે-આરોગે છે. એમ આંતરરાષ્ટ્રીય વપરાશમાં ભારે પલટો આવ્યો છે.

વિચાર કરવા બેસીએ તો આવી કલ્પનાને લંબાવવા જતાં ક્યાંયે છેડો નહિ આવે. બટાકા મૂળ કઈ ભૂમિના? કહે છે કે વૉલ્ટર રૅલે લાવ્યો. ૧૯૧૦ની આસપાસ ટમાટા તરફ આપણી પ્રજાને સૂગ હતી; એક તો પરદેશી છોડ, અને બીજું એનો માંસલ રંગ. હવે એ ટમાટો કાંદા જોડે ભળ્યો, બટાકા સાથે મળ્યો, દાળમાં ગળ્યો, કચુંબરમાં મસળાયો, અને લોહી સુધારવા વિટામિન વધારવા એકલો કાચો ને કાચો પણ ખવાયો. આમ્રફળ કહેતાં કેરી, એના ગોટલા ગયા અમે-રિકામાં. દવાદારૂ માટે કંઈક છોડ અહીંથી ઉખેડાયા અને પરદેશમાં ઉગાડાયા. એમાંનાં ફળરસાદિમાંથી નિપજેલી રાસાયનિક ગોળીઓ

અહીં હોંશભેર ગળવામાં આવી. લંકા આજે પરદેશ, પણ બ્રિટિશ રાજ્યમાં હતો સ્વદેશ. એ લંકાથી કેટલી લાડીઓ આપણા ધોધાના વરરાજા એક કાળે પરણી લાવેલા એનો કોણ હિસાબ કાઢે? રાવણ હિમાલય તરફ જઈ હેમા અપ્સરાની પુત્રી મંદોદરી પરણી લાવ્યો હતો અને દશરથ મહારાજા મધ્ય એશિયામાંથી રાજકુંવરી કૈકેયીને પરણી લાવ્યા હતા. અશોક લાવ્યો ગ્રીક કન્યા, તો અકબર બાદશાહ પરણ્યા પોર્ચુગીઝ કન્યા મેરીને. આવા લગ્ને, જન્મે, કર્મે, ધર્મે, ખાધે-પીધે, પહેરવે-ઓઢવે આંતરરાષ્ટ્રીય આપલેનો પાર આવે એમ નથી.

એટલે, ઍર લાઈન્સ ઈટાલીઆ, 'અલ-ઈટાલીઆ'માં નીકળ્યા. સગવડ ભરેલો સમય: રાતે નવે બેઠા કે અગિયારે કરાચી, ને ત્યાંથી નિંદરમાં પરોવાયા કે સવારે નવે રોમ. ગમ્મત એવી કે નવ તો રોમ-ના, બાકી હવામાં ભારતના સમય પ્રમાણે તો બપોરનો એક; એટલે ચા-નાસ્તા પછી બપોરનું ખાણું ઉપર (છેક ઉપર નહિ!) ખાધું; ને નીચે ઊતરી શહેરમાં પહોંચતાં ફરીથી ખાણાનો સમય થતાં, બીજી વાર હોટેલમાં પણ લંચ મળ્યું. જમાનો તો એવો આગળ વધ્યો છે કે જે દિવસે તમે ભોજન (લંચ) લેશો તે જ દિવસે પાછું તેની આગલી રાતનું ખાણું ખાશો! એટલે કે આઠમી તારીખે તમે જમો, અને ત્યાર પછી જ્યાં ઊતરો ત્યાંની સાતમી તારીખની રાતે વાળુ કરવા બેસશો!

સવારે નાસ્તામાં નારંગી ખાવામાં મજા પડી હતી, એવી જ નારંગી બપોરે લંચમાં મળી. નારંગી, ઑરેંજ. તેનું અસલી અસ્પેનિયા નામ તો નારંગાડા–નારંગા; આપણે નાની સમજી નારંગી બનાવી દીધી. એ ફળમાં અહીં બીજ નહિ! સ્વાદિષ્ટ, સિરેહદાર, ખુશ્બોદાર, લિજ્જતદાર, તાળવે સ્વાદ ચોંટી જાય એવી. એક સાથીદારે કહ્યું કે કેરીમાંથી પણ ગોટલો ધીમે ધીમે નાનો કરી, એને આખો ઉડાડી મૂકવાના અખતરા અમેરિકામાં ચાલુ થઈ ગયા છે ને જતે દિવસે કેરી ગોટલા વિનાની મળે તો નવાઈ નહિ.

જૂનું પણ જીવતું શહેર જોવું હોય તો આ રોમ. રોમનોની કારકિર્દી કોણ નહિ જાણતુ હોય? લોક, સંસ્થા, વિચાર, વર્તન, અયેશઆરામ, મોજશોખ, નાચરંગ, સાહિત્ય, ફિલસૂફી, યુદ્ધો, જીતો, મજલો, કૂચકદમો, સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર,—ગણ્યા ગણાય નહિ એટલા વિષયોમા એમનો સાંસ્કૃતિક ફાળો; ને એમણે પાડેલા કેટલાક રસમરિવાજો આજે પણ ઠામઠેકાણે પળાય એવો એમનો જાુનવાણી સક્કો.

પશ્ચિમના દેશોની આખી સંસ્કૃતિનું મૂળ અહીં. ૨૭૦૦ વર્ષના લાંબા પટના સારાનરસા ઇતિહાસની આ ભોમકા. ન્યાયની તુલા અહીં ઘડાઈ. કલાના સિદ્ધાંતો અહીં મ્હોર્યાં. એક મોટા ધર્મના પંથની વડવાઇઓ અહીં થકી પથરાઇ. અહીં સ્થપાએલા એક જબરદસ્ત સામ્રાજ્યે પૃથ્વીના ચોમેરના વિશાળ પટ ઉપર પોતાની રાજ્યસત્તાની આણ ફરકાવી. વિજયને વરીને વિજેતાઓ રાજ્યધાનીમાં મગરૂરીથી પાછા ફરતા ત્યારે સાથે લાવેલાં હારેલાં રાજા–રાણીઓને સાંકળે બાંધી રાજપથ ઉપર ફેરવતા. લૂટી લાવેલી દોલત, ઊંચકી લાવેલી કલાની બેનમૂન કૃતિઓ ને સોનારૂપાની રત્નજડિત વસ્તુઓથી પોતાના રાજ્યપાસાદો ભરતા. દેશદેશાવરથી પકડી લાવેલા ગુલામો પાસે એ રાતદિવસ કામ લેતા.

બિસ્યાર ધનદોલત સાથે બેશુમાર અયેશઆરામ પ્રવેશ્યો. લક્ષ્મી ને સત્તાના પ્રતાપે લાંચરૂશ્વતનો રોગ પેંઠો પડ્યો. સીઝરોની આપખુદીએ પ્રજાસત્તાક રાજ્યના ધ્યેયને વણસાડી ફગાવી દીધું. લોકહૈયાની ભાવના કચડાવા માંડી. પૂર્વના દેશોમાં કરેલા વિજયને અંગે, ત્યાંથી શરૂ થએલા નવા ધર્મે રોમમાં જડ નાખી. એમાં ગરીબ લોકને શ્રદ્ધા ઠેરવવાનું ઠામ મળ્યું, એમની આસ્થા વધવા માંડી, ધર્મ પાંગરવા માંડ્યો. ત્યાં તો નાદીરખાનનો પુરોગામી, મદમસ્ત, છાકગ્રસ્ત શૂન્ય હૃદયનો, ભયંકર, જગમશહૂર નરરાક્ષસ નીરો પાક્યો. સાંજને ટાણે મશાલ બાળવા, રોજ એકેકા જીવતા માણસને પકડી, એને જકડીબાંધી, એને સળગાવી, રોશની ફેલાવવાના કામમાં ઉપયોગ થતો! અને એમ જ એક વખત આખા રોમને બાળવામાં એનું મનરંજન થયું. પરિણામે? પરિણામે આખરે અતરમાં અજવાળાં જોનારાઓએ જેહાદ પોકારી. એ લોકોએ સીતમગારોનો હસતે મોંએ પારાવારનો જાુલ્મ સહ્યો, ભયંકર વેદના વેઠી અનેક મૃત્યુને શરણ થયા. કંઇકને જીવતા પણ બાળ્યા પરંતુ એમના જાગ્રત અંતરાત્માને આગની આંચ સરખી ન અડી. ત્રણસો વર્ષ આવો દાવાનળ ચાલ્યો. ત્યાર બાદ શાહાનશાહ કૉન્સ્ટેન્ટાઇને ઈશુનો ધર્મ સ્વીકાર્યો. પછી તો બાદશાહ અને ધર્મગુરુ વચ્ચે જે હુંસાતુસી ચાલી છે, એવી ઇતિહાસને ચોપડે બીજી નથી આલેખાઈ. કંઇક મશહૂર બાદશાહો થયા, અને સૈકાઓ સુધી એ બાદશાહો અને ધર્મગુરુઓ વચ્ચે ખૂનખાર જંગ ખેલાયા. કાવાદાવા, છળકપટ, દાવપેચ, ધર્માંધતા, નાસ્તિકવાદ, વેરઝનૂન એવાં છલક્યાં કે દેવળો લૂંટાયાં, એનો નાશ કરવામાં આવ્યો; ધર્મગુરુઓ રાજા થયા, રાજાઓ ધર્મગુરુ થયા; ધર્મગુરુઓએ મદ-મોહ-માયા મમતા સામે નહિ પણ ફોજી હુમલાઓ સામે સંરક્ષણાર્થે કિલ્લાઓ બાંધવા માંડ્યા; એમાં ખુદ ધર્મગુરુઓનાં ખૂન થયાં, કંઈકને નાસવું પડ્યું; ધર્મમાંથી પંથ, પંથમાંથી સંપ્રદાય, સંપ્રદાયમાંથી મતમતાંતર, એમ ફાંટાઓ પડવા માંડ્યા; એક કાળે લાખોની વસતિવાળા શહેરમાં કૂતરાં રખડવા લાગ્યાં ને ગાયો ઘાસ ચરવા માંડી. પછી ચાલ્યો રોગચાળો. દુકાળે કેર વર્તાવ્યો. માંડમાંડ વસતિ ટકી રહી. ફરી ધર્મગુરુઓ સત્તા પર આવ્યા, પોપે ગાદી જમાવી. એણે મહેલો બાંધ્યા, રફાએલ, માઇકેલ ઍન્જેલો ને સેલિની જેવા અતિકુશળ કલાકારોએ ફરી શહેરને રોનક ને સૌન્દર્ય બક્ષ્યાં. ત્યાં ફરી નેપોલિયને છાપો મારી, છઠ્ઠા પોપને કેદ કરી, કલાકૃતિઓ ઉઠાવી લઈ જઈ પારીસમાં ભરી. ૧૮૭૦માં વિક્ટર ઇમૅન્યુએલે ફરી રંગ ચડાવ્યો, અને રાજવીઓની આવનજાવન તથા ગાદી પરની ચડઊતરના ઝંઝાવાત પછી મુસૉલિનીના કાળ બાદ રોમમાં સત્તાવીસસો વર્ષે ફરી પ્રજાસત્તાક સ્થપાયું.

એ આ રોમ. પણ ક્યું રોમ? અહીં તો બે રોમ છે. એક સરકારી પ્રજાસતાક; બીજું નાનકડું પણ વગવસીલાવાળું મોભાદાર પોપનું વૅટિકન સિટી. રોમની જ ગોદમાં વસેલા સ્વસ્થ અને નાનકડા એ વૅટિકન સિટીના ખોળામાં છે દેશદેશાવરની ધર્મસંસ્થાઓ. બંને રોમના વહીવટ જાુદા, વાવટા જાુદા; ટપાલ ટિકિટો, છાપાં, મુલ્કી અને પોલીસ અફસરો, રેડિયો મથકો જાુદાં. એક જ શહેરમાં એક રોમ રાજ્યનો વહીવટ, બીજો વૅટિકન સિટીનો વહીવટ. વૅટિકનનો આશરે ૧૧૦ એકર જમીનનો વિસ્તાર, તેમાં હજારેકની વસતિ. ત્યાં કૅથૉલિક ધર્મના વડાગુરુ પોપ રહે. દુનિયાભરના રાજ્યસત્તાઓના (અનુ૦ પૃ. ૬૧મે)

પાછલા પાના પર જેની વિગતવાર
સમજ આપી છે તે, સેન્ટ પીટર્સના દેવળમાં સિસ્ટાઈન ચૅપલની છત ઉપર કલાકાર માઈકેલ ઍન્જેલોએ ભરચક્ક આલેખેલા બાઈબલના કથાપ્રસગો પૈકી 'જોનાહને ગળી જતા મત્સ્ય'નું ચિત્ર





થડ ને ડાળપાંખડાં

લેખક
'સ્નેહરશ્મિ'

તેના પગ ઝડપથી ઊપડતા હતા, પણ એનું મન એથી અનેકગણા વેગથી અસ્વસ્થ બની રહ્યું હતું.

પડોશણને ત્યાં ફેરિયો આવ્યો હતો, તેની પાસેથી ચોળી માટે પડોશણે બે કકડા પસંદ કર્યા હતા તેની કિંમત ઠેરવવા ને એ પસંદગી બરોબર છે કે કેમ તે અંગે પોતાનાં સલાહસૂચન આપવા પત્ની ત્રણ વાગ્યાની પડોશણને ત્યાં ગઇ હતી. બંને પુત્રવધૂ ચારના શોમાં સિનેમા જોવા ગઈ હતી, ને તેમણે પોતા માટે એકલા દૂધની એકેક કપ ચા કરી લીધી હતી. રામાએ 'બાપુજી માટે પણ ભેગાભેગા એક કપ કરી લેવાનું' સૂચવતાં જેઠાણી બોલી, 'બાપુજીને શી ઉતાવળ છે? આજ જરા મોડી ચા પીશે એમાં શું બગડી જવાનું છે? સાડાપાંચ છ વાગ્યે તાજું દૂધ આપી જાય છે—' ને દેરાણીએ ઉમેર્યું, 'આટલા દૂધમાંથી ત્રણ કપ થોડા જ થઈ શકે? એ તો અમે છીએ તે એકેક કપથી ને વાસી દૂધથી ચલાવી લઇએ છીએ...' પાસેના જ ઓરડામાંથી એ વાર્તાલાપ પોતે સાંભળી રહ્યો હતો. તે મનમાં બોલ્યો, 'હા બેટા, તમે ઘણો મોટો ત્યાગ કરો છો.'

સામાન્યરીતે સાડા ત્રણે ચા પીવાની એને ટેવ હતી. ઑફિસમાં તો કૅન્ટીનમાંથી ચા આવતી હોઈ સમય જળવાતો, પણ રજાને દિવસે... આ કંઈ પહેલી જ વાર આવું બન્યું ન હતું. ગયે રવિવારે વચલી દીકરીની કોઇ બહેનપણીઓ મળવા આવી હતી તેમને માટે-ની ચામાં મોટા ભાગનું દૂધ વપરાઈ ગયું હતું ને નવી આવેલી દોહિત્રી માટે ઝભલાં-ટોપીનું કાપડ ખરીદવા પત્નીને જવું હતું એટલે જે થોડુંક દૂધ વધ્યું હતું તે કૉફી માટે તેણે વાપરી લીધું હતું. જોકે કૉફી માટે એ પૂરતું તો ન હતું, પણ તેણે 'નભાવી લીધું' હતું. થોડુંક તે બબડી પણ ખરી. પોતે કેવી કરકસરથી ઘર ચલાવે છે એની કદર કરવાને બદલે... હા; ઘરમાં બધાં જ નાનોમોટો ત્યાગ કરતાં હતાં—એક પોતે જ એ સૌમાં અપવાદરૂપ હતો. સાચી વાત છે. ઘરડા માણસને બધાં નભાવી લેતાં હતાં તે કંઈ ઓછું હતું?...

આ લાગલાગટ ચોથો રવિવાર હતો જ્યારે છ વાગ્યા સુધી એને ચા મળી ન હતી, અને એમાં કોઇને કશું અજુગતું લાગતું ન હતું. આજ એ અંગે કંઈક કહેવાનો એને વિચાર થયો; ને જ્યારે પત્ની આવી ત્યારે એણે શરૂઆત કરી ન કરી ત્યાં તો તે ભભૂકી ઊઠી: 'તે તમારે રજા છે તે અમારે ય રજા છે એમ? અમને કોણ રજા આપે છે? કામ કરીકરીને હું મરી જાઉં તેનું અહીં કોણ જોનાર છે? અને આજ છોકરાં બીચારાં સિનેમા જોવા ગયાં ને થોડા દૂધની ચા પીને ગયાં તે પણ... ઓ ભગવાન! મારે કેટલું વેઠવું!' ને એમ બોલતાં આંખ-માં પાણી લાવતી ધમપછાડા કરતી રસોડા બાજુ તે ગઇ ને રામાને તેણે સાદ પાડ્યો: 'ક્યાં મૂઓ?! આખો વખત બીડી ફૂંકફૂંક કરે છે' (જોકે રામાને બીડીની ટેવ ન હતી) '—તેના કરતાં તારા શેઠનો જીવ ભભડે છે તો જરા બજારમાંથી પાશેર દૂધ...'

'પણ બાઈસાહેબ, ગયા રવિવારે મેં એમ જ કરેલું, ને તમે મને...'

'તે ગયે રવિવારે કંઇક પણ હશે તે વઢી હઈશ. ઓ ભગવાન! નોકર લાવ્યા તે ય આવો ગમાર—ને પાછા કહે છે કે નોકર બહુ સારો છે! સારો જ હોય ને? પોતાની બધી સગવડ-અગવડ સાચવ્યા કરે.'

શી હતી એની સગવડ-અગવડ? સવારે ઊઠી દાતણ કરવા માટેનું પાણી એ નળનું વાપરતો. નહાવા માટે પણ નળનું જ પાણી વાપરતો, કારણ કે ગરમ પાણી માટે બધાં પડાપડી કરતાં ને કોઈ વખત એણે પોતે નહાવાનું પાણી કાઢ્યું હોય તો એકાદ દીકરો, દીકરી, દીકરાની વહુ, કે છેવટે આઠ વર્ષની પૌત્રી પણ 'બાપુજી, મારે જરા ઉતાવળ છે, તમે પછી ના'જોને—' કહી તેની સમ્મતિ માટે પણ થોભ્યા વિના ડોલનો કબજો લઈ લેતી. ઘરમાં બધાંને જ કામ હતું; કામ વિનાનો નવરો એક એ જ હતો! અને એથી જ પોતાનાં બધાં જ કામ એ જાતે જ કરી લેતો. માત્ર રામાથી એ, વેઠાતું નહિ. પણ તેને ય તે પોતાનું એકે ય કામ—જોડાને પૉલિશ કરવાનું સુદ્ધાં—કરવા દેતો નહિ ને કોઇ વાર રામો એની મના અવગણી પૉલિશ કરવા બેસતો તો તરત જ રામાના નામની પોક પડી જ હોય ને અધૂરેથી મૂકી તેને જવું જ પડે!

આજ છ થઇ ગયા છતાં ચાનું કંઈ ઠેકાણું ન જોતાં એણે મોટી દીકરીને કહ્યું, 'બેટા, જરા ચા...'

તરત જ તે બોલી ઊઠી: 'બાપુજી, તમને તો આખો દહાડો ચા ચા ને ચા જ! પણ ગમે ત્યારે દૂધ દોહી લઈ ચા બનાવી શકાય એવી ભેસ તો તમે ઘરમાં નથી બંધાવીને? દૂધ આવશે એટલે...'

'હા, બેટા, મારી ભૂલ થઇ ગઇ...'

ત્યાં તો પત્નીનો અવાજ આવ્યો: 'એમ કહીને છૂટી પડતાં સારું આવડે છે.' ને પછી જાણે સદ્ભાવ દાખવતી હોય તેમ, 'દૂધવાળો હવે આવતો જ હશે. બેટા, તું પાણી મૂકી દે—તારા બાપુજી નહિ તો આખો વખત ગા ગા કરશે કે આજે ચા મળી નહિ...'

અને સવા છએ ખરેખર જ ચા પીધા વિના તે ઘરની બહાર નીકળ્યો. મોટો દીકરો એ જ વખતે ટેનિસ રમવા જતો હતો, તેણે કહ્યું, 'બાપુજી, આવા હલકા રૅકેટથી મારે ક્યાં સુધી ચલાવવાનું છે?' (પંદર દિવસ ઉપર જ સાઠ રૂપિયા ખરચી એ રૅકેટ નવું ખરીદાયું હતું) 'આવતે અઠવાડિયે ટૂર્નામેન્ટ છે, ને મારો ચાન્સ છે—પણ રૅકેટ...'

ને તે બોલ્યો, 'હા ભાઈ, આવા હલકા રૅકેટથી પણ તેં સારી...'

'ના, બાપુજી એમ ખોટાં વખાણ કરી આ વખતે તમે છટકી નહિ શકો. કાલે મારે દોઢસો રૂપિયા નવા સૂટ માટે અને સવાસો નવા રૅકેટ માટે જોઇશે.' ને એમ બોલતો સીટી વગાડતો, રૅકેટ હલાવતો ને ડોક પરનું મફલર ઠીક કરતો તે ચાલ્યો ગયો. એ વખતે પોતાના કુટુંબનું જે ચિત્ર તેના મન આગળ ઊપસી આવ્યું તેનાથી તે કંપી ઊઠ્યો.

એ કંપ તેના ઉતાવળથી ઊપડતા પગમાં ને તેની સકળ સંવેદના-

માં ફેલાઈ ગયો; ને એ સ્થિતિમાં તે તળાવ પર પહોંચ્યો. ઓવારા પરની બેઠકો ખાલી જ હતી. તે ત્યાં બેઠો. પવન મઝાનો હતો; જોકે દૂર આકાશ ધૂંધળું થયું હતું ને આંધી આવવાનાં ચિહ્નો જણાતાં હતાં. એવામાં ઓવારા પરના ઘેઘૂર આંબા પર તેની નજર પડી. મરવાથી તે લચી પડચો હતો ને હવામાં તેની ડાળીઓ ઝોલાં ખાતી હતી. તેની નજર થડ પર ગઈ ને ત્યાંથી તે ડાળીઓ તરફ વળી.

'અલી એ ! હવા તો જો, કેવી ખુશનુમા છે ! નાચવાનું મન થાય એવી નથી ?' એક ડાળી બોલી.

'મન તો ઘણું ય થાય છે, પણ...' બીજી ડાળ જરા લળી પહેલીના કાનમાં ગણગણી: 'પેલો થડલો ! કેવો આપણને અંકુશમાં...'

'હા. મારે તો ભરતનાટયમ્ શીખવા મદ્રાસ જવું હતું—પણ બાપુજીનો જીવ ! એટલે અહીં ઘેર માસ્તર રાખી શીખુ છું.' વચલી દીકરીનો નિઃશ્વાસ તેને કાને પડચો.

ત્યાં બીજી એક ડાળી હવામાં ઝોલાં ખાતાં થનગની ઊઠી: 'અલી, જો જો ! પેલી રજ કેવી આસમાને ચડી છે, ને એમાં સૂરજનાં કિરણો...'

'તું ગમે તેટલાં એનાં ગુણગાન કરને ! પેલા થડ ભગવાન તો જડ પથ્થરની જેમ...'

બધાં 'હૉલીડે ઑન આઈસ' જોવા જવાનાં હતાં. પત્નીના આગ્રહથી એને માટે પણ એક ટિકિટ ખરીદાઇ હતી. પણ વચલા દીકરાએ કહ્યું, 'એ તો મારી સાળી માટે મેં રાખી લીધી છે. પંદર રૂપિયાની ટિકિટનું નામ સાંભળતાં જ બાપુજીની તો ઊંઘ બગડી જશેને, આખો વખત શેમાં બેઠાબેઠા કચકચ કરતા રહે તે જુદું.' ને એ વાત સૌને ગળે ઊતરી. એને કોઇએ 'હૉલીડે ઑન આઈસ' જોવા આવવા કહ્યું નહિ.

ત્યાં તો હવામાં થનગન કરતાં પાંદડાં બડબડવા લાગ્યાં: 'થડ દાદા હવે ઘરડા થઈ ગયા છે. અમે કહીએ છીએ કે જરા ઊંચી નજર તો કરો ! એનાં ખખડધજ અંગને અમે કેવાં શોભાવીએ છીએ...'

'હાસ્તો વળી. અમારે જ લીધે તો આ ઘર ઊજળું છે. મહેમાનો આવે છે તે અમારાં મોં જોઇને;–બાકી એરંડિયું પીધું હોય એવું બાપુજીનું...' નાની પુત્રવધૂની નજરે થએલું પોતાનું ને પોતાના ઘરનું આમૂલ્યાંકન તેના મન સમક્ષ રમી રહ્યું.

મોટા છોકરાએ ટેનિસમાં નામ કાઢયું હતું એટલે મહિનામાં એના મિત્રો સાથેની એક બે જ્યાફત ઘરમાં હોય જ. વચેટ 'રમી'માં ઘણો આગળ વધી ગયો હતો,—જોકે હાલ તો એની રમતમાં દર મહિને એને દેવું ચૂકવવાનું આવતું હતું, પણ ત્રણ મહિના પછી રમીની એની આવકમાંથી આખું ઘર ચાલવાનું હતું ! નાનો દીકરો તો હજી ભણતો હતો; ને 'બાપુજીએ ટયૂશન રખાવ્યું તો ખરું, પણ પૈસામાં કંજૂસાઈ કરી એટલે પેલો જેવા દામ તેવું જ કામ આપે ને ? નહિ તો હું પાસ થયા વિના રહું ?' આમ નાનો દીકરો એની માતુશ્રીના આ પીઠ અભિપ્રાયની લાકડી પોતાની સામે ઉગામી રહ્યો હતો. હાસ્તો, એ સૌથી જ ઘર રૂડું હતું; માત્ર પોતે જ...'

'ખરી વાત છે,' મરવા બોલતા સંભળાયા: 'થડ દાદાની ચામડીની કરચલી તો જુઓ ! એનો રંગ જુઓ, એનું બરછટપણું જુઓ,—એ તો ઠીક છે કે અમે છીએ તો—'

ત્યાં તો ડાળીઓએ નિઃશ્વાસ નાખ્યો: 'અમે તો કૈં કેટકેટલુંવેઠીઓ પણ એ તો આકાશના તારા ને મેઘધનુ ને એવું એવું છોડી જ્યારે હોય ત્યારે બસ મૂળિયાંની ને મૂળિયાંની જ ચિંતા કર્યા કરે...'

'હા; જ્યારે હોય ત્યારે પૈસા પૈસા ને પૈસા—હાય મારા પૈસા. પણ પૈસાને તો કૂતરાં ય સૂંઘતાં નથી. આ તો એમનું ઘર ચલાવવું પડે છે એટલે હું સાંખી રહું છું; બીજી તો કયારની છોડીને જતી રહી હોત.' પત્ની બોલતી સંભળાઈ. ને મોટી પુત્રવધૂએ ટાપસી પૂરી: 'ખરી વાત છે બા. એમ હતું તો દીકરાઓને પરણાવવાનો લહાવો નહોતો લેવો.'

'મારી ઘણી બધી ભૂલ થઈ.' તે મનોમન બોલી ગયો.

'અને આપણાં કરમ તો જુઓ કે ધરતીના રસ આપણે એની જ મારફત ચૂસવા પડે છે.' ડાળપાંખડાંએ નિઃશ્વાસ નાખ્યો.

'હા; ડોસા પાસે ખિસ્સાખરચ માટે હાથ લંબાવવો પડે છે ત્યારે મરવા જેવું લાગે છે.' દીકરા બોલતા સંભળાયા.

'આપણે છીએ તો એ હવા-ઉજાસ પામે છે.' ડાળપાંખડાં ગણગણતાં હતાં.

'પણ છે એને એનો કશો ખયાલ?' વચલી ડાળીએ નિઃશ્વાસ નાખ્યો.

ત્યાં થડનો ધીમો અવાજ આવ્યો, 'જો એમ ન હોત તો હું પણ તમારી જેમ હવાઈ સ્વપ્નાં સેવવાનો લહાવો ન લેત ?'

ત્યાં તો પવને જોર કર્યું. દૂર ઘૂમરાઇ રહેલી આંધીનો એક વંટોળ હુહુકાર કરતો ધસી આવ્યો. થડ બોલતું સંભળાયું: 'ભલે આવ્યો, ભાઈ ! લાંબા વખતથી અહીં ઊભા રહી રહીને હવે મને થાક ચડચો છે. મને હવે સૂવાની ઇચ્છા...'

તરત જ બધી ડાળીઓ ગભરાટમાં બોલી ઊઠી: 'નહિ, નહિ–એવું ના કરશો, એવું ના કરશો !' ને પછી પેલા વંટોળને 'સ્વાગત દેવ, લો તમને અર્ઘ્ય ધરીએ છીએ.' એમ બોલતી ડાળીઓએ વંટોળિયાની ઝોળી ભરવા મરવા ખેરવવા માંડયા.

મરવા ચિત્કાર કરી ઊઠચા: 'અરે ! હજી તો અમારું જીવન પાંગરે છે; થડને તમે...'

ડાળીઓ બોલી ઊઠી: 'થડ હશે તો કાલે બીજા મરવા આવશે.'

તેના મન સમક્ષ દોરાઈ રહેલાં ચિત્રોએ જાણે કે એકાએક પલટો ખાધો. એને ઘર છોડી ચાલી જતો જોઇ ડરી ગએલી પત્નીને તેણે બોલતી સાંભળી: 'આમ એકાએક કયાં ચાલ્યા ? કાલે ઘરભાડું ચૂકવવાનું છે. હું શું જવાબ આપીશ ?'

'જે ઠીક લાગે તે જવાબ આપજો. કહેજો કે પૈસાને તો કૂતરાં-બિલાડાં પણ સૂંઘતાં નથી.'

'પણ બાપુજી, મારો નવો સૂટ—'

'હવે નવા સૂટ વગર મરી નથી જવાનો ! કાલે મોદીના બિલનું શું થશે–' મા દીકરાને ધમકાવવા લાગી.

એ બધાંનાં આંસુ આજીજી વગેરે અવગણી તે ચાલી નીકળ્યો. બધાંની આર્ત ચીસ એની પાછળ દોડતી રહી: 'બાપુજી, પાછા આવો ! પાછા આવો ! અમારી ભૂલ થઈ ગઈ......'

દિવાસ્વપ્નમાંથી જાગતાં તેણે ઘડિયાળમાં જોયું. ફ્રંટીઅર મેઇલને જવાને હજુ ત્રણ કલાક બાકી હતા. એટલામાં તો ઘણું બધું થઇ શકશે. તેની નજરમાં હિમાલયનાં ઉત્તુંગ શિખરો ઝળઝળવા લાગ્યાં. છ મહિના આરામમાં જશે, ને છ મહિનામાં બધાં......

તે જ્યારે ઘેર પાછો આવ્યો ત્યારે તેનો વ્યવહાર જોતાં પત્ની ગભરાઈ ગઈ. તે બોલી 'શું થયું છે ?'

તેણે જવાબ આપ્યો: 'થડ કે ડાળીપાંખડાં ?'

પત્ની કશું સમજી શકી નહિ; બાઘા જેમ જોઈ રહી. એટલે ફરીથી તે બોલ્યો: 'થડ કે ડાળપાંખડાં ?'

અને ફ્રંટીઅર મેઇલ પકડવા એ ઘરમાંથી જ્યારે અક્રમ પગલે નીકળ્યો ત્યારે પત્ની, દીકરા, દીકરી, પુત્રવધૂઓ, પૌત્રપૌત્રી બધાં જાણે ઢગલો થઈ ઊંબરમાં ફસડાઈ પડયાં, ને રામાનો પુણ્યપ્રકોપ તેમને ચારી રહ્યો: 'મીઠા ઝાડનાં મૂળ ખોદી કાઢી હવે તો તમને ધરવ થયો ને?'

કૅપ્ટન નારેસ

ઉત્તર ધ્રુવની શોધ પાછળ જીવસટોસટનાં સાહસ અને શ્રમને સીંચનાર હિંમતબાજ જવાંમર્દોની કથાઓ

લેખક
પ્રો. રમણલાલ શાહ



નવા પ્રદેશો શોધવાની સાહસ-સફરોના ઇતિહાસમાં કદાચ સૌથી વધુ પરિશ્રમ, સાહસ અને ભોગ ઉત્તર ધ્રુવ પહોંચવાના પ્રયત્નો પાછળ હોમાયાં છે. એની કહાણી ઉત્તર ધ્રુવના બરફ જેટલી જ રોમાંચક અને દિલ થિજાવી નાખનારી છે. એવા સાહસ-સફરીઓની આજ સુધી કુમારમાં આવેલી જવાંમર્દી અને બહાદરીની કહાણીઓ-માં નારેસની સફર એક વધુ ઉમેરો કરે છે.

ડૉ. કાને, હેઇઝ, ચાર્લ્સ હૉલ જેવા અમેરિકન સાહસિકોએ બેફિન સમુદ્રને રસ્તે ઉત્તર ધ્રુવની દિશામાં જવાના પ્રયત્નો કર્યા અને તેમાં યે ચાર્લ્સ હૉલે ઉત્તર ધ્રુવ તરફ એક રાક્ષસી પગલું ભર્યું. એથી ઈંગ્લંડના સાહસિકોને લાગ્યું કે હવે ઉત્તર ધ્રુવ પર પહોંચી જવું તદ્દન સરળ છે. વળી વ્હેઈલના શિકારીઓને પણ લાગ્યું કે સ્મિથ સાઉન્ડને રસ્તે વ્હેઈલ-શિકાર માટે નવું ક્ષેત્ર મળ્યું છે. આ સમયથી ઉત્તર ધ્રુવ પર બીજા કરતાં પહેલાં પહોંચી જવાની તાલાવેલી યુરોપ-અમેરિકાના સાહસિકોને થવા લાગી. બ્રિટિશ નૌકાખાતું ફરી જાગ્રત થયું અને ઉત્તર ધ્રુવ સર કરવા માટે એણે તૈયારીઓ શરૂ કરી દીધી.

ઈ. સ. ૧૮૭૪માં બ્રિટિશ નૌકાખાતાએ 'ઍલર્ટ' અને 'ડિસ્કવરી' નામનાં બે નવાં વહાણો ધ્રુવપ્રદેશમાં લઇ જવા માટે તૈયાર કરાવ્યાં. ટુકડીની સરદારી સોંપવામાં આવી એ વખતે નૌકાખાતામાં કામ કરતા એક અફસર કૅપ્ટન નારેસને. એની સાથે, એના જ સહકાર્યકર તથા યુવાન, બાહોશ અને સાહસિક અફસરો જેવા કે આલબર્ટ માર્કહામ, બ્યુમોન્ટ, પાર, રૉસન, હૅનિબીઅર, એગર્ટન, આલ્ડ્રિચ વગેરેને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. વળી ધ્રુવપ્રદેશમાં ધૂમી આવેલા પીઢ અને પ્રખર સાહસિકો મૅક્લિન્ટૉક, ઑસ્બોર્ન, ક્લેમેન્ટ્સ માર્કહામ આદિએ સાધનો, પુરવઠો, નકશાઓ વગેરે બાબતોમાં અગત્યની સૂચનાઓ આપી હતી. આમ, ચુનંદા અફસરો, પુષ્કળ પુરવઠો અને પૂરતી માહિતી તથા અન્ય સાધનો સાથે નારેસના સાહસ માટે મોટા પાયા પર પાકી તૈયારી કરવામાં આવી. સાહસિકો, ખલાસીઓ, નોકરચાકર વગેરે મળી બંને વહાણમાં કુલ ૧૨૧ માણસો થતા હતા.

ઈ. ૧૮૭૫ના મેમાં નારેસ ઈંગ્લંડના કિનારેથી ઊપડ્યો. આ ઋતુમાં ઉત્તર ઍટલૅન્ટિક સમુદ્ર શાંત અને અનુકૂળ હોય છે. એથી વહાણની ગતિ ઝડપી રહે છે અને ગ્રીનલૅન્ડ સુધી પહોંચી જવામાં કોઇ વિઘ્ન નડતું નથી. પરંતુ, સામાન્યરીતે કોઈને ન થાય એવો અનુભવ નારેસને આ સમુદ્રમાં થયો. ઉત્તર ઍટલૅન્ટિક સમુદ્ર ઓળંગી ગ્રીનલૅન્ડ સુધી પહોંચતાં પહેલાં જ એ ભયંકર વાવાઝોડામાં સપડાઈ ગયો. એથી ગ્રીનલૅન્ડ સુધી પહોંચતાં તેમને ધાર્યા કરતાં ઘણો સમય લાગ્યો.

ગ્રીનલૅન્ડના કિનારે ગોધાવન બંદરે તેમણે વધારાનો પુરવઠો અને એસ્કિમો પાસેથી કૂતરા ખરીદી લીધા. એસ્કિમો સાહસિક હાન્સ હેન્ડ્રિકને પણ અહીંથી સાથે લઈ લીધો. ઉપરાંત પીટરસન નામના એક અનુભવી ડૅનિશ માણસને પણ તેમણે પોતાની સાથે જોડયો.

ગોધાવન બંદરે થોડા દિવસ મુકામ કરી તેમનું વહાણ બેફિન સમુદ્રમાં દાખલ થયું. સ્મિથ સાઉન્ડ (સ્મિથની ખાડી) સુધી પહોંચતાં તેમની ઝડપ સારી રહી, પરંતુ તેમાં દાખલ થતાં જ તેમને ચાર્લ્સ કરતાં તદ્દન ઊંધો જ અનુભવ થયો. ચાર્લ્સ સરળતાથી ચારસો માઈલ દૂર નીકળી ગયો હતો, ત્યારે નારેસનાં વહાણોને સમુદ્રમાં બરફને લીધે એક એક માઈલ કાપતાં મુશ્કેલી પડતી હતી. રખેને કોઈ કટોકટી કે આપત્તિ આવી પડે એટલા માટે, વચ્ચે વચ્ચે ગ્રીનલૅન્ડના કિનારે અગત્યનાં સ્થળોએ, ગમે ત્યારે ઉપયોગમાં લઈ શકાય એવી રીતે, વધારાનો પુરવઠો તેઓ મૂકતા જતા હતા. સ્મિથની ખાડીમાં 'લેડી ફ્રૅન્કલિન અખાત' પાસે 'ડિસ્કવરી' વહાણે શિયાળા માટે મુકામ કર્યો. 'ઍલર્ટ' વહાણને એથી યે પચાસ માઈલ આગળ લઈ જવામાં આવ્યું. અહીં પાણીના એક સાંકડા ફાંટામાં તેમણે વહાણ લીધું, પણ પ્રવેશ સાંકડો હતો અને પાણીમાં બરફ વહાણ સામે ઘસી આવતો હતો એટલે વહાણ લાંગરતાં તેમને ઘણી જ મુશ્કેલી પડી અને તેમાં પણ પોતાની ઇચ્છા મુજબ તેઓ તેને લાંગરી શકયા નહિ. વળી હવામાન ઠંડું થઈ જતાં વહાણની આસપાસ બરફ જામી ગયો.

અહીંથી ઉત્તર તરફના સમુદ્રમાં તો બરફના મોટા જંગી થર પડેલા હતા. એ પરથી લાગતું હતું કે ત્યાં વિશાળ ધ્રુવસમુદ્ર આવેલો હોવો જોઇએ. ત્યાંથી બરફના મોટામોટા થર ધસડાઈ આવતા હતા અને ત્યાં પાછા નવાનવા થર જામતા જતા હતા. ઉત્તર તરફ જવામાં આ એક મોટું વિઘ્ન હતું. એટલે શિયાળો તો હવે અહીં જ પસાર કરી, બીજે ઉનાળો શરૂ થાય ત્યારે અહીંથી આગળ જવાની નારેસે યોજના કરી. દરમિયાન શિયાળાની લાંબી રાત પહેલાં આસપાસના થોડા પ્રદેશોમાં ધૂમી લેવું અને એ દીર્ઘ રાત્રિ પૂરી થયા પછી ઉનાળો શરૂ થાય એટલા સમયમાં બરફગાડી સાથે ઉત્તર તરફ શકય તેટલો પ્રવાસ કરી લેવો એવી તેની આકાંક્ષા હતી. નારેસનું મુખ્ય ધ્યેય એલેસ્મીઅર ટાપુ અને ગ્રીનલૅન્ડના કિનારે કિનારે જમીન માર્ગે ઉત્તર તરફ જેટલે દૂર જઇ શકાય એટલે દૂર જવાનું અને ત્યાંથી પછી ઉત્તર ધ્રુવ કેટલો દૂર રહે છે અને ધ્રુવસમુદ્રના બરફ પર આગળ જવાની શકયતા કેટલી છે તેની તપાસ કરવાનું હતું.

આ યોજનાનાં સ્વપ્નાં સાથે તેમણે શિયાળાની લાંબી રાત પસાર કરી, ને પછી થોડાક દિવસમાં જ બરફગાડીઓ સાથે નીકળી પડયા. પરંતુ તેમને ખબર પણ ન પડી એ રીતે તેઓમાંના ઘણાખરાને આ દીર્ઘ રાત્રિ દરમિયાન રક્તક્ષયની અસર શરૂ થઇ હતી. થોડા પ્રવાસમાં જ તેઓ થાકી જવા લાગ્યા, ને 'ઍલર્ટ' વહાણના બેતાલીસ અને 'ડિસ્કવરી'ના ચૌદ મળી કુલ છપ્પન માણસોને રક્તક્ષયની અસર હવે વરતાઇ.

'ડિસ્કવરી' અને 'ઍલર્ટ' વચ્ચે લગભગ પચાસ માઈલનું અંતર હતું 'ઍલર્ટ' કરતાં 'ડિસ્કવરી'માં માણસોની સંખ્યા ઓછી હતી.

એમાં બ્યુમૉન્ટ, રૅાસન, હાન્સ હેન્ડ્રિક વગેરે હતા અને 'ઍલર્ટ'માં માર્કહામ, આલ્ડ્રિચ વગેરે સાહસિકો હતા. કૅપ્ટન નારેસ પોતે પણ 'ઍલર્ટ'માં હતો. એણે 'ઍલર્ટ'ના માણસોની બે ટુકડી પાડી હતી અને એ બંનેને જુદુંજુદું કામ સોંપ્યું હતું. એ જ રીતે 'ડિસ્કવરી'માં પણ બે ટુકડી પાડી હતી. પરંતુ રક્તક્ષયની અસર થવાને લીધે આ યોજનાઓની સફળતા ઓછી થઇ હતી.

ઈ. સ. ૧૮૭૬ની ત્રીજી એપ્રિલે માર્કહામ અને પાર પોતાની ટુકડીના માણસો સાથે એક બાજુ ઊપડચા અને આલ્ડ્રિચ તથા તેના માણસો બીજી બાજુ ઊપડચા. માર્કહામ અને પારનું કામ ગ્રીનલૅન્ડ અને એલેસ્મીઅર વચ્ચેના સમુદ્રના બરફમાં જેટલે આગળ જઈ શકાય તેટલે આગળ જવાનું હતું. આલ્ડ્રિચનું કામ એલેસ્મીઅર ટાપુના કિનારેકિનારે જમીનમાર્ગે ઉત્તર તરફ જેટલે આગળ જઈ શકાય તેટલે આગળ જવાનું હતું.

માર્કહામનો પ્રવાસ સમુદ્રના બરફ ઉપર હતો એટલે તેમને સામાન વધારે લેવો પડચો હતો. તેમાં વળી સમુદ્રમાં ક્યાંક વચ્ચે બરફને બદલે પાણી આવે તો તે ઓળંગવા માટે તેમને બે હોડી પણ સાથે લેવી પડી હતી; પરંતુ જ્યાં સુધી પાણી ન આવે ત્યાં સુધી તો આખે રસ્તે બે હોડીઓ બરફમાં ખેંચવાનો ભારે શ્રમ તેમને ઉઠાવવાનો હતો. આથી, સામાનવાળી બરફગાડીઓ અને બે હોડીઓ, બધું જ એકસાથે આગળ લઇ જવું શક્ય નહોતું. પરિણામે તેમને વધારે ફેરા કરવા પડતા. શરૂઆતમાં એનો શ્રમ જેટલો લાગ્યો એના કરતાં આગળ જતાં એ શ્રમ વધારે લાગવા માંડચો; અને વળી બરફ પણ એવો ઊંચોનીચો આવવા લાગ્યો કે ગતિ મંદ પડવા લાગી. સમય વધારે જતો અને અંતર ઓછું કપાતું. આવી આવજાત્રમાં પ૨૧ માઈલ જેટલું અંતર તેઓ ચાલ્યા ત્યારે માંડ ૭૨ માઇલનું અંતર તેમનાથી કપાયું હતું. આમા પણ એમને બધાને શ્રમ એટલો બધો પડચો હતો કે જ્યારે બરફના મોટામોટા ખડકો આવતા ત્યારે એવા ઊંચા ખરબચડા બરફ પર બરફગાડી કે હોડીને તેઓ બધા સાથે મળીને 'એક, બે, ત્રણ......હીઇઈઈવ' કરીને ફૂટ કે અરધો ફૂટ ખેંચતા. આવી રીતે એકએક ફૂટ કરીકરીને આખા દિવસમાં બહુબહુ તો અરધો માઇલ કે માઈલ જેટલું અંતર તેઓ કાપી શકતા.

વહાણ છોડીને તેઓ જ્યારે નીકળ્યા ત્યારે ઘણા તંદુરસ્ત અને સશક્ત હતા. પરંતુ જેમજેમ આગળ જતા ગયા તેમતેમ કેટલાકને રક્તક્ષયની અસર જણાવા લાગી. પરિણામે જે માણસો સશક્ત અને તંદુરસ્ત રહ્યા હતા તેમનું બરફગાડીઓ ખેંચવાનું કામ બમણું થઇ ગયું. આથી તેમણે એક હોડી ને બીજો કેટલોક સામાન રસ્તામાં છોડી દીધો.

આખો દિવસ તેમને બરફમાં જ ચાલવાનું હતું અને રાત પડે ત્યારે બરફમાં જ તંબૂ તાણી સૂઇ રહેવાનું હતું. જેમજેમ આગળ જતા ગયા તેમતેમ ઠંડીનું પ્રમાણ વધવા માંડચું; અને પછી એટલી અસહ્ય ઠંડી પડવા લાગી કે દરેક વસ્તુ ઠરીને કઠણ લાકડા જેવી થઇ જતી. તેમણે પહેરેલાં કપડાં જાણે પતરાનાં હોય એવાં કડક થઇ ગયાં હતા અને શરીર સાથે એ ઘસાવાને લીધે શરીરે કાપા પડી ગયા હતા. વળી દિવસે સૂર્યના પ્રકાશમાં બરફ એટલો બધો ચળકતો હતો કે એની અસર આંખ પર થવાથી તેઓમાંના કેટલાક થોડા દિવસ માટે સાવ આંધળા થઈ ગયા હતા.

આવી બધી મુશ્કેલીઓનો સામનો કરતા કરતા આગળ વધીને તેઓ ૧૧મી મે એ—વહાણમાંથી નીકળ્યા ત્યારથી ૩૯મા દિવસે ૮૩° ૨૦' ૨૬" અક્ષાંશ સુધી પહોંચ્યા. માર્કહામને લાગ્યું કે હવે અહીંથી આગળ જવું એ તેમની શક્તિ બહારની વાત હતી. આટલું અંતર પણ તેમણે જેમતેમ કરીને કાપ્યું હતું, અને તેમાંયે છેલ્લા થોડાક માઈલ તો તેમણે કેવળ પોતાના મનોબળ વડે જ કાપ્યા હતા; કારણ કે તેમની એક પ્રબળ ઇચ્છા ચાર્લ્સ હૉલ જ્યાં સુધી પહોંચ્યો હતો તેના કરતાં થોડાક આગળ તો પહોંચવું જ એવી હતી. તો જ તેમના આ શ્રમ ભરેલા પ્રયાસની કંઈક કિંમત હતી. ચાર્લ્સ હૉલ ૮૨° ૧૧' અક્ષાંશ સુધી પહોંચ્યો ત્યાં સુધી કે તેનાથી થોડા ઓછા અંતર સુધી પહોંચવામાં કશી વિશિષ્ટતા નહોતી. માટે જ ચાર્લ્સ હૉલ આ દિશામાં ન આવ્યો હોત તો તેમણે આ શ્રમ ન લીધો હોત. જ્યારે તેઓ ૮૩° ૨૦' ૨૬" અક્ષાંશ સુધી પહોંચ્યા ત્યારે હૉલ કરતાં થોડાક આગળ જવાનો હર્ષ અને કંઇક સિદ્ધ કર્યાનો સંતોષ તેમને થયો.

તેઓ બધા અતિશય થાકેલા તો હતા જ, અને હવે પાછા ફરવા માટે એટલું જ અંતર કાપવાનું હતું. સામાન ઉપરાંત કેટલાક માંદા માણસોને પણ બરફગાડીમાં સુવાડી ખેંચવાના હતા. એટલેકે આવ્યા તેના કરતાં બરફગાડી ખેંચનારાઓની સંખ્યા ઓછી થઈ હતી અને બોજો વધ્યો હતો. આ સંજોગોમાં કેટલીક ખાસ જરૂરની વસ્તુઓ પણ છોડી દીધા સિવાય તેમનો છૂટકો નહોતો. આથી તેમણે સાથે લીધેલી બીજી હોડી પણ છોડી દીધી. બરફગાડીમાંથી બીજી ઘણી વસ્તુઓ કાઢી નાખીને માત્ર અનિવાર્ય વસ્તુઓ જ રાખી. તેમનામાં પાંચ સખત માંદા હતા જેમને બરફગાડીમાં સુવાડવા પડે એમ હતા. બીજા બાર માંદા હતા, પરંતુ તેમને બરફગાડીમાં સુવાડી શકાય એમ નહોતું. પેલા પાંચ કરતાં તેમનામાં કંઇક શક્તિ હતી અને તેથી લથડિયાં ખાતાંખાતાં, સ્થળે સ્થળે બેસતાં બેસતાં આવવાનું તેમણે સ્વીકાર્યું હતું. બીજા કેટલાકમાં માત્ર ચાલવાની શક્તિ હતી, બરફગાડી ખેંચવાની નહિ. માત્ર માર્કહામ, પાર અને બીજા ચાર જણમાં બરફગાડી ખેંચવાની શક્તિ હતી અને એથીયે વિશેષ તો મનોબળ હતું. અલબત્ત, ઉજાગરા ને થાકની અસર તેમનાં શરીર પર પણ દેખાઇ આવતી હતી, તોપણ વળતી વખતે ખાડાટેકરાવાળો કઠણ બરફ પોચો પડી સપાટ થવાને લીધે બરફગાડી ખેંચવાનો અને સતત ચડવા ઊતરવાનો શ્રમ ઓછો લાગતો હતો અને સમયના પ્રમાણમાં અંતર જતી વખત કરતાં પાછા ફરતી વખતે વધારે કપાતું હતું.

આ રીતે જતાં-આવતાં મળીને ૬૦ દિવસની તેમની સફર સમુદ્રના બરફ પર થઈ. ઉત્તરોત્તર તેમનો થાક વધતો જ ગયો હતો અને માંદાઓની સંખ્યા પણ વધતી ગઇ હતી. તેમનો ખોરાક પણ ખૂટવા આવ્યો હતો અને રસ્તામાં છોડી દીધેલાં કેટલાંક જરૂરી સાધનોના અભાવે તેમની શારીરિક હાડમારી ઘણી જ વધી પડી હતી. પાંચમી જૂને તેઓ સમુદ્રના બરફ પરથી જમીન પર આવ્યા. અહીંથી હવે પોતાના વહાણ 'ઍલર્ટ' સુધી પહોંચવાને ત્રીસ જ માઈલનું અંતર રહ્યું હતું, એટલેકે મુકામે પહોંચવાને હવે બેત્રણ દિવસનો સવાલ હતો. પરંતુ એટલું અંતર કાપવાની હવે શક્તિ જ કોનામાં રહી હતી? લગભગ બધા જ પથારીવશ થયા હતા. તેઓ ભૂખ્યા હતા અને માંદા હતા. તાજા ખોરાકની અને સારવારની તેમને તાત્કાલિક જરૂર હતી, અને એકબે દિવસમાં જો એ ન મળે તો તેમનામાંના ઘણાંનાં જીવનનો અંત દેખાઈ રહ્યો હતો. આ નિર્જન પ્રદેશમાં સંદેશો પણ કોની મારફત મોકલી શકાય? પોતાનામાંથી જ કોઇકે ત્રીસ માઈલનું અંતર કાપી એ સંદેશો 'ઍલર્ટ' વહાણ પર પહોંચાડવો જોઇએ. પરંતુ એ માટેની શક્તિ નહોતી માર્કહામમાં, નહોતી બરફગાડી ખેંચનાર બીજા ચાર જણમાં. બાકીના તો મરણતોલ દશામાં હતા. આ સંજોગોમાં જો કશું ન થાય તો એક ગંભીર કરુણ ઘટના બનવાની છે, એ નક્કી હતું.

ત્યાં પારના મનમાં વિચાર આવ્યો : આમે ય મૃત્યુ તો આવવાનું

છે, તો પછી ત્રીસ માઈલનું અંતર કાપવાનું જોખમ શું કામ ન ખેડી જોવું? રસ્તામાં મૃત્યુ થશે તો થોડું વહેલું આવ્યું એટલો જ ફેર; અને જો વહાણ સુધી પહોંચી જવાયું તો બધાના પ્રાણ બચાવી શકાશે. વહાણ પર પહોંચીને સંદેશો આપ્યા પછી બીજી જ ક્ષણે પોતાનું મૃત્યુ થશે તો પણ પોતાના સાથીદારોને બચાવવાનું કર્તવ્ય બજાવ્યું ગણાશે.

એ ઊભો થયો, માર્કહામની રજા માગી અને હતી તેટલી શક્તિ એકઠી કરીને અને પોતાના મનોબળને જાગ્રત અને દૃઢ કરીને એણે 'ઍલર્ટ'ની દિશામાં ચાલવા માંડયું. અને માનશો? ચોવીસ કલાક ધીમે ધીમે છતાં સતત ચાલીને એ 'ઍલર્ટ' પર પહોંચી ગયો. એની વાત સાંભળી નારેસે તાબડતોબ માણસો દોડાવ્યા અને માર્કહામની ટુકડીના બધા જ માણસો બચી ગયા; પાર પોતે પણ બચી ગયો!

હવે આલ્ડ્રિચની ટુકડીનું શું થયું તે જોઇએ. તેમનું કામ એલીસ્મીઅર ટાપુના કિનારેકિનારે ઉત્તર તરફ જવાનું હતું. તેઓ નીકળ્યા પછી થોડા જ દિવસે તેમનામાંના કેટલાકને રક્તક્ષયની અસર થવા લાગી. આમ છતાં તેઓ ઉત્તર તરફ આગળ અને આગળ ચાલતા જ ગયા અને ૨૨૦ માઈલનું અંતર કાપી ઠેઠ ટાપુની ઉત્તર ટોચ સુધી પહોંચી ગયા. આ બાજુ તેમણે કેટલોક નવો પ્રદેશ શોધ્યો, તેના નકશા બનાવ્યા અને કેટલીક ભૌગોલિક માહિતી એકઠી કરી. ત્યાંની એક ભૂશિરને તેમણે 'કેઈપ કોલંબિયા' નામ આપ્યું. એકંદરે તેમનું કામ ઘણું જ સંતોષકારક થયું. પરંતુ પાછા ફરતી વખતે તેમની મુશ્કેલી વધવા લાગી. વાસી અને ઓછા ખોરાક તથા વધુ શારીરિક શ્રમને કારણે રક્તક્ષયનો રોગ તેમનામાંના બાકીના ઘણાને પણ લાગુ પડચો. અને ફક્ત આલ્ડ્રિચ સિવાય બીજા બધા જ દિવસેદિવસે અશક્ત અને માંદા થવા લાગ્યા. છતાં તેમનાથી કાપી શકાયું એટલું અંતર તો કાપ્યું, પરંતુ હવે એ પણ તેમને માટે અશક્ય જ બન્યું હતું.

આ સંજોગોમાં આલ્ડ્રિચના મનમાં દ્વિધા ઊભી થઇ. પોતાના સાથીદારોને છોડીને પોતે એકલા 'ઍલર્ટ' પર પહોંચી જવું? ત્યાં પહોંચીને સારવાર માટે અને ખોરાક માટે પોતે જે મદદ મોકલાવે એ પહોંચતાં સુધીના છસાત દિવસમાં તો પોતાના તમામ સાથીદારોનું મૃત્યુ ચોક્કસ છે એમ એમની સ્થિતિ જોતાં તેને લાગતું હતું. એટલે જો જવું હોય તો પોતાના પ્રાણ બચાવવા માટે જ જવાનું હતું. આલ્ડ્રિચે નક્કી કર્યું કે પોતાનામાં જ્યાં સુધી શક્તિ રહે ત્યાં સુધી થઈ શકે એવી પોતાના માંદા સાથીદારોની માવજત કરવી, પણ તેમને મૃત્યુના મુખમાં એકલા છોડી અહીંથી જવું તો નહિ જ. આ રીતે બેએક દિવસ પસાર થયા ત્યાં તો નારેસે મોકલેલી એક ટુકડી આવી પહોંચી. કશા પણ સંદેશા વગર આ રીતે મદદ માટે આવેલી ટુકડીથી આલ્ડ્રિચ અને એના સાથીદારોને ઘણું જ આશ્ચર્ય થયું, પણ માર્કહામની ટુકડીની ગંભીર સ્થિતિ જોઇને નારેસને આલ્ડ્રિચની ટુકડીની પણ સ્વાભાવિક ચિંતા થઈ હતી અને તેથી એણે કશો પણ સંદેશો મળ્યો ન હતો છતાં અગમચેતી વાપરીને આલ્ડ્રિચની ટુકડી માટે રાહત મોકલાવી હતી, જે વખતસર પહોંચી અને આલ્ડ્રિચ તથા એના સાથીદારો બચી ગયા.

આ થઈ 'ઍલર્ટ' વહાણની ટુકડીઓની વાત. હવે આપણે 'ડિસ્કવરી' વહાણની પ્રવૃત્તિ જોઇએ. 'ડિસ્કવરી' કરતાં 'ઍલર્ટ' પચાસ માઈલ આગળ ગયું હતું. 'ડિસ્કવરી'માં માણસોની સંખ્યા ઓછી હતી અને છતાં શિયાળાની રાત દરમિયાન તેમાંના કેટલાકને રક્તક્ષયની અસર થઇ હતી. બાકીનામાંથી સશક્ત માણસોની એક ટુકડી વહાણની દક્ષિણે ગઈ હતી ને ત્યાં એણે કોલસાની એક ખાણ શોધી હતી. બીજી એક ટુકડી લેફ્ટેનન્ટ બ્યુમૉન્ટની આગેવાની નીચે ઉત્તર તરફ મોકલવામાં આવી. આ ટુકડીનું કામ હતું ગ્રીનલૅન્ડના કિનારેકિનારે ઉત્તર તરફ જવું, 'ડિસ્કવરી' તથા 'ઍલર્ટ'ની વચ્ચેના પ્રદેશની ભૌગોલિક માહિતી મેળવવી અને 'ઍલર્ટ' સુધી પહોંચી પાછા ફરવું.

તેઓ બરફગાડીઓ સાથે ઊપડચા, પણ તેમનામાંના કેટલાકને પણ રક્તક્ષયની અસર થઇ. એક જણ તો એટલો માંદો થઈ ગયો કે એને બરફગાડીમાં સુવાડી રૅાસન એને વહાણ પર પાછો મૂકવા આવ્યો. બાકીના બીજાઓ જેમજેમ આગળ જતા ગયા તેમતેમ તેમને વધારે થાક લાગવા માંડયો. એનું એક મુખ્ય કારણ રસ્તામાં પડેલો પોચો બરફ હતો. ઘૂંટણ સુધી પહોંચતા આવા પોચા બરફમાં એક માઇલ જેટલું અંતર કાપતાં તેમને ત્રણથી ચાર કલાક લાગતાં! એવામાં માર્ગમાં એક પર્વત આવ્યો. કંપાસ વડે કેટલાંક બેરિંગ લેવા માટે બ્યુમૉન્ટ બરફમાં ચાલતો ચાલતો એ પર્વત પર ગયો. ત્યાં પહોંચતાં એને ત્રણ કલાક લાગ્યા. ત્યાં પહોંચી એણે જુદીજુદી દિશાનાં બેરિંગ લીધાં, કેટલાંક નીરીક્ષણો કર્યાં અને નકશા બનાવવાનું શરૂ કર્યું. એમ કરતાં બપોરનો ખાવાનો વખત થયો અને એના સાથીદારો નીચેથી એને બૂમ પાડવા લાગ્યા. બ્યુમૉન્ટને પણ ભૂખ તો ઘણી લાગી હતી, પરંતુ અત્યારે જો તે નીચે જાય અને અધરા કામ માટે ફરી પાછો ઉપર આવે તો તે પહેલાં તો સાંજ પડી જાય. આથી બ્યુમૉન્ટે હાથના ઈશારા વડે પોતાના મિત્રોને ખાવાનું પતાવી લેવાનું અને પોતે પોતાનું કામ પૂરુ કર્યા પછી જ નીચે ઊતરશે એમ જણાવ્યું.

એ કામ પૂરું કર્યા પછી ત્યાંથી આગળ તેઓ 'ઍલર્ટ' તરફ જવા લાગ્યા. પણ ઉત્તરોત્તર બરફમાં ચાલવાનો તેમનો શ્રમ વધતો ગયો. અંતે તેઓ એટલા બધા થાકી ગયા કે કેટલીક વાર તો બેઠા પછી ઊભા થવાને બદલે બે હાથ અને બે પગ વડે, ચોપગા પ્રાણીની જેમ જ તેઓ ચાલતા! આમ છતાં પણ તેઓ 'ઍલર્ટ' સુધી પહોચી શકયા નહિ—પહોંચવાની આશા પણ રહી નહિ, કારણ કે આગળનો પ્રદેશ તો એથી પણ વિકટ આવતો હતો. આમ, પચાસ માઈલનું અંતર પણ તેઓ પૂરું કરી શકયા નહિ. અંતે એકાદ દિવસ આરામ કરી ૧૦મી મેએ તેમણે પાછા ફરવાનું શરૂ કર્યું. હવે તેઓ એટલા બધા થાકી ગયા હતા કે રોજ આખા દિવસમાં માત્ર એક માઈલ જેટલું અંતર કાપી શકતા. તેઓમાંના કેટલાક માંદા સાથીદારો તો એટલું અંતર પણ કાપી શકતા નહોતા. પરંતુ તેઓમાંથી સૌથી આગળ જનારે વહાણ પર પહોંચીને તરત સમાચાર આપ્યા એટલે રૅાસન અને હાન્સ હેન્ડ્રિક મદદ માટે તત્કાલ નીકળી પડચા અને તેમને બધાને બચાવી લીધા.

શિયાળો પૂરો થયો અને ઉનાળો શરૂ થયો. નારેસની મૂળ યોજના તો આ પ્રદેશમાં હજુ વધારે સમય રોકાઈ આથી પણ આગળ જવાની હતી. પરંતુ તેઓ બધા જ થાકી ગયા હતા અને તેમનામાંના પોણા ભાગના માણસોને રક્તક્ષયનો રોગ લાગુ પડચો હતો, એટલે સહીસલામત ઘરે પહોંચી જવાનું જ નારેસને યોગ્ય લાગ્યું. એણે 'ઍલર્ટ' વહાણ બરફમાંથી મુક્ત થતાં ઘર તરફ હંકાર્યું. રસ્તામાં 'ડિસ્કવરી' પણ તેમની સાથે થઇ ગયું અને નવેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં તેઓ ઈંગ્લંડ પાછા આવી પહોંચ્યા.

અલબત્ત, ઉત્તર ધ્રુવ સર કરવાનું નારેસનું ધ્યેય પાર પડચું નહિ, પરંતુ ચાર્લ્સ હૉલ કરતાં થોડા વધુ આગળ જવાની અને ઘણી ભૌગોલિક તથા વૈજ્ઞાનિક માહિતી એકઠી કરવાની તેની સિદ્ધિ ધ્રુવપ્રદેશનાં સાહસોના ઇતિહાસમાં ઘણી મહત્ત્વની ગણાઈ.

આ રીતે, બેફિને ચીંધેલા અને ઈંગલફીલ્ડે શરૂ કરેલા સ્મિથ સાઉન્ડના રસ્તે પચીસેક વર્ષના ગાળામાં ઘણી અવરજવર ચાલુ થઈ ગઈ અને ઉત્તર ધ્રુવ પર પહોંચવાની એક નવી દિશા ઊઘડી.

બ્રહ્મદેશની લલિતકલાઓ

'અગસ્ત્યને પગલે પગલે' લેખમાળાનો છેલ્લો હપતો

લેખન અને ફોટોકલા
નવનીત પારેખ

ઉપસંહાર



ચીન પ્વે નૃત્યમાં ધનુષ સાથે નૃત્ય કરતા રાજશિકારીનું દૃશ્ય

આમારા બર્મી મિત્ર શ્રી મૅાગ મ્યૅા એક રાત્રે મને પ્રસિદ્ધ બર્મી નૃત્ય-નાટિકા 'પ્વે' જોવા લઇ ચાલ્યા. ખુલ્લા મેદાનમાં લોકો ટોળે વળીને તે જોતાં હતાં. ટિકિટ કે આમંત્રણ કાંઇ નહિ. અમે પણ ટોળામાં ભળ્યા. એક કામચલાઉ મંચ બાંધીને રંગભૂમિ ઊભી કરી હતી.

બર્મી ભાષામાં 'પ્વે' એટલે પ્રેક્ષણ. રંગભૂમિ પરની કોઈ પણ રજૂઆતને પ્વે કહી શકાય. આ પ્વેના ઘણા પ્રકાર હોય છે. ઉત્તર બર્માના મંડાલેની મધ્યકાલીન શૈલીની શાસ્ત્રીય નૃત્ય-નાટિકાને 'ઝાત-પ્વે' કહે છે. બર્મી રંગભૂમિમાં તેનું સ્થાન આપણા ભરત-નાટચમ્ જેવું કાંઇક કહી શકાય. પરંતુ ભારતમાં જ્યારે ભરત-નાટચમ્ પ્રકાર વિશુદ્ધ જળવાઇ રહ્યો છે ત્યારે આ બર્મી ઝાત્ પ્રકાર ઘણે અંશે વિકૃત તથા દૂષિત થયો છે અને તેમાં હલકી કોટિનાં ઘણાં મનોરંજક તત્ત્વો ભળ્યાં છે. અસલ ઝાત્ નાટિકામાં તો કેવળ હિંદુ તથા બૌદ્ધ ધાર્મિક આખ્યાયિકાઓ ને ઐતિહાસિક પ્રસંગો ભજવાતા, પરંતુ આજ-કાલ હવે આવાં કથાનક ઉપરાંત હાસ્ય-ટીખળ, વિનોદી સંભાષણ, મનોરંજક ગીતો વગેરે ઉમેરાયાં છે, કે જેથી ઊંચી કલારુચિ વિનાની આમ જનતામાં તે લોકપ્રિય થઈ પડે.

પ્વે ઝાત્‌ના નૃત્યને બે વિભાગમાં વહેંચી શકાય. તેમાં એક તો આપણા ભરત-નાટચમ્‌ના 'અલ્લરીપુ' કે જતિ-સ્વરમ્' જેવું કેવળ શુદ્ધ નૃત્ત છે, જેમાં અભિનયનો અભાવ હોય છે; જ્યારે બીજામાં ભરત-નાટચમ્‌ના 'વર્ણમ્' કે 'પદમ્' જેમ નૃત્યાભિનય દ્વારા કથાનકનો પ્રસંગ વર્ણવાય છે. 'ચીન-પ્વે' પ્રકારના નૃત્યમાં એકાકી નૃત્ય તેમજ સમૂહ-નૃત્ય એક પછી એક ભજવાય છે. ધાર્મિક વિધિ સમયે જ ભજવાતા શુદ્ધ નૃત્ત પ્રકારને 'નટ-પ્વે' કહે છે. આ 'નટ' શબ્દ પણ સંસ્કૃત જ છે.

બર્મી નૃત્યકારની વેષભૂષા પર દક્ષિણ ભારતની તેમજ થાઈલૅન્ડ-ની સચોટ અસર પડેલી છે. અને થાઇ નૃત્યપ્રકારો પણ મૂળે તો ભારતીય પ્રકારોમાંથી જ ઉદ્‌ભવેલા છે ને? નૃત્યકારનો અભિનય તેમજ તેની કરાંગુલિઓની વિવિધ મુદ્રાઓ પણ ભારતીય ઢબનાં જ છે, તેમજ થાઈ-પ્રદેશ તથા જાવા-બાલીની જેમ બર્મી નાટિકાઓના કથા-પ્રસંગો પણ ખણાખરા રામાયણ તથા મહાભારતમાંથી જ ઉદ્ધૃત છે. થાઈ-લૅન્ડની પ્રાચીન રાજધાની અયોધ્યાથી આવેલા નૃત્યકારોએ આ શૈલી-નો બર્મામાં પ્રારંભ કરેલો, તેથી આજે પણ આ શૈલી 'યોદયા' (અ-યોધ્યા) શૈલીને નામે ઓળખાય છે. જાતક-કથાઓમાં પણ બોધિ-સત્ત્વોના જીવન-પ્રસંગો કેટલીકવાર ઝાત્ પ્વેમાં પ્રસ્તુત થાય છે. પ્રાચીન બર્મી કઠ-પૂતળીનો ખેલ પણ હજુ સાવ નષ્ટ નથી થયો, પરંતુ તેને જીવંત રાખવા માટે લોકોના પ્રોત્સાહનની ઘણી જરૂર જણાય છે.

બર્મી સંગીત

બર્મી નૃત્યોને સાથ આપનાર વાદ્યવૃંદ 'સૈંગ' કહેવાય છે. બર્મામાં ઘણાં વાદ્યો પ્રચલિત છે. સૌથી સુંદર, સુડોળ તેમજ સૂરીલું બર્મી વાદ્ય તે 'સૌંગ-કૅાક'. ભારતની વીણા જેવું જ તેનું સ્થાન સૌથી ઊંચું છે. સૌંગ-કૅાક બર્મી હાર્પ તરીકે જાણીતું છે, ને તેનો આકાર નાની નૌકા જેવો હોય છે. આ તંતુ-વાદ્યને ૧૩ તાર હોય છે. બીજું સુંદર ને નોંધ-પાત્ર બર્મી વાદ્ય તે 'ક્યી-વૈંગ'. જાવાના બોનંગ કે થાઇદેશના ગૅાગ-વૅાગ જેવા આ વાદ્યના લાકડાના ગોળાકાર ચોકઠામાં કાંસાના સંખ્યાબંધ નાના પોલા કુંભ ગોઠવ્યા હોય છે. ચોકઠા વચ્ચે બેસીને વાદ્યકાર કુંભ પર દાંડી વડે સૂર કાઢે છે. આ વાદ્યને મળતા, ચામડાના ઢોલના ગોળાકાર તરંગને 'પટ-વૈંગ' કહે છે, જ્યારે એક મોટા ઢોલને 'પટ-મા' કહે છે. બર્મી વાંસળી 'પાલવી' નામે જાણીતી છે. બર્મી ગાયક ઘણી વાર હાથમાં મંજીરાંની જોડ તથા કાષ્ઠ-તાલ પણ રાખે છે.

બર્મી સંગીતમાં ત્યાંના મધ્ય યુગના શ્રી ઉ-સાનું નામ દક્ષિણ-ભારતના શ્રી ત્યાગરાજ જેવું જ સુખ્યાત ને વંદનીય છે. તેમની બસો-થી યે વધુ શ્રેષ્ઠ કૃતિઓ આજે પણં બર્મી સંગીતમાં પ્રધાન સ્થાને છે. આ વિભૂતિએ સંગીત ઉપરાંત સાહિત્ય, નાટક તેમજ રાજકારણમાં પણ મોટો ફાળો આપ્યો હતો. બર્માની મૅાન જાતિની શાસ્ત્રીય સંગીત શૈલી પણ વિખ્યાત છે ને તેનાં સુમધુર ગીતો 'મહા-ગીતા' નામના પુસ્તકમાં ઉપલબ્ધ છે. અમે જોવા ગએલા તે પ્વે નાટિકા તો આખી રાત ચાલવાની હતી, પરંતુ બે-અઢી કલાકમાં બર્મી રંગભૂમિનો ખાસ્સો પરિચય મેળવીને તેમજ બીજે દિવસે આ નૃત્યકારોની રંગીન ફિલ્મ લેવાનું ગોઠવીને મોડી રાતે અમે પાછા ફર્યા.

બર્મી પ્રજા

વળતે દિવસે સાંજે અમે શ્રી મૅાગ-મ્યૅાને ત્યાં ગયા. ત્યાં એક લાક્ષણિક બર્મી કુટુંબની રહેણી-કરણી તથા તેમનું દૈનિક જીવન પ્રત્યક્ષ જોવા મળ્યાં. તેમની સાથે બર્મી રીતરિવાજો, ઉત્સવો તથા ભાષા વિષે રસપ્રદ વાતો થઇ.

ભારતમાં ભલે આપણે બર્માને બ્રહ્મદેશ કહેતા હોઈએ, પણ 'બર્મા' નામ તો ત્યાંની બર્મન્ જાતિ પરથી ઉદ્‌ભવ્યું છે, જે જાતિના લોકો આજે પણ ત્યાં સૌથી મોટી સંખ્યામાં છે. સ્પષ્ટ છે કે બર્મન્ શબ્દની ઉત્પત્તિ સંસ્કૃતના 'વર્મન્'માંથી થઈ છે. બર્માની આશરે બે કરોડ સુધી પહોંચેલા આવેલી વસતિમાં લગભગ દોઢ કરોડ તો બર્મન્ જાતિના જ છે. પૂર્વ બર્મામાં શાન જાતિના પંદરેક લાખ લોકો વસે છે, જેમનું શાન-રાજ્ય બર્માના ગણતંત્રમાં અર્ધ-સ્વાયત્ત સત્તા ભોગવે છે. બર્મન તેમજ શાન બંને થેરાવાદી (હીનયાન) બૌદ્ધ ધર્મી છે. પહાડો તથા ઊંડી ખીણોવાળા આ વિશાળ દેશમાં કારેન, કાચીન, મૅાન, ચીન તથા



પ્વે નાટિકામાં શિષ્ટ પોશાકયુક્ત બર્મી સુંદરી

આરાકાની જેવી બીજી વિવિધ જાતિના લોકો પણ વસે છે, પરંતુ તેમની સંખ્યા અલ્પ છે. વળી ચીની, ભારતીય તથા હવે પાકિસ્તાની લોકોની સંખ્યા પણ દસબાર લાખ જેટલી હશે.

બર્મી વિધિ તથા સંસ્કારો

આપણી જેમ બર્મામાં પણ સંયુક્ત કુટુંબની પ્રથા છે ને ઘણાં કુટુંબો સંપીને રહે છે. એશિયાના બીજા ધર્મનિષ્ઠ લોકોની જેમ બર્મનો પણ વિધિપ્રિય તથા ઉત્સવઘેલાં છે. નવું બાળક એક મહિનાનું થયું કે તેના નામકરણનો વિધિ થવાનો. તે જ દહાડે બાળકના વાળ કાપીને તેના નાનકડા મસ્તક પર મંત્રોચ્ચાર સાથે સુગંધી જળ છાંટવામાં આવે છે. કુમારાવસ્થા પૂરી થતા, છોકરાઓ માટે 'શિન્પ્યુ'નો વિધિ ઘણી ધામધૂમથી ઊજવવામાં આવે છે. આપણા ઉપનયન જેવા આ વિધિમાં છોકરો મુંડન કરાવી, પીત વસ્ત્ર ધારણ કરીને થોડા દિવસો માટે સંસાર ત્યાગીને 'ભિક્ષુ' બને છે. ઓછામાં ઓછા એક સપ્તાહ માટે તે બૌદ્ધ વિહારમાં બીજા ભિક્ષુઓ સાથે રહે છે, સવારે ભિક્ષા-પાત્ર લઇને વહોરવા નીકળે છે અને વિહારમાં સંઘના બધા નિયમનો પાળીને ધર્મલાભ પામે છે. છોકરો મુંડન કરાવી 'ભિક્ષુ' બને તે અગાઉ તે ઠાઠમાઠથી ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરે છે ને તેના મનોરંજન અર્થે નાચ-ગાન પણ ગોઠવાય છે. હિંદુ ધર્મમાં સંન્યસ્ત લેતાં પહેલાં ગૃહ-સ્થાશ્રમ ભોગવી લેવાનું સૂચન છે તેવો ગર્ભિત અર્થ આમાં રહેલો છે. રાજકુમાર સિદ્ધાર્થે પણ રાજમહેલમાં ભોગવિલાસની ક્ષુદ્રતા, નિરર્થકતા સમજી લીધા પછી જ સંસાર ત્યાગ્યો હતોને?

નાની છોકરીઓ માટેના આવા ઉત્સવને 'ન્હાત્વીન' કહે છે. પરંતુ તેમાં કુમળી કુમારિકા ભિક્ષુણી નથી બનતી. ન્હાત્વીનમાં તો તે કોઇ મધ્યકાલીન રાજકન્યા જેવા આભૂષણો પહેરીને તથા મોટો સોનેરી કેશકલાપ ગોઠવીને બેસે છે ને સોનાંની સોય વડે તેના કાન વીંધાય છે.

લગ્નવિધિ

બર્મી વિધિઓ તથા ઉત્સવોમાં સામાન્યપણે બૌદ્ધ ભિક્ષુઓ ભાગ લે છે, પરંતુ લગ્ન પ્રસંગે તો ભિક્ષુઓ અળગા જ રહે છે. સંસાર તજીને વિરક્ત બનેલા સાધુઓ આવા સાંસારિક વિધિમાં શો ભાગ લે? અને બ્રાહ્મણ ધર્મની જેમ બૌદ્ધ ધર્મમાં બ્રાહ્મણ પુરોહિતો પણ હોતા નથી કે જેઓ આવા વિધિ કરાવી શકે. તેથી કુટુંબનું પરિચિત કોઇ સૌથી સુખી દંપતી ત્યાં લગ્નવિધિ કરાવે છે. અલબત્ત, વિવાહ પહેલાં વર તથા કન્યાની જન્મ-કુંડળી કોઇ જ્યોતિષીને બતાવીને તેના મેળની ખાતરી કરી લેવાય છે, ને લગ્નવિધિ માટે શુભ દિન તથા શુભ ઘડી પણ પૂછી લે છે. બર્મી લગ્નવિધિ ઘણો ટૂંકો ને સરળ હોય છે. તેમાં પણ વરકન્યાનો હસ્તમેળાપ કરાવીને તે પર રેશમી રૂમાલ વીંટે છે. પછી બંને એક જ પાત્રમાંથી (કંસાર?) જમે છે ને સાથે મળીને દેવવન્દના કરે છે. મિત્રો તથા મહેમાનો નવદંપતીને 'ચાંલ્લા'ની રકમ ભેટ તરીકે આપે છે જે તેમને નવું ઘર માંડવામાં સહાયરૂપ નીવડે છે.

બર્મામાં મૃત્યુ પછીના અંત્યેષ્ટિ સંસ્કારો પણ ઘણા સરળ છે. શબને કબ્રસ્તાન પર લઈ જતાં પહેલાં તેને બે દિવસ ઘરમાં રાખી મૂકે છે. પછી તેને નવડાવી, નવાં વસ્ત્રો પહેરાવી કફનમાં મૂકીને લઈ જાય છે. સગાંવહાલાં તથા મિત્રો એક સપ્તાહ સુધી સ્વર્ગસ્થના ઘરમાં રાતે સૂએ છે ને કુટુંબીજનોને આશ્વાસન આપે છે. બર્મામાં સામાન્ય લોકોના શબને તો દફનાવે છે, પરંતુ શ્રીમંત અથવા ધર્મિષ્ઠ બર્મીઓનાં તેમજ બધા ભિખ્ખુઓનાં શબને તો અગ્નિસંસ્કાર કરવામાં આવે છે, અત્યંત પવિત્ર ભિખ્ખુના અવશેષો પર નાનો પૅગોડા પણ બંધાવે છે.

ઉત્સવો

બર્મી લોકો ઉત્સવપ્રિય છે. વારતહેવાર સિવાય પણ તેઓ ભિક્ષુ-ઓને અવારનવાર વિધિપૂર્વક જમાડે છે. બૌદ્ધ સાધુને ત્યાં 'ફૅંગી' કહે છે. ફૅંગી બપોર પછી જમતા નથી, તેથી સવારના જ તેઓ પાસેના વિહારમાંથી યજમાનને ત્યાં પધારે છે. કુટુંબીજનો તથા મિત્રો ઘૂંટણી-એ પડીને તેમને 'શિકો' (પ્રણામ) કરે છે. ગોળ ટેબલ ઉપર ભાત, ઓસામણ, શાકભાજી તથા ઘણી વાર આમિષ આહાર પણ પીરસ-વામાં આવે છે. તે પછી મીઠાઈ, ચા ને પાન તો ખરાં જ. ભોજન પછી બધાં શાંત બનીને, ફૅંગીઓ પદ્માસન વાળીને, ત્રણ વાર પ્રાર્થના

કરે છે: 'बुद्धं सरणं गच्छामि', 'धम्मं सरणं गच्छामि', 'संघं सरणं गच्छामि'. વળી પંચશીલના મંત્રો પણ બોલે છે. અંતે 'થાડુ'(શાબાશ!) ની ઘોષણા સાથે સમાપ્તિ થાય છે.

ભારતની જેમ બર્મામાં બાર ચાંદ્ર-માસનું વર્ષ હોય છે. બધા બૌદ્ધ દેશોમાં પૂનમનો તહેવાર તો ઊજવાય છે જ. બર્મી નવું વર્ષ એપ્રિલની ૧૩મીએ (ચૈત્રમાસે) ઊજવાય છે. ત્યારે બર્માભરમાં ત્રણ દિવસ માટે 'થિંગ્યાન' ઉત્સવ મનાય છે. આપણી હોળી જેવા આ થિંગ્યાન દરમ્યાન લોકો એકબીજા પર ઢોળી શકાય તેટલું પાણી ઢોળે છે. આ પાણી રંગીન નથી હોતું, પણ સુગંધી, સુવાસિત હોય છે. વળી તે જાહેર રસ્તા પર જ લોકો પર છાંટવામાં કે ઢોળવામાં આવે છે. થિંગ્યાનમાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષ, સૌ કોઈ ભાગ લે છે અને મસ્તીખોર છોકરાઓ જ્યારે મોટી પિચકારી ભરીને પાણીની ધાર ઉડાડે છે ત્યારે બર્મી કન્યાઓ પણ તાંસળાં ને ડોલ વડે રસ્તે ચાલનાર લોકો પર પાણી ઢોળે છે. તોફાની યુવાનો તો વળી મોટર-ટ્રકમાં પીપનાં પીપ પાણી ભરીને લાંબી નળી (હોઝ) વડે રાહદારીને નીતરતો કરી મૂકે છે. થિંગ્યાન સમયે ઠઠ્ઠા-મશ્કરી પણ ઘણી થાય છે ને આ તકનો લાભ લઇને લોકો રાજનીતિજ્ઞોનાં પૂતળાં બનાવીને તેમની આકરી ટીકા કરી લે છે. થિંગ્યાન દરમ્યાન નાચગાન તો હોય જ.

બુદ્ધ-પૂર્ણિમા (વૈશાખી) તો બર્મામાં ધામધૂમથી ઊજવાય જ. ચાતુર્માસને બર્મામાં 'વા' કહે છે. પણ તે ત્રણ જ માસ પળાય છે. વા દરમ્યાન વર્ષાઋતુ હોય છે તેથી યોગીઓનાં પરિભ્રમણ બંધ હોય છે, ચોમાસા પછી થાડીંગ્યુત (શરદઋતુ) આવે છે. આપણી દિવાળીના અરસામાં જ ત્યાં પણ દીપોત્સવ ઊજવાય છે. ત્યારે પ્વે નાટિકાઓ ખૂબ ભજવાય છે ને બૌદ્ધ શ્રમણોને પીત-વસ્ત્રો તથા ઉપહાર અપાય છે.

થાઇદેશ તથા કંબોજની જેમ બર્મામાં પણ કાર્તિક-પૂર્ણિમા પર મોટો મેળો ભરાય છે. તે ટાણે જુદાજુદા લત્તાના લોકો એક નાના ઝાડને સરઘસ કાઢીને બૌદ્ધ વિહાર પર લઈ જાય છે. પશ્ચિમના ક્રિસ્ટમસ-ટ્રી જેવા આ નાના વૃક્ષ પર ભિખ્ખુઓ માટે અનેક ભેટ-સોગાદો લટકાવી હોય છે. આવા વૃક્ષને 'પદય-થાબિન' કહે છે.

પુરુષ-સમોવડી

બર્મામાં સંપૂર્ણ સ્ત્રી-સ્વાતંત્ર્ય પ્રવર્તે છે. આપણે ત્યાં તો સ્ત્રીઓને વારસા-હક્ક હજી હમણાં જ મળ્યો, પરંતુ બર્મામાં સ્ત્રીઓને માલ-મિલકતના, વારસાના, ધંધારોજગારના, ફરવાહરવાના તેમજ છૂટા-

ભારતની વીણા પેઠે બ્રહ્મદેશમાં સૌથી સુંદર સુડોળ ને સુરીલું ગણાતું વાદ્ય સૌંગ-કૉક





સુંદર કોતરણીયુક્ત લાકડાના ગોળાકાર ચોકઠામાં કાંસાના કુંભવાળું બર્મી વાદ્ય કયી વૈંગ

છેડાના સમાન હક્ક પહેલેથી જ છે. કૌશલ તથા ચતુરાઇમાં બર્મી સ્ત્રી ત્યાંના પુરુષ કરતાં જરા યે ઊતરતી નથી. બર્મી ગામડાંઓમાં તો કેટલાક વાર લગ્ન પછી પુરુષ તેના સાસરે ઘણો વખત રહે છે. પડોશના મણિપુર પ્રદેશમાં કે દક્ષિણ-ભારતના કેરળમાં પણ આવો રિવાજ હતો ને? લગ્ન પછી પણ સ્ત્રી પોતાનું નામ જ ચાલુ રાખે છે, પતિનાં કુટુંબનું નામ અપનાવતી નથી. છૂટાછેડા પણ અહીં ઘણી સરળતાથી મળી જાય છે. જો પતિ-પત્ની બંને છૂટાં થવાનો નિર્ણય કરે તો તો તેઓ ફક્ત ગામડાના અધ્યક્ષ પાસે જઇને છૂટા થયાની જાણ માત્ર કરે છે. વળી જો પત્ની એક વર્ષ માટે પતિ સાથે ન રહે અથવા પતિ ત્રણ વર્ષ માટે દૂર રહે તો સામી વ્યક્તિ છૂટાછેડા માગી શકે છે. આમ બર્મી સ્ત્રી સમાજમાં તેમજ ઘરમાં પુરુષની સમોવડી છે, છતાં તે પતિનું પૂરુ સન્માન જાળવે છે ને તેમનો ગૃહ-સંસાર ઘણો સુખી છે.

ભાષા

બર્મી ભાષા પર ભારત તેમજ ચીનની ઘણી અસર છે. તેમાં ઘણા સંસ્કૃત તેમજ પાલિ-જન્ય શબ્દો છે; ને બર્મી લિપિ તો દક્ષિણ-ભારતની પલ્લવી લિપિ પરથી જ ઉદ્‌ભવી છે. બર્મામાં કૌટુંબિક નામો કે અટકની પ્રથા નથી તેથી એક જ કુટુંબની વ્યક્તિઓનાં નામ સાવ જુદાંજુદાં હોય છે. છોકરો પુખ્ત વયનો ન થાય ત્યાં સુધી તેને 'મૌંગ' (નાનો ભાઇ) કહે છે, પરંતુ પોતાથી ઊતરતી કક્ષાના પુરુષને પણ જરા વહાલથી 'મૌંગ' કહી શકાય છે. તેવી જ રીતે મોટાભાઇ, વડીલ કે નિકટની સન્માનિત વ્યક્તિને 'કો' (મોટા ભાઇ) કહે છે. ઘણું સન્માન તથા પ્રતિષ્ઠા આપવા નામની આગળ 'ઉ' શબ્દ મુકાય છે—દાખલા તરીકે ઉ-નૂ, ઉ-ઑંગ-સાન. વડીલ કે સન્માનિત સ્ત્રી માટે 'ડૉ' શબ્દ મુકાય છે. આપણે ત્યાં રાશિ પ્રમાણે નામ પડે છે, જ્યારે બર્મામાં વાર(ગ્રહ) પ્રમાણે. આમ ગુરુવારે જન્મેલાનું નામ 'પ' 'બ' કે 'મ' પરથી શરૂ થાય છે. બીજા વારના પણ તેવા જ નિશ્ચિત અક્ષરો હોય છે.

પોષાક

બર્મી દેશનેતાઓએ રાષ્ટ્રીય પોષાક અપનાવ્યો છે ને તેને સજીવ રાખ્યો છે. પુરુષના પોષાકમાં ચોકડીદાર લૂંગી ને ઉપર ખમીસ. ઠંડી ઋતુમાં ઉપર એક બંડી 'ઍંગી' પણ પહેરે. માથા પર સફેદ રેશમી રૂમાલ 'ધાઉં માઉં' ન બાંધે તો તો બર્મી રાષ્ટ્રીય પોષાક અધૂરો જ ગણાય. આ રૂમાલનો એક છેડો કાન પાસે લટકતો રાખે છે. ખેડૂતો

વળી પગમાં લાકડાની સપાટ પહેરે છે. બર્મી સ્ત્રીએ માથે રૂમાલને બદલે મોટો ચોટલો રાખે છે ને ખભે રેશમી દુપટ્ટો લટકાવે છે. બર્મામાં સ્ત્રી-પુરુષો બધાં મોટી ચિરૂટ પીતાં હોય છે.

ઉપસંહાર

રમણીય, ધર્મ-પરાયણ તેમજ કલાપ્રેમી બર્મામાં પૂરા ચાર દિવસ પણ હું ન રહી શક્યો. મુંબાઇનો સાદ હવે કાન પર અથડાતો હતો. ડિસેમ્બરની ૪થીએ સાન્તાક્રુઝ ઊતર્યો ત્યારે ઘેરથી નીકળ્યે પૂરા સિત્તેર દિવસ થયા હતા. તે हि नो दिवसा: गता:। કોઈ ચલચિત્રની જેમ પસાર થએલા આ પૂરા સિત્તેર દિવસો જાણે ઓગળી ગયા હોય તેમ વીતી ગયા, પરંતુ તેમની કાયમી મધુર છાપ મૂકતા ગયા. મારા લીધેલા અસંખ્ય ફોટોગ્રાફો તથા ફિલ્મો ન હોત તો ઘડીભર હું જ આ અતિ-વિસ્તૃત તથા સમૃદ્ધ પ્રવાસને કાલ્પનિક માની લેત. દરેક સ્થળે અસંખ્ય મિત્રોના સહજ, સહૃદયી સહકાર તથા સૌજન્ય વડે જ મારું પરિભ્રમણ આટલું સફળ, સમૃદ્ધ બની શક્યુ.

અક્ષર (અક્ષય) સંસ્કૃતિ

પૂર્વ એશિયામાં તેમજ અગ્નિ એશિયામાં ભારતીય સંસ્કૃતિ કેટલી વ્યાપક હતી ને તેનાં મૂળ કેટલાં ઊંડાં હતાં તે આજે ય જીવંત રહેલાં તત્ત્વો પરથી ઘણે અંશે જણાઈ આવે છે. ભારતીય સંસ્કૃતિ તો કોઈ મહા વટવૃક્ષની જેમ અક્ષય, સદા-વિસ્તરતી રહી છે. તેની શાખાઓ એશિયા-આફ્રિકા પર તેમજ કદાચ ઑસ્ટ્રેલિયા-અમેરિકામાં પણ ફેલાઇ હતી. એ વડવાઇઓએ સર્વત્ર એવાં મૂળ ઘાલ્યાં હતાં કે સમય જતાં તે તે પ્રદેશનાં જ વૃક્ષ હોય તેમ તે ફાલી નીકળી હતી. આજે પણ ઇતિહાસવિદોને બાદ કરતાં તે દેશોના સામાન્ય પ્રજાજનો તો તેમની સંસ્કૃતિને પોતાની જ આગવી માને છે. શિવ તથા વિષ્ણુ, ગણેશ તથા લક્ષ્મી, રામ તથા સીતા, હનુમાન તથા અર્જુન, તેમના જ જાણે દેવો-પૂર્વજો છે જેમનાં પૂજાપાઠ તેઓ નિયમિત કરે છે ને જેમનાં કથા-ચરિત્રો વાંચે છે ને ભજવે છે. પૂર્વેશિયામાં આપણાં રામાયણ-મહાભારતને આજે પણ આટલાં જીવંત, પ્રચલિત તથા લોકપ્રિય જોતાં આપણને રામાયણના રચયિતા આદિ-કવિ વાલ્મીકિએ રામાયણ માટે કરેલી ભવિષ્યવાણી સાર્થક લાગે છે:

'यावत् स्थास्यन्ति गिरय: सरितश्च महीतले।
तावद् रामायणकथा लोकेषु प्रचरिष्यति॥'

સત્તરમીથી વીસમી સદી સુધીનાં બસો-ત્રણસો વર્ષ સુધી એશિયા-આફ્રિકા પર યુરોપના દેશોની હકૂમત ચાલી. આપણા વિવિધ દેશો પર યુરોપનાં જુદાંજુદાં રાજ્યોનું શાસન જામ્યું. ભારત તથા બર્મા બ્રિટિશ સત્તા તળે આવ્યાં, જાવા-બાલી-સુમાત્રા પર ડચ હકૂમત ચાલી, કંબોજ-ચમ્પા પર ફ્રેન્ચ વર્ચસ્વ આવ્યું. પરિણામે આપણા દેશો બધા વિખૂટા પડી ગયા, આપણા પરસ્પરના ધાર્મિક સાંસ્કૃતિક તેમજ આર્થિક સંબંધો છૂટી ગયા. બૃહદ્ ભારતના ટુકડા થઈ ગયા. આજે જ્યારે હવે એશિયા-આફ્રિકા સ્વતંત્ર થઈ રહ્યા છે ને સૈકાઓની નિદ્રામાંથી જાગી રહ્યા છે ત્યારે આપણે આપણા એશિયાઇ-આફ્રિકી ભાંડુઓને મળીએ ને આપણા પ્રાગૈતિહાસિક યુગથી ચાલી આવેલા સાંસ્કૃતિક સંબંધો ફરી તાજા કરીએ, પુનર્જીવિત કરીએ, સમગ્ર એશિયાઈ સંસ્કૃતિની એકતાને તથા તેના ઊગમને પિછાણીએ.

પ્રાગૈતિહાસિક સમયથી જ ભારતના દીર્ઘદર્શી, સાહસિક અધિનિવેશકો પર્વતો ઓળંગી, સાગર પાર કરી દૂરદૂરના દેશોમાં જઈ વસ્યા હતા. મહર્ષિ અગસ્ત્ય ને પરાક્રમી કૌન્ડિન્ય તો તેમના પ્રતીક રૂપ છે. તેમના જેવા અસંખ્ય વિસ્મૃત થએલા ધર્મપ્રચારકો, રાજકુમારો, કલાકારો, વ્યાપારીઓ તેમજ ખેડૂતો ત્યાં બધે જઈ વસ્યા હતા. તેમના જ વંશજો તે આજના જાવી, કંબોજી, થાઇ, બર્મી લોકો. તે બધા કાંઈ આપણા અજાણ્યા નથી; આપણા જ ભાંડુઓ, પીતરાઇઓ છે. તેમની સંસ્કૃતિ આપણી જ સંસ્કૃતિની દુહિતા છે. આપણે તેમને આત્મીય ભાવે મળીએ ને આપણું ભ્રાતૃત્વ પુનર્જીવિત કરીએ. અસ્તુ.

આ લાંબી લેખમાળા વિષે બે શબ્દો ઉમેરું. એક સુયોગ રાતે 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ તથા હું ગુજરાત મેલમાં સાથે થઈ ગયા. તાજા જ ખેડેલા મારા પૂર્વ-એશિયાના સાંસ્કૃતિક પરિભ્રમણની વાત નીકળી. પછી તો મારા અનુભવો, અવલોકનો તથા સંવેદનો જણાવતાં ક્યારે લગભગ પરોઢ થઇ ગયું તેનું અમને ભાન ન રહ્યું. શ્રી બચુભાઇના આગ્રહ તથા પ્રોત્સાહનને કારણે જ આ લેખમાળા લખવાનું સાહસ મેં કર્યું. સિત્તેર દિવસ દરમ્યાન થએલા અસંખ્ય અનુભવો તથા દસેક સમૃદ્ધ દેશોની વિપુલ સંસ્કૃતિ વિષેનાં અનેક અવલોકનો લખવા બેસતાં તે કેટલી લંબાતી ગઇ તેનું ભાન પણ ન રહ્યું.

ઉતાવળે કરેલાં દસેક દેશોનાં અભ્યાસ-અવલોકન આછાં તથા અધૂરાં રહે તે સ્વાભાવિક છે. આ લેખમાળા તો પૂર્વેશિયામાં એક ડોકિયું માત્ર કરાવે છે ને ત્યાં સર્વત્ર વિસ્તરેલી ને આજે ય જીવંત રહેલી ભારતીય સંસ્કૃતિ તરફ તે કેવળ આંગળી ચીંધે છે. તેમાં માહિતીની ઊણપ, ભાષા-દોષો તથા વિશેષ નામોના ઉચ્ચારણની ભૂલો કદાચ જણાશે. વળી ક્યાંક કલ્પના-વિહાર પણ થઈ ગયો હશે. વાચક તે સર્વને ક્ષન્તવ્ય ગણે એ પ્રાર્થના. (સંપૂર્ણ)



ઊજળી જવાની

ઈ. ૧૯૫૮ના જૂન માસની ૧૭મી તારીખે મુંબાઇના આરે દૂધકેન્દ્રની હિલમન મોટરકાર રોકડ વકરાની મોટી રકમ લઇને જતી હતી તેને, ઠાકુરદ્વાર અને ક્વીન્સ રોડના એકાન્ત નાકા પાસે એક પૅાન્ટીઆક ગાડીએ એકાએક આંતરી અને કેટલાક માણસોએ તેમાંથી ઝડપથી ઊતરીને હિલમનમાંના માણસો પર રીવૅાલ્વરથી હુમલો કરી લૂંટ કરી. એ વખતે 'બેસ્ટ' કંપનીની બસમાં મુસાફરી કરતા મુંબાઇની રૂપારેલ કૉલેજના એક વિદ્યાર્થીએ એ દૃશ્ય જોયું અને ગોળીબારનો અવાજ સાંભળ્યો કે લાગલી જ તેણે સમયસૂચકતા વાપરીને પૅાન્ટીઆક ગાડીનો નંબર લઈ લીધો ને તરત પોલીસને ખબર આપી. એ ખબરને આધારે પોલીસ ગુનેગારોને ઝડપથી પકડી શકી અને છેવટે આરોપીમાંના એકને મોતની, બીજા પાંચને જન્મકેદની તથા એકને દસ વર્ષની સજા થઈ.

એ તરતબુદ્ધિ દાખવનાર તરુણ શ્રી કિશોર સુંદરરાવને, ગુનાખોરી નાબૂદ કરવા માટે અપાતો મુખ્ય પ્રધાનનો સુવર્ણચન્દ્રક પહેરાવતા શ્રી યશવંતરાવ ચૌહાણ ઉપલા ચિત્રમાં દેખાય છે.

આહાર અને આરોગ્ય પરની
લોકપ્રિય લેખમાળા [૧૪]માં

શાકભાજી

વિષેનાં

આ બે પરસ્પર વિરોધી મંતવ્યોમાંથી

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

મીન કાઢી બતાવે છે

શાકભાજીમાં સોડિયમ, પોટાશ્યમ કૅલ્શ્યમ, આયોડિન, મૅગ્નેશિયા, સોમલ આદિ બધા મહત્વના ક્ષાર અને કેરોટિન (વિટામિન 'એ'નું મૂળસ્વરૂપ) રહેલાં છે. ભાજી તો વળી વિટામિન 'બી' તથા 'સી' ને લોહ તથા પોટાશ્યમથી સમૃદ્ધ છે. શાકપાનમાં કાર્બોહાઇડ્રેટની સાકરને બદલે રહેલી સેલ્યુલોઝ અને ડેકસ્ટ્રીન જેવી શર્કરા મધુમેહી માટે સુપાચ્ય છે. તેમાંનાં સુગંધમય તત્ત્વો તાજગી આપવા સાથે પાચક રસો ઉત્તેજે છે.

શાક શરીરને ભેદનાર અને હાડકાંનો નાશ કરનાર હોઇ આંખો તથા વર્ણને પણ નુકસાન કરે છે. લોહી અને વીર્યનો તે નાશ કરે છે, બુદ્ધિનો ક્ષય કરે છે અને ગતિને કુંઠિત કરે છે. શાકપાનમાં રહેલા મોટા ભાગનાં કાષ્ઠક દ્રવ્યોને લીધે તે ભારે અને રુક્ષ હોવાથી પચવામાં મુશ્કેલ છે અને ઝાડાનું ભેદન કરે છે. પરમેશ્વરે શાકભાજી મનુષ્યો માટે નહિ પણ પશુઓ માટે બનાવ્યાં છે. મનુષ્યો માટે તો બીજ ને ફળ નિર્માએલાં છે.

આ ત્યાર સુધીમાં આપણે કાર્બોહાઇડ્રેટોથી ભરેલાં શૂક ધાન્યો અને પ્રોટીનોવાળાં શિંબી ધાન્યો વિષે જોઇ ગયા. હવે ખનિજ પદાર્થો, ક્ષારો ને વિટામિનોના ભંડાર સમાં શાકભાજી તથા ફળો વિષે જાણીએ. એમનું મહત્વ પણ આહારમાં કંઇ ઓછું નથી.

'આહાર એટલે દાળ ભાત ને રોટલો-ભાખરી' એવો મોટા ભાગના લોકોનો ખયાલ છે. એમના આહારમાં શાક અને ફળો હોય છે ખરાં, પણ તે કદીક અને અમુક ઋતુ પૂરતાં જ. એ આહાર જોકે ગરમી અને શક્તિ આપનારો તો છે, પણ એમાં ક્ષાર અને ખનિજ પદાર્થોની ઊણપ છે, જે આરોગ્ય માટે તદ્દન અનિવાર્ય છે. એમનું સ્વલ્પ પણ પ્રમાણ શરીરના બંધારણ ને ખિલવણીથી માંડી શારીરિક ક્રિયાઓનાં નિયમન, આરોગ્ય અને રોગનિવારણ માટે અત્યંત જરૂરી છે.

શાકપાનની વિશિષ્ટતા એ છે કે આપણને તે રસાળ સ્વરૂપમાં મળે છે. એમનામાં ૭૫ થી ૯૫ ટકા જેટલું પાણી હોય છે. એમનામાં શરીર બાંધનારાં કે શક્તિદાતા દ્રવ્યો જેવાં કે કાર્બોહાઇડ્રેટ, ચરબી પ્રોટીનો વગેરે હોય છે તો ખરાં, પણ બહુ થોડાં. (હા, કંદમૂળોમાં કાર્બોહાઇડ્રેટની વિશેષતા છે.) છતાં શાકપાનનાં પ્રોટીનોની વિશિષ્ટતા એ છે કે તે શૂક અને શિંબી ધાન્યોનાં પ્રોટીનો કરતાં ચડિયાતાં છે.

બધા પ્રકારનાં શાકોમાં મહત્વના ક્ષારો સોડિયમ, પોટાશ્યમ અને વત્તાઓછા પ્રમાણમાં લોહ ને કૅલ્શ્યમ હોય જ છે; તેમાંયે ખાસ કરીને ભાજી તો કૅલ્શ્યમથી સમૃદ્ધ છે. લાલ તાંદળજામાં અને મીઠા લીમડામાં દૂધના કરતાં સાતગણું વધારે કૅલ્શ્યમ છે. વળી શાકપાનમાં કૅલ્શ્યમ-ફૉસ્ફરસનું યોગ્ય પ્રમાણ હોવાથી શરીરમાં તેનો સારો ઉપયોગ થાય છે. કારેલાં, ગુવાર અને પાનાં પોથાંમાં લોહના ભંડાર છે. કંદમૂળ પણ આનું સારું સાધન છે. વળી લોહીના લાલ કણોના બંધારણ માટે ત્રાંબું જરૂરી છે, તે પણ શાકપાનમાંથી સારા પ્રમાણમાં મળી રહે છે. શીંગોના શાકમાં આયોડિન, મૅગ્નેશિયા, સોમલ અને ફ્લોરિન હોય છે. મૅલેટ્, ઑકસોલેટ્, ટાર્ટરેટ્ અને બીજા છૂટા સેન્દ્રિય ઍસિડો પણ શાકપાનમાં છે.

આ બધાંનું મહત્વનું કામ આપણા લોહીને અલ્કગુણયુક્ત રાખવાનું છે. આપણા આહારના પ્રોટીનો, કાર્બોહાઇડ્રેટો ને ચરબીના આથવણથી એસિટોન ઉત્પન્ન થાય છે અને ખામીભરી જીવનક્રિયાને લીધે યુરેટો પેદા થાય છે. એથી લોહી આમ્લિક (Acidic) બને છે. એને સમારવાનું કામ શાકના ક્ષારો અને ખનિજ પદાર્થો ઉપાડે છે.

ક્ષારો અને ખનિજ પદાર્થોની જેમ વિટામિનોનું પ્રમાણ પણ કંદમૂળ કરતાં શાકનાં પાંદડાંમાં (ભાજીમાં) વધારે છે. લીલાં પાંદડાં એ છોડનાં યકૃત અને ફેફસાં જેવાં હોઇ તેમાં આવશ્યક તત્ત્વોના ભંડાર છે. ભાજી તો કેરોટિન (વિટામિન 'એ'નું પૂર્વ રૂપ), વિટામિનો 'બી' અને 'સી', કૅલ્શ્યમ, લોહ અને પોટૅશિયમથી સમૃદ્ધ છે. તાજી ભાજીમાં વિટામિન 'સી' ભરપૂર હોય છે. આમળાં ને જામફળ સિવાય બધાં ફળો કરતાં ભાજીમાં વિટામિન 'સી' વિશેષ હોય છે.

કંદમૂળમાં સ્ટાર્ચ અને સાકર વધારે છે; વિટામિન 'બી' તથા 'સી' પણ ઠીક પ્રમાણમાં છે. પણ વિટામિન 'એ' તો ફક્ત પીતરંગી ગાજર અને શક્કરિયાંમાં છે. ધોળાં કરતાં પીળાં કે લાલ શાકોમાં કૅરોટિન વધારે હોય છે. ખનિજ ક્ષારો પણ ઠીક પ્રમાણમાં હોય છે. માત્ર કૅલ્શ્યમ અને લોહ ભાજી કરતાં ઓછાં હોય છે.

શાકપાનમાં કાર્બોહાઇડ્રેટ માત્ર ૩ થી ૫ ટકા હોય છે. તેમાં સ્ટાર્ચ તથા તેના વ્યુત્પન્નો (ડેરીવેટિવ્ઝ) 'કેઈન સ્યુગર' અને 'ગ્લુકોઝ' નજીવા પ્રમાણમાં છે અને તેમની જગ્યાએ સેલ્યુલોઝ તથા ડેકસ્ટ્રીનો વગેરે શર્કરાઓ છે, કે જે મધુમેહી રોગીને બહુ સારી રીતે પથ્ય નીવડે છે. વળી કાર્બોહાઇડ્રેટો ઓછા હોવાથી મેદોવૃદ્ધિવાળા માટે પણ શાકપાન વજન ઉતારવા સારુ યોગ્ય આહાર છે. ઉપરાંત શાકપાનમાં સુગંધમય તત્ત્વો છે તે તાજગી આપવા સાથે ભૂખ અને પાચકરસોને ઉત્તેજે છે, ને પાચનમાં સહાય કરે છે.

લીલોતરી શાકપાનમાં કાષ્ઠક દ્રવ્યો(સેલ્યુલોઝ) છે. એ જોકે પાચક રસોની ક્રિયામાં અંતરાય આણે છે છતાં એનો અપચ્ય એવો અવશેષ આંતરડાંમાં ભારની ગરજ સારતો હોઈ આંતરડાંનું હલનચલન ઉત્તેજે છે. પરિણામે મળ ધક્કેલાઇને દસ્ત સાફ આવે છે. માંસાહારમાં રેષાતંતુઓ નહિ હોવાથી માંસાહારીઓ મોટાભાગે બંધકોષથી પીડાય છે. એમના આહારમાં શાકભાજી બંધકોષ નિવારવાનું કામ ઉપાડે છે.

તાજાં શાકભાજીનું પોષણમૂલ્ય બહુ નથી. એમાં પ્રોટીન થોડાં અને ચરબી તો નજીવી છે. એમનું પાચન પણ અટપટું છે. પણ એમનાં ગંધમય તત્ત્વોથી પાચકરસો ઉત્તેજાઇને આહારમાં લીધેલાં મચ્છી કે માંસનું પાચન સરળ બને છે. પણ આની વિરુદ્ધની એક વાત એ છે કે એનાં પુષ્કળ પ્રમાણનાં કાષ્ઠક દ્રવ્યોથી હોજરીમાં ભાર થઇને ભૂખ વહેલી સંતોષાય છે. વળી હોજરીની આકુંચનલહરી (પેરિસ્ટાલિસ)ને પણ તે ધીમી પાડે છે. તેનો વિપાક (ફર્મેન્ટેશન) પણ જલ્દી થાય છે. વિપાકમાં પ્રગટેલા વાયુઓથી આંતરડાં ફૂલે છે. જો વિપાક પુષ્કળ વધે તો વાયુપ્રકોપ થઈ બિચેની ઊપજે છે. ખાસ કરીને વનસ્પત્યાહારીઓને ઝાડા થઈ આવે છે. પંડિત ભાવમિશ્રે પણ આ બીના આમ દર્શાવી છે : प्रायः शाकानि सर्वाणि विष्टम्भीनि गुरूणि च, रुक्षाणि बहुवर्चांसि सृष्टविण्मारुतानि च॥ સામાન્યતઃ બધાં શાકો વાયુ કરનાર અને ભારે છે. તે રુક્ષ છે, તેથી દસ્ત અને પવનની છૂટ સારી રહે છે. આમ હોવાથી આહારનાં પોષણદ્રવ્યો આંતરડાંમાં પૂરતાં શોષાયા વિના શરીર બહાર ધક્કેલાઈ જાય છે. શાકપાન મોટા ભાગે મૂત્રલ છે.

છતાં સમગ્ર દૃષ્ટિથી વિચારતાં રોજિંદા આહારમાં શાકપાનનું મહત્વનું સ્થાન છે. જોકે આટલું ધ્યાનમાં રાખવાનું કે તે આહારનું મુખ્ય

અંગ તો નથી; પણ અમરકોષમાં શાક શબ્દની આવેલી નિરુક્તિ પ્રમાણે शक्नोति अनेन भोक्तुम्। (જેના વડે ખાઇ શકાય છે એટલે કે) શાક વગર ખાવાનું ન ભાવે એ અર્થમાં આપણે શાક ખાવાં ઇષ્ટ છે.

કોઇક આયુર્વેદાચાર્યોએ તો શાકપાનની ભારે વિડંબના કરી છે. સોળમા સૈકામાં થએલા ભાવમિશ્રે શાકપાન માટે લખ્યું છે કે: 'શાક શરીરને ભેદનાર અનેહાડકાંનો નાશ કરનાર હોઇને આંખો તથા વર્ણનો નાશ કરનાર છે. લોહી અને વીર્યનો નાશ કરનાર છે. બુદ્ધિનો ક્ષય કરનાર છે તેમજ ગતિને કુંઠિત કરે છે, એવું તજ્જ્ઞો કહે છે. દરેક શાકમાં રોગ વસેલા છે, જે શરીરનો વિનાશ કરે છે. આ કારણથી બુદ્ધિશાળી મનુષ્યોએ શાકનો ત્યાગ કરવો ઘટે છે. અમ્લ (ખાટા) પદાર્થોના સેવનમાં પણ આવા જ દોષ રહેલા છે.' મહર્ષિ સુશ્રુત પણ કહે છે, 'શાક ઝાડાનું ભેદન કરે છે. ભારે ને રુક્ષ છે. વિષ્ટંભી હોઈ પચવામાં ભારે છે. કષાય છે અને સ્વાદિષ્ટ પણ છે.'

આ પ્રાચીનોની જેમ અર્વાચીન જમાનામાં પણ શાક વિરુદ્ધ લખનારા તો છે જ. ડૉ. જે. એચ. કેલૉગ 'ધ લિવિંગ ટેમ્પલ' નામના પુસ્તકમાં લખે છે, 'પરમેશ્વરે શાકભાજી મનુષ્યો માટે બનાવ્યાં નથી, પશુઓ માટે જ તે બનાવેલાં છે. મનુષ્યોને ખાવા માટે બીજ અને ફળ નિર્માએલાં છે....દરેક શાકમાં મોટા પ્રમાણમાં કાષ્ઠક છે જે પચાવવા માટે પ્રબળ પાચકરસોની જરૂર છે. શાકને પ્રવાહીરૂપમાં પલટાવવા માટે અન્નમાર્ગને પુષ્કળ શ્રમ ઉઠાવવો પડે છે. શાકોમાં જો પૌષ્ટિક તત્ત્વો હોત તો આટલો બધો ઉઠાવેલો શ્રમ સાર્થક લેખાત, પણ એમનામાં તો પોષક તત્ત્વોનો અભાવ જ છે...આથી સ્પષ્ટ થશે કે મનુષ્યો ખોરાકમાંથી જરા પણ નુકસાન વિના શાક છોડી દઈ શકે છે. આમ છતાં તંદુરસ્ત માણસો માટે કોઈકોઈ વખત આ લહેજતદાર ખાદ્ય પદાર્થો સારા છે, કારણ કે ખોરાકમાં એથી વિવિધતા રહે છે.'

હવે ડૉ. ચંદ્ર ચક્રવર્તીના શાક સંબંધી વિચારો જોઇએ: 'મહત્ત્વના ક્ષારો આપનાર ને બીજા ખોરાકો–ખાસ કરીને માંસાહાર–થી અમ્લગુણયુક્ત રાખનાર તરીકે શાકના મહત્ત્વની અવગણના ન થઈ શકે; પણ દરેક બાબતમાં અતિયોગ ત્યજવાનો છે. હિંદ જેવા દેશમાં જ્યાં પ્રાણિજ પ્રોટીન થોડું લેવાય છે અને મોટા ભાગે શરીરની ઓછામાં ઓછી જરૂરિયાત કરતાં પણ પ્રોટીનો ખાવાનું ધોરણ નીચું છે ત્યાં શાકભાજીનો અતિયોગ ફાયદાને બદલે નુકસાનકર્તા નીવડે છે, કારણ કે શાકભાજી આંતરડાંમાં આકુંચન લહરી પેદા કરે છે જેથી વારંવાર દસ્ત થવાથી શોષાયા વિના આહારનો નિકાલ થઈ જાય છે. જરૂરિયાત કરતાં વધુ પ્રોટીન ખાનારા અને બંધકોષથી પીડાતા માંસાહારીઓ માટે શાકભાજી ઘણાં અગત્યનાં છે. આંતરડાંના સોજાના અને અતિસારના રોગીઓએ શાક ત્યજવાં જોઇએ, કારણ કે શાકથી આ રોગોમાં વધારો થાય છે.'

આમ છતાં ડૉ. ચંદ્ર લખે છે 'સમગ્રતયા શાકનું મિત પ્રમાણ ફાયદાકારક છે. તે અ-દાહક અને ઝાડો સાફ આણનાર છે. એની અલ્કગુણયુક્તતા ભસ્મીકરણને તથા સમગ્ર પોષણને સરળ બનાવે છે.'

આયુર્વેદની અસર નીચે કે ગમે તે કારણોસર આપણા લોકોને શાક ઓછાં ખાવાની ટેવ હતી. અરે, વરા વખતે પણ મિષ્ટાન્નની વિપુલતા હોય પણ શાકની તો ખેંચ જ રહેતી. પણ આ સદીના પ્રારંભથી, કદાચ વિટામિનોની શોધ બાદ, તે મેળવવા માટે પુષ્કળ શાક ખાવાની યુરોપીય દેશોમાંથી વહેતી મુકાએલી વાતો આપણે પણ જોરશોરથી સ્વીકારી લીધી છે. હા, માંસાહારીઓને શાકની અત્યંત આવશ્યકતા છે, કારણ કે માંસાહારથી લોહીમાં પેદા થએલી અમ્લતા અને આંતરડાંમાં પેદા થએલો સડો શાક ખાવાથી દૂર થાય છે અને દસ્ત સાફ આવે છે. વનસ્પત્યાહારીઓને પણ રક્ષણાત્મક દ્રવ્યો મેળવવા તો શાક ખાવાની જરૂર છે જ. આ દૃષ્ટિથી જ આયુર્વેદમાં ઘણાં શાકોના ગુણદોષ વિસ્તારથી વર્ણવેલા છે. પણ શાકના પ્રમાણ માટે વિવેક જાળવવાનો છે. આ હકીકત આપણે પ્રાચીન વૈદક સાહિત્ય દ્વારા જાણીએ. कोऽरुक्
कोऽरुक् कोऽरुक् પક્ષીરૂપ ધન્વન્તરિના कोऽरुक् (નીરોગી કોણ?) કહીને પુછેલા ત્રણ પ્રશ્નોના જવાબ આયુર્વેદાચાર્ય વાગ્ભટ્ટે આ પ્રમાણે આપ્યા છે: 'हितभूक्, मितभूक् અને अशाकभूक्=હિત (કર) ખોરાક ખાનાર, મિત (માફકસર) ખોરાક ખાનાર અને (अशाकभूक्ના શ્રી બાપાલાલ વૈદ્યે કરેલા અર્થ અનુસાર) થોડું શાક ખાનાર નીરોગી રહે છે.' ટૂંકામાં વધુપડતાં શાકથી પેટ ભરવા માટે આયુર્વેદમાં ચેતવણીના સૂર કાઢેલા છે. મિત પ્રમાણમાં દરેક જણે રોજ શાક ખાવાં હિતાવહ છે. આ પ્રમાણ રોજનું આઠ ઔંસનું છે. ઋતુકાલ અનુસાર મળતી ભાજીઓ દરરોજ પાશેર દોઢપાશેર ખાવી જ જોઇએ.


શાકભાજી શૉખ કે સ્વાદ માટે ખાવાનાં નથી. માટે એમનો પૂરેપૂરો ગુણ શરીરને મળે તે રીતે તેમની પસંદગીમાં અને રાંધવામાં થોડી કાળજી રાખવાની છે. આમાં થતી ગફલતના પરિણામે શાકપાનના ગુણનો પૂરો લાભ નથી મળતો.

લીલુંછમ, તાજું અને કૂમણું શાક ખરીદવું. પાકી ગએલું કે કહોવાએલું શાક કદી ન ખરીદવું. આવાં શાક રોગજનક નીવડે છે. વાસી કે કરમાઇ ગએલું શાક ના ખરીદવું. ખરી રીતે તો વાડીમાંથી તાજાં જ કાપેલાં કે ચૂંટી આણેલાં શાક ખાવાં. કોઇ પણ જાતની ભાજી વાડીમાંથી આણ્યા બાદ વેળાસર ખાવામાં લેવી. અડતાલીસ કલાકમાં તો એના વિટામિન 'સી'ના એંશી ટકા નાશ પામે છે. જો રાત્રે ભાજી આણી હોય તો તેનાં મૂળ કાપી, ભાજી ઉપર ઠંડું પાણી છાંટી તપેલીમાં ઢાંકીને રાખવી. વાસી ભાજીમાંથી પાણી, શર્કરા, વિટામિન 'સી' સ્વાદ અને પોષણ નાશ પામે છે. ખૂબ વાસી કૉબિજ અને કૉલિફ્લાવર ખાવાથી એનાં આથવણોને લીધે પેદા થએલાં દ્રવ્યોથી પેટમાં ચૂંક ને આફરો વગેરેની પીડા થઈ આવે છે. મોટાં શહેરોમાં તાજાં શાક મળવાં દુર્લભ છે, પણ આધુનિક ઠારવાની (રેફ્રીજરેશનની) અને વાહનવ્યવહારની વ્યવસ્થાથી તાજાં શાક સુલભ બને છે. શીત કરેલાં શાકોમાં, શાકની સોડમ, ક્ષારો અને વિટામિનોનું પ્રમાણ મોટા ભાગે જળવાઈ રહે છે. માટી સાફ કર્યા બાદ કંદમૂળોને ઠંડી અને અંધારી જગ્યામાં સંઘરવાં.

કાપવાથી, છોલવાથી, છીણવાથીને છૂંદવાથી શાકના કોષોને ઈજા પહોંચી વિટામિન 'સી'નો નાશ થાય છે. બુઠ્ઠા કરતાં ધારદાર ચપ્પુથી થોડા કોષો નાશ પામે છે. ભાજીનાં પાન કાપવા કરતાં ચૂંટવાં સારાં. શાક ઊભાં સમારવાં. આડાં કે ત્રાંસાં કાપવાથી વધુ પોષણ દ્રવ્યો નાશ પામે છે. શાક મોટું સમારવું જેથી એનું આહાર-મૂલ્ય જળવાઈ રહે.

શાક સમારતાં અગાઉ પાણી વતી સારી પેઠે ધોવું. ગરમ ને મીઠાવાળા પાણી વતી શાક ધોવાથી આથવણોનો નાશ થતાં વિટામિન 'સી' થોડું નાશ પામે છે. વળી શાક સમારીને ખુલ્લું ન રાખવું. એથી બટાટા, સૂરણ, રીંગણ, દૂધી જેવાં શાક શ્યામ પડે છે ને હવાના પ્રાણવાયુના સ્પર્શથી વિટામિન 'સી' નાશ પામે છે. સમારેલા શાકને પાણીમાં ડૂબાડૂબ રાખવું, પણ તેને પાણીમાં વધુ વખત ન રાખવું. એથી શાકના દ્રાવ્ય ક્ષારો, વિટામિનો પ્રોટિનો ને સ્ટાર્ચો પાણીમાં ઓગળી જાય છે.

કેટલાંક શાક છોલવાં પડે છે. પણ જાણવા જેવું છે કે છાલની નીચે જ વિટામિનો ને ક્ષારો હોય છે. ટમાટાંની છાલમાં ગર્ભ કરતાં ૨૦ ગણું અને રસ કરતાં ૧૦૦૦ ગણું કૅરોટિન છે. આમ હોઇને શાક વધારેપડતાં છોલવાથી મોટા ભાગના ક્ષારો અને વિટામિનો વેડફાઇ જાય છે. રીંગણ, પરવળ, ઘીલોડાં, કારેલાં વગેરે શાકોને છોલવાની જરૂરત ન હોવા છતાંય શહેરના લોકો સુઘડતા અને શ્રીમંતાઈ ખાતર



આપણે બોલી કેમ શકીએ છીએ?

શ્વાસથી આપણે જીવન ટકાવી શકીએ છીએ એટલું જ નહિ પણ આપણી સૂંઘવાની શક્તિ પણ એને લીધે છે. ઉપરાંત, તમે એ નહિ જાણતા હો કે આપણી શ્રવણશક્તિનો મદાર પણ તેની ઉપર છે; કેમકે આપણા શ્વાસમાં લેવામાં આવતી હવા માથાની બંને બાજુએ આવેલી યુસ્ટેકિયન નળીઓમાં જઈ કાનના પડદા પછવાડેની હવાનું જે પ્રમાણસર દબાણ જાળવે છે તેને લીધે આપણે સાંભળી શકીએ છીએ.

પણ જીવન ટકાવવા જેટલું જ શ્વાસનું બીજું મોટું કર્તવ્ય તે આપણને અવાજ કાઢવામાં મળતી તેની મદદ? વાતચીતની આપણી શક્તિ શ્વાસોચ્છ્વાસ ઉપર જ અવલંબી રહેલી છે.

ખરી રીતે આપણી શ્વાસનળીનો ઉપલો ભાગ (larynx) જ અવાજ ઉપજાવવાનું કામ કરે છે. આપણે તેને સ્વરપેટી કહીએ. એ સ્વરપેટીમાં શ્વાસનળીના અસ્તર સાથે જોડાએલી એક આળી ચામડી હોય છે. એક સ્થળે એ, બે બાજુ રહેતી પાંખડીઓ જેવી બની રહે છે. પાંદડાં કે રબ્બરની પિપૂડીઓમાં બને છે તેમ, અવાજ ઊપજતી વખતે આ બંને પાંખડી એક-બીજીને તદ્દન લગોલગ આવી જાય છે, અને તેમની વચ્ચે રહેલી સાંકડી જગ્યામાંથી અવાજ નીકળે છે. જ્યારે આપણે નથી બોલતા ત્યારે તે પાંખડીઓ છૂટી રહી શ્વાસને જવા-આવવાનો રસ્તો મોકળો કરે છે.

આ પાંખડીઓ સ્વરતંતુઓ (vocal cords) કહેવાય છે. તેઓ એકબીજીની લગોલગ આવતાં તેમની વચ્ચે રહેતા તદ્દન સાંકડા પોલાણમાંથી પસાર થતી હવાનાં આંદોલન ઊપજે છે, ને તેને લીધે અવાજનાં મોજાં ઉત્પન્ન થઇ આપણા હોઠ દ્વારા બહાર ફેલાય છે. અવાજની તીવ્રતા (pitch)નો આધાર આ સ્વર-તંતુઓ પર આવતા ખેંચાણના પ્રમાણ પર હોય છે. જેમ તે ખેંચાણ વધુ તેમ અવાજ વધુ તીવ્ર.

ચૌદ વર્ષની વયે પહોંચતાંવેંત છોકરાઓની સ્વરપેટી કદમાં વધી જાય છે અને સ્વરતંતુઓની લંબાઈ પણ વધે છે. એ વયે અવાજને ઠરડાતો બનાવનાર પણ આ ફેરફાર છે. આ ફેરફાર ચાલુ હોય ત્યારે બહુ ગાવાની મૂર્ખાઈ ન કરવી જોઇએ, કારણ તેથી સ્વરપેટી બગડવાની ધાસ્તી રહે છે.

બોલવાની સારી છટા અને સંગીતનો આધાર આ સ્વરપેટી અને મોઢાની ઉઘાડવાસના યોગ્ય કદ અને આકાર પર રહે છે, અને એ વાત આપણા કાબૂની હોઈ કોઇ પણ માણસ વાક્છટા અને સંગીતમાં તો ધાર્યા મુજબ પોતાના ગળાને કેળવી શકે છે. જન્મ-બહેરાં માણસો જે બોલી નથી શકતાં તેઓ પણ આ સિદ્ધાંત પ્રમાણે પોતાની વાચા કેળવી શકે.

આપણે જે જુદાજુદા સ્વરો ઉચ્ચારી શકીએ છીએ તે બોલતી વખતે થતા મોંના અમુક ફેરફારોથી જ. એવા મુખ્ય સ્વરો બોલતી વેળા મોંના જે ફેરફારો કરવા પડે છે તે આ ઉપરના ચિત્ર પરથી સમજાશે. વ્યંજનો તો દાંત અને જીભના વપરાશથી જ ઉચ્ચારી શકાય છે. આ જાણ્યા પછી, ફુરસદને વખતે, હળવે રહીને, ખૂબ ધીમેધીમે, એક પછી એક મૂળાક્ષરો બોલતાં જતાં મોં, હોઠ અને જીભમાં થતા જતા ફેરફારોનું નિરીક્ષણ કરવું રસદાયક થઇ પડશે. (World of Wonder)

એમને ક્યાં છોલતા નથી હોતા? છોલવામાં વિટામિનો ને ક્ષારો વેડફાઇ ગયા પછી શાકમાં ખાવાનું રહ્યું શું? લાકડું કે બીજું કંઈ? ખાવા યોગ્ય ભાગ ફેંકી દેવાથી શાકોનાં આહારમૂલ્યોનો મોટો ભાગ વેડ-ફાઈ જાય છે. કૉબિજના અંદરના ધોળા ભાગ કરતાં બહારનાં શ્યામ પાંદડાંમાં સો ગણું કૅરોટિન, ૧૫ ગણું કૅલ્સ્યમ અને બેગણું લોહ હોય છે. આ પાંદડા આપણે સમારીએ છીએ ખરા? આવી રીતે શાકના લીલા ભાગો જેવા કે શીંગનાં કૂમળાં છોડાં, શાકનાં ટોચકાં અને ડાંખ-ળીઓ ફેંકી દેવામાં આપણે શાકનાં આહારદ્રવ્યો વેડફી મારીએ છીએ.

હા, બટાટા, શક્કરિયાં વગેરે કંદમૂળોનાં છોડાં કાઢવાં હોય તો તેમને બાફ્યા બાદ ઉખેડવાં. વળી ગુવારશીંગ, પાપડી, તુવેરના લીલવા ને સૂરણ બાફ્યા બાદ રાંધવામાં આવે છે. પણ બાફવામાં ગએલો વધારે સમય ને એ માટે વપરાએલા વધારે પાણીના પ્રમાણમાં શાકના ક્ષારો પાણીમાં ઓગળે છે. વળી ગરમીને લીધે વિટામિનો પણ નાશ પામે છે. અખતરાથી જાણવામાં આવ્યું છે કે બાફવાથી શાકનું અરધું લોહ, ૪૫ ટકા ફૉસ્ફરસ અને મૅગ્નેશ્યમ તથા ૩૦ ટકા કરતાં વધારે કૅલ્સ્યમ નાશ પામે છે. કેટલાંક શાકોમાં આથી વધારે પ્રમાણમાં નાશ પામે છે. વિટામિનોમાં બી૧, બી૨ અને સીનો નાશ થાય છે. આ કારણે આહાર-વિજ્ઞાનીઓ તો કહે છે કે શાક બાફો તો

શાકને ફૂંકી દઈ બાફેલું પાણી પીવું એ વધારે સારું છે! અલબત્ત આ ન થઈ શકે, પણ એ પાણી દાળ બનાવવામાં સારી રીતે વાપરી શકાય.

બટાટા ને શક્કરિયાંને પાણીમાં બાફવા કરતાં ભરહાડમાં શેકવાથી એમના બધા ક્ષારો, વિટામિનો અને શર્કરા જળવાઇ રહીને બાફવા કરતાં પણ તે વધારે મિષ્ટ લાગે છે. શાક રાંધતી વખતે આ રીત શક્ય નથી. ખરી રીતે તો બટાટા-શક્કરિયાંને પાણીમાં સારી પેઠે સાફ કર્યા બાદ સમારીને વઘારવાં અને ચાંગળું પાણી નાંખી ઢાંકવાં. પાણીની વરાળથી ચડેલા બટાટા સ્વાદમાં મઝેદાર રહે છે. બીજાં શાક પણ આ રીતે બનાવવાથી શાકના મિષ્ટ સ્વાદ સાથે એનાં પોષણ દ્રવ્યો પણ જળવાય છે.

શાક સમારીને તરત વઘારવું. જો સમારીને રાખી મૂકવામાં આવે તો શાકનું આહારમૂલ્ય ક્ષીણ થાય છે. દ્રાવ્ય વિટામિનો અને ક્ષારોવાળા કીમતી રસો ઝમી જાય છે. કાચાં શાક મોટા ભાગે દળદાર અને અપાચ્ય છે. યોગ્ય રંધાવાથી તે પોચાં પડે છે, એમના સ્ટાર્ચો પચવામાં સહેલા બને છે, પાચક રસોની ભેળસેળ સરળ બને છે, શાકને ચોંટેલા જીવાણુઓ કે પરોપજીવી જીવો નાશ પામે છે, શાકની સોડમ, દેખાવ અને કુમાશમાં વધારો થાય છે.

શાક રાંધવાની ત્રણ પ્રચલિત રીતો છે. બાફવાની, તળવાની અને વઘારવાની. અલબત્ત, આપણું દરેક શાક વઘારવામાં તો આવે છે જ, પણ છેલ્લી રીતમાં વઘારેલા શાકમાં ચાંગળું પાણી નાખવામાં આવે છે. આ રીતે ચડેલા શાકમાં બીજી રીતો કરતાં સોડમ અને પોષણ સારી રીતે જળવાય છે. પાણીથી શાક સુંવાળું પડવા સાથે જલદીથી ચડી જાય છે. લીલા રંગી શાકોની જેમ પીળા રંગી શાકોમાં થોડું પાણી વાપરવું. ડૉ. મિલ્ડ્રેડ મૅક્કાઈ કૈથાન લખે છે, 'વધારે પાણીમાં રાંધેલાં શાક પચવામાં અને અભિશોષણમાં ઘણાં મુશ્કેલ બને છે.' લાલ રંગી સ્ટાર્ચ ભરપૂર શાકોને વધારે પાણી જોઈએ છે. ભાજીઓના શાકમાં પાણી ન નાખવું, કારણ કે એમાં જ પુષ્કળ પાણી હોય છે. થોડું પણ પાણી નાખવાથી વિટામિનો અને ક્ષારો એમાં ઓગળે છે. આ પાણી પોષણદાયી હોવાથી ઓછું દૂધ પામતાં બાળકોને પાવું જોઈએ. એનાથી એમને ઉત્તમ પૂરક ખોરાક મળી રહે છે.

જેમ વધારે પાણીથી કે લાંબો વખત બાફવાથી શાકોના ક્ષારો નાશ પામે છે યા એવાં રૂપાંતર પામે છે કે તે શરીરને ઉપયોગી નથી નીવડતાં, તેમ રાંધવાની ગફલતથી પણ વિટામિનો નાશ પામે છે. ચૂલાના તાપથી અને શાક વારંવાર હલાવવાથી હવાનો સંસર્ગ થતાં કૅરોટિન નાશ પામે છે. આમ ન થાય તે માટે શાક ઉપર ઢાંકણું સખત ઢાંકવું અને તેને વારંવાર ન હલાવવું. કૉબિજ, કૉબિફ્લાવર, મૂળા ને મોગરીના શાકમાં રહેલા ગંધકના એક તત્ત્વમાંથી તરત જ હાઇડ્રોજન સલ્ફાઈડ વાયુ પેદા થાય છે. એની વાસ ઘર અને શેરીને ભરી દે છે. એ કાઢી નાખવા માટે શાક ઉપરનું ઢાંકણું એક-બે વાર પોલું કરી વરાળ જવા દેવી. વિટામિન 'બી' જૂથ પાણીમાં દ્રાવ્ય હોવાથી શાક ચડાવવા બહુ પાણી ન નાંખવું. વિટામિન 'સી' ગરમીથી નાશ પામે છે માટે શાક નીચે બહુ તાપ ન કરવો કે એમને લાંબો વખત ચૂલા કે સગડી ઉપર ન રાખવાં. વઘારમાં આવેલા મીઠાના આધારે વિટામિન 'સી'નો ઓછો નાશ થાય છે.

ધીમા તાપ ઉપર શાક લાંબો વખત ન રાખવાં, પણ જલદ તાપમાં થોડા વખતમાં રાંધવાં. કૂકરના વચલા ખાનામાં શાક વઘારીને ચડવા મૂકવાથી ગરમીના પ્રશ્નનો મોટા ભાગે નિકાલ થાય છે. ગરમીની અસરથી શાકના ખાદ્યમાણ નાશ પામે છે. પછી તો શાકનાં કાષ્ઠદ્રવ્યો જ ચાવવાનાં રહે છે. આ કારણે જ તેલમાં ખંખણાં કરેલાં કારેલાં, ઘીલોડાં, ટંકોડાં, કે પરવળ, ભીંડા ખાવા માટે ઇષ્ટ નથી. રાંધવામાં કૉબિજ માટે દસ પંદર મિનિટ, કૉલિફ્લાવર માટે આઠથી બાર મિનિટ, તો ભાજી માટે ત્રણથી પાંચ મિનિટ પૂરતી છે. શાકને વધારે રાંધવા કરતાં થોડાં કાચાં રહી જાય તો વાંધો નહિ. મોટાભાગનાં શાક પંદરથી વીસ મિનિટમાં રંધાઈ જાય છે.

ચૂલા ઉપર શાક રાંધવા માટે ડૉ. કૈથાન માટીના વાસણને વખાણતાં લખે છે, 'આ વાસણમાં ગરમી બધે પ્રસરીને એકસરખી જળવાઇ રહે છે. એમાં ઓછું બળતણ જોઇએ છે, ઓછું પાણી જોઈએ છે અને ઝડપથી રંધાય છે. આહારમૂલ્યોનો ઓછો નાશ થાય છે. ખોરાક વધારે સ્વાદિષ્ટ લાગે છે અને જલ્દીથી પચે છે.' આ માટીપાત્રની વાત થઈ; પણ હવેનો જમાનો ધાતુપાત્રથી આગળ વધી સ્ટેનલેસ સ્ટીલનો છે. આ વાસણોમાં એક ઠેકાણે વધારે તો બીજા ઠેકાણે ઓછી ગરમી લાગે છે એ વિચારવાનું છે. ત્રાંબાના વાસણમાં કદી શાક ન રાંધવું.

શાક (અને દાળ)માં વઘાર એ હિંદની આગવી રાંધણકળા છે. એની શાસ્ત્રીયતા અપ્રતિમ અને અનુપમ છે. એનાથી સ્વાદના છયે રસ પ્રાપ્ત થઇને ખોરાકમાં સ્વાદ ને રુચિ પેદા થાય છે અને પાચકરસો ઉત્તેજાય છે. આથી જ ડૉ. મિલ્ડ્રેડ કૈથાન આપણી શાકની રાંધણકળાને યુરોપીય રીત કરતાં શ્રેષ્ઠ લેખે છે. વઘારનાં વખાણ કરતાં શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે, 'વઘાર એટલે સંસ્કાર. સંસ્કાર શબ્દનો અર્થ છે 'ગુણાન્તરાધાન' અર્થાત્ એક ગુણનો બીજા ગુણમાં અન્તર્ધાન. વાલ વાયડા છે, પરંતુ અજમા-લસણનો સંસ્કાર આપવાથી તેનામાં ગુણ પરિવર્તન થાય છે. સોનું ને સુગંધ ભેગાં હોય તો એથી વિશેષ રૂડું શું?'

વઘારમાં ઘી કે તેલ આવે છે. આ ચરબીના આધારે શાકનું કૅરોટિન શરીરમાં અભિશોષિત થાય છે. ચરબીના અભાવે કૅરોટિનનો માત્ર અલ્પાંશ જ શરીરમાં શોષાય છે. જોયુંને? શાકમાં ઘી કે તેલનો વઘાર કેટલો યુક્તિસંગત અને અપરિહાર્ય છે? વઘાર સાથે આવતા મીઠાથી વિટામિન 'સી' જળવાય છે. આમલીની ખટાશથી સ્વાદ વધવા સાથે ખાદ્યપાણને રક્ષણ મળે છે. હા, શાકમાં કદી સોડા કે પાપડિયો ખાર નાખવો નહિ, એનાથી પોષણદ્રવ્યો નાશ પામે છે. શાકના ઍસિડો શમ (ન્યૂટ્રલાઈઝ) બનવાથી સોડમ નાશ પામે છે. ગળપણ માટે કદી ખાંડ ન વાપરવી. ખાંડથી શાકનું આહારમૂલ્ય ક્ષીણ થવા સાથે શાક અમ્લગુણયુક્ત બને છે.

વિટામિન 'સી'નો વધુ નાશ થતાં અગાઉ શાક ચડી જાય કે તરત ખાવું. આ શક્ય ન હોય તો બધી રસોઇ થઈ ગયા બાદ છેલ્લાં શાક વઘારવાં. શાક વઘારતા અગાઉ જ સમારવાનું ભૂલવું નહિ. વાસી શાકમાં આહારમૂલ્યો ક્ષીણ થાય છે; ફરી ગરમ કરવાથી એ નાશમાં વધારો થાય છે. દર ટંકે તાજું બનાવેલું શાક ખાવું.


ખરી રીતે તો શાકપાનનાં આહારમૂલ્યો પૂરાં મેળવવા માટે શાક કાચાં ખાવાનાં છે. કાચાં શાકપાનનું ખાણું દૂધની ગરજ સારે છે. બધાં શાક કાચાં ખવાતાં નથી; પણ ખાઇ શકાય એવાં આટલાં છે: મૂળા, મોગરી, કાકડી, પાકાં ટમેટાં, કૉબિજ, ગાજર, લસણ, ડુંગળી, પાલખ ને મૂળાની ભાજી. આ શાકોની છાલ ન છોલવી. બનતા સુધી આખાં ને આખાં અગર તો મોટાં મોટાં સમારીને તરત જ ખાવાં. ખૂબ ચાવીને ખાવાં. આ શાકોની કચુંબરમાં લીંબુ નીચોવવાથી કે દહીં ભેળવવાથી સ્વાદ વધવા સાથે આહારમૂલ્ય પણ વધે છે.

શાક રાંધવામાં એકલી કળા નથી, વિજ્ઞાન પણ છે. શાક આપણે માત્ર શોખ કે સ્વાદ ખાતર ખાતા નથી. એમાં રહેલા ક્ષારો, ખનિજ પદાર્થો અને વિટામિનો મેળવવા તે ખાવાં જરૂરી છે. શરીરને આ સૌનો પૂરો લાભ મળે તે માટે શાક રાંધવામાં પૂરી કાળજી રાખવી.

કલાવાર્તા

સ્વ. કલાકાર એ. એચ. મુલ્લર

લેખક • રવિશંકર રાવળ



અભિનવ સ્થાપત્યના મનોહર નમૂના રૂપ આ મકાન ઇંગ્લંડના માન્ચેસ્ટરમાં ફૅલોફીલ્ડ ખાતે આવેલી 'ડુમેસ્ટિક ઍન્ડ ટ્રેઇડ્ઝ કૉલેજ' માટે છ લાખ પૌંડ (લગભગ ૮૦ લાખ રૂપિયા)ની કિંમતે તૈયાર કરવામાં આવ્યું છે. માન્ચેસ્ટરના નગર-સ્થપતિએ સર્જેલા આ મકાનમાં ભઠિયારખાનાથી માંડીને માથાની વિગ બનાવવા સુધીના નાનાવિધ ઉદ્યોગોનું સર્વસ્પર્શી જ્ઞાન આપી શકાય એવી સારામાં સારી સગવડ-સજાવટ કરવામાં આવી છે.

ભારતમાં એક સમયે અતિ ખ્યાત બનેલા આ ચિત્રકાર ગયા વર્ષના (૧૯૬૦ના) સપ્ટેમ્બરમાં જોધપુર ખાતે એક ઑપરેશનના અંતે ગુજરી ગયા. એનાં ચિત્રોથી મુંબાઈ, બિકાનેર અને અન્ય શહેરોનાં સંગ્રહાલયોમાં સંવૃદ્ધિ થઇ છે. આવતા માર્ચ (૧૯૬૧)ની ૧૧મી તારીખે તે નેવું વર્ષ પૂરાં કરી શકત.

મૂળ ત્રાવણકોર રાજ્યના વતની શ્રી મુલ્લર તેમની યુવાવસ્થામાં ફૉરેસ્ટ ખાતામાં (અરણ્યવિભાગમાં) સરકારી નોકરી કરતા હતા. પરંતુ તેમની કલાભક્તિએ નોકરી છોડાવી. ચિત્રકામની તાલીમ તેમણે માત્રપુસ્તકોમાંથી અને પ્રકૃતિમાંથી જ મેળવી. પણ તે એવી સાધનાપૂર્વક કે ૧૯૧૪માં તો તેમણે 'રામ-સીતા'ના એક મોટા ચિત્ર ઉપર 'બૉમ્બે આર્ટ સોસાએટી'નો સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. એ કાળે દેશનું તે સર્વશ્રેષ્ઠ પારિતોષિક ગણાતું.

રાજા રવિવર્માના વિદેહ થયા પછી હિંદુ પૌરાણિક પ્રસંગોનો પ્રભાવ કળામાં સંપૂર્ણપણે તારનાર રવિવર્માની કક્ષાએ માત્ર મુલ્લર જ હતા એમ કહી શકાય. ઉપરાંત, પાછળથી તેમણે બિકાનેર–જોધપુરના રાજ્યાશ્રયે રહીને રાજપૂતોનાં શૌર્ય અને પરાક્રમોના પ્રસંગો ચીતર્યા છે, તે માટે પણ એ જ વાત કહી શકાય એમ છે.

બૉમ્બે આર્ટ સોસાએટીનો સુવર્ણચન્દ્રક મળ્યા પછી તેમની ખ્યાતિ ઘણી વધી ગઇ અને તે મુંબાઇના આગેવાન કલાકાર ગણાવા લાગ્યા. કલાભિજ્ઞ અને કલાના આશ્રયદાતા શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીએ તેમની પાસે રામાયણની ચિત્રમાળા શરૂ કરાવી, અને બીજા જ વર્ષે મુલ્લરે 'દુષ્યન્તના દરબારમાં' આશ્રમવાસીઓ સાથે આવેલી શકુન્તલાનું અનેક પાત્રોભર્યું, માનસ પરિસ્થિતિ દર્શાવતું એક મોટું જળરંગી (વૉટરકલર) ચિત્ર રજૂ કર્યું તે પણ ખૂબ પ્રશંસા પામ્યું. (ત્યારના અગ્રણી મરાઠી માસિક 'મનોરંજન'માં તે છપાએલું) (તેની પ્રતિકૃતિ મેળવવા અમે ઘણો, પણ નિષ્ફળ, પ્રયત્ન કર્યો છે.) એ ખરેખર આપણા રાષ્ટ્રીય ચિત્રાલયને લાયકની કૃતિ હતી.

આ પછી 'વીસમીસદી' માસિકના તંત્રી હાજીમહમ્મદ અલારખિયા શિવજીએ મુલ્લર સાથે સારો નાતો કેળવ્યો અને તેમના હાથે પોતાના પત્રની ઘણી વાર્તાઓનાં ચિત્રો કરાવ્યાં, જેમાં તેની પીંછીની કુમાશ અને હૃદયંગમ પાત્રનિરૂપણ 'વીસમીસદી'નાં ખાસ આકર્ષણ બન્યાં હતાં. એની એક 'ઘુંઘટવાળી' વાર્તાને અનુલક્ષીને તેમણે લખનૌના નવાબના રંગ-ઉદ્યાનનું એક સુંદર દૃશ્યચિત્ર કરેલું (આ સાથે તેની અતિ નાની પ્રતિકૃતિ આપી છે) તે એ વખતની માદન નાટક કંપનીના ચિત્રકાર મારા મર્હૂમ મિત્ર દીનશા ઈરાનીને એટલું ગમેલું કે તેમણે મુલ્લરની સંમતિ મેળવી કંપની તરફથી તેમને સારી રકમની રૉયલ્ટી અપાવીને તે પરથી નાટકકંપનીનો મુખ્ય આવરણ–પડદો (ડ્રૉપ સીન) ચીતર્યો હતો. એ પડદો એટલો લોકપ્રિય બન્યો કે બજારુ ચિત્રકારો ત્યાર પછી 'વીસમીસદી'માંથી તેની નકલો કરવા લાગ્યા. મારી ફાઈલમાંથી પણ એક ચિત્રકારે તે ચિત્ર ઉઠાંતરી કરી લીધાનું મને બરોબર યાદ છે!

એ ગાળામાં જ પહેલું વિશ્વયુદ્ધ શરૂ થએલું. ત્યારે એ કાળની અંગ્રેજ સરકારે લશ્કરની ભરતી કરવા માંડેલી, તેના ઉપલક્ષમાં મુલ્લરે 'ભરતી

······ નીચે ······

અમેરિકન કલાકાર નૉર્મન રૉકવેલની કલમનું સ્મરણ કરાવે એવું વિગતોની ચોક્કસાઈ અને આલેખનસામર્થ્ય દાખવતું પાત્રનિરૂપણ





આર્કિબાલ્ડ હરમન મુલ્લર

જયપુરમાંથી નીકળતા 'મિસેલેની' નામના સામયિકના નવેમ્બર ૧૯૬૦ના અંકમાંથી



વાજિદઅલી શાહની બેગમોનો રંગઉદ્યાન · કલાકાર મુલ્લરનું એક દશ્યચિત્ર

અમલદાર નાગરિક ઉમેદવારોની એક ટુકડી તપાસી રહ્યો છે' એવું નિરૂપણ કરતું એક વ્યંગ-ચિત્ર કરેલું. તેમાં બેઢંગા, લાંબાટૂંકા, કમ્મરેથી વળેલા એવા કચેરીઓ તથા પેઢીઓના ચિત્ર-વિચિત્ર જુવાનોની સરસ ઠેકડી ઉડાવી હતી અને લશ્કરી ભરતી-અમલદાર આ મસાલા-માંથી શી રીતે એક ટુકડી બની શકે તેનો વિચાર કરતો ઊભો કરી દીધો હતો.


સ્વ. નરસિંહરાવ દિવેટિયા જેવા વિદ્વાને પણ પોતાના 'સ્મરણમુકુર'માં ત્યારનું મુલ્લરનું જે દર્શન આપ્યું છે તે અહીં ઉતારીએ: "ખરી ચિત્રકલાના ઉપર પ્રભુત્વ અદ્ભુત જે'નું હતું હેવો ચિત્રકાર મૂલરનામનો કોણેનથી જાણ્યો? મુંબાઈના કલાપ્રદર્શનમાં હેણે ચાંદ મેળવેલું 'રામસીતા-વનવાસ'નું સમથૅ ચિત્ર હમેશાં મ્હારાં મનોનયન સમક્ષ તરે છે. એ કલાનાથનું ઓળખાણ પણ હાજીમહમ્મદે કરાવ્યું ફ્રીઅર રોડ ઉપર એક મકાનના બે માળ ઉપર ન્હાની ઓયડીમાં હેનો નિવાસ હતો; અત્યન્ત સાદા જીવનનાં ચિહ્ન નજરે પડતાં હતાં; માત્ર ચિત્ર-કલાના નમૂના ચારેબાજૂ આકર્ષણ કરતા હતા. એ દીન નિવાસસ્થાનમા હાજીમહમ્મદ મ્હને લઈ ગયો. અડધા કલાક ઉપરાંત ઉચ્ચ આનન્દમાં ગાળ્યો."

પોતાના જીવનનો શેષભાગ શ્રી મુલ્લરે જ્યાં ગાળ્યો તે રાજસ્થાનની સંસ્કારસંસ્થાઓ-માંથી કોઈ તેમનઃ જીવનનું સવિસ્તર સચિત્ર ચરિત્ર પ્રસિદ્ધ કરે એ ઘણું ઇષ્ટ બનશે.

કોઈ વાચક પાસે શ્રી મુલ્લરનાં ઉપર્યુક્ત નામી ચિત્રોના ફોટોગ્રાફો કે સારી છાપ હોય તે જો અમને મોકલશે તો તેની પ્રતિકૃતિ ઉતારી અમે સાભાર તે પાછાં મોકલીશું.

ભારતનું રાષ્ટ્રીય કલા-સંગ્રહાલય

ભારતના સંસ્કારસમૃદ્ધ કલાવારસાને આદર તથા સગવડપૂર્વક રાખવા માટે ઊભું કરવામાં આવેલું, આપણા રાષ્ટ્રીય સંગ્રહાલય (નૅશનલ મ્યૂઝિયમ)નું આ મકાન ગયા વર્ષ (૧૯૬૦)ના ડિસેમ્બરની ૧૮મી તારીખે ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્‌ને હાથે ખુલ્લું મુકાયું.



પાટનગર દિલ્હીમાં જનપથ અને મૌલાના આઝાદ રોડના સંગમ પર આવેલું આ મકાન, તેને માટેની મૂળ યોજનાના તો માત્ર ૪૫ ટકા ભાગ રૂપ એક જ એકમતરીકે પૂરું થયું છે. તેના બાકીના ભાગનાં હજી બીજાં ત્રણ પાસાં તેમાં ધીરેધીરે ઉમેરાતાં જઇને આખી યોજના ઈ. ૧૯૬૫માં સંપૂર્ણ થઇ જશે.

હજારો વર્ષના ગાળામાં રચાતી આવેલી ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિની ભવ્ય ગાથાને મૂર્તિમંત કરતા, પચાસ હજાર જેટલા અત્યંત રસભર્યા ને શ્રેષ્ઠ નમૂનાઓનો અહીંનો સંગ્રહ છેક પ્રાગૈતિહાસિક કાળથી થતા આવેલા ભારતીય સંસ્કૃતિના વિકાસનું એક સર્વગ્રાહી ચિત્ર ખડું કરી રહે છે. તેની સત્તર ગૅલેરીઓ (વીથીઓ), જેની લંબાઇ લગભગ એક માઇલ જેટલી થવા જાય છે, તેમાં હડપ્પા, મોહેં-જો-દડો, ને એવાં અન્ય પુરાતન સ્થળોએથી ખોદી કાઢવામાં આવેલા સંસ્કૃતિ-અવશેષો, શિલા-શિલ્પો, માટીની મૂર્તિઓ ને પાત્રો, ધાતુશિલ્પો ને પાત્રો, સિક્કાઓ તેમજ અન્ય સુશોભન-સાધનોનો મૂલ્યવાન ખજાનો સંગ્રહાયો છે.

ત્રાંબાનાં પતરાં પર કોતરાએલાં સંખ્યાબંધ દાનપત્રો તથા શિલાલેખોમાં ભારતની નાનાવિધ લિપિઓનો ક્રમવિકાસ અહીં મળે છે.

વળી તેમાં માનવવંશ શાસ્ત્રનો જે ભૌતિક ને સાંસ્કૃતિક વિભાગ ઉમેરાવાનો છે તેના પહેલા તબક્કા રૂપે ભારતના વિવિધ પ્રદેશો તથા રાજ્યોનાં વસ્ત્રાભૂષણો તથા વેશપરિધાનનો લાક્ષણિક સંગ્રહ આ મહિને રચાવાનો છે.

કલાવિભાગમાં ભારતનાં શ્રેષ્ઠ શિલાશિલ્પોનો મોટો ભાગ અહીં છે. દેશમાં ખીલેલી સર્વ પ્રમુખ ચિત્રશૈલીઓનું પ્રતિનિ ધાન



ધરાવતાં ૪૬૦૦ તો ચિત્રો છે. લગભગ ૫૦૦ જેટલાં ધાતુશિલ્પોમાં કેટલાંક તો અનન્ય છે.

હસ્તલિખિત ગ્રંથોમાં સંસ્કૃત તાડપત્રો, ભોજપત્રો ને પોથીઓ ઉપરાંત ૪૦૦૦ ફારસી તથા અરબી ગ્રંથો છે; ૭૫૦૦ વિવિધ કાળના સિક્કાઓ છે; જેઈડ ને ઝવેરાતનો અતિમૂલ્યવાન સંગ્રહ છે; શસ્ત્રાસ્ત્રોના સંગ્રહમાં પણ ઇતિહાસ રચાતો આવે છે. અહીંના શિલાશિલ્પોના સમૃદ્ધ સંગ્રહમાંની વિવિધ લાક્ષણિકતાના નમૂનાઓ ગણાવવા હોય તો મથુરાના બુદ્ધ, રામપૂર્વાનો વૃષભસ્તંભ, લોકનાથની મૂર્તિ ને અહોળેનું ગાંધર્વયુગલ ગણાવી શકાય.

માટી કામમાં અહિચ્છત્ર, કૌસમ્બી, કોણ્ડપુર, અખનૂર ને નાલંદા ઉપરાંત મોહેં-જો-દડોના સૈન્ધવી સંસ્કૃતિના નમૂના તો ખરા જ.

હસ્તલિખિત ગ્રંથોનો વિભાગ ટોંક-પુસ્તકાલયના ૩૭૦૦ ગ્રંથોના તથા શ્રી જટાશંકર શાસ્ત્રી પાસેથી મળેલા સંસ્કૃત ગ્રંથોના ઉમેરાથી વધુ સમૃદ્ધ બન્યો છે. એ જ રીતે સિક્કાસંગ્રહમાં ગુપ્તકાળના મૂલ્યવાન સિક્કાઓ ધરાવતો બયાના સમૂહ, લગભગ ૧૭૦૦ જેટલા સાસાનિયન સિક્કા, તેમજ હિંદુ-ઇસ્લામી કાળ (સુલતાનો તથા મુઘલોના સમય સુદ્ધાં)ના સિક્કાઓની મોટી સંખ્યાનો સમાવેશ છે.

આ 'રાષ્ટ્રીય સાંસ્કૃતિક સંગ્રહ'ની શરૂઆત પણ એક રસપ્રદ બનાવથી થઈ. ઈ. ૧૯૪૭માં બ્રિટિશ સરકાર અને ભારત સરકારની મદદ લઇને લંડનની રૉયલ ઍકેડેમીએ ઇંગ્લંડના લોકોને ભારતની સંસ્કૃતિ તથા કલાનો પરિચય કરાવવાના હેતુથી, ભારતભરનાં સંગ્રહસ્થાનોમાંથી ચુનંદા સાંસ્કૃતિક નમૂનાઓ વીણીવીણીને તેનું એક પ્રદર્શન લંડનમાં ભરવાની યોજના કરી. તે ઈ. ૧૯૪૭-૪૮ના શીતકાળ દરમ્યાન ત્યાં બર્લિંગટન હાઉસમાં રજૂ થયું અને તેને બહુ ભારે આવકાર મળ્યો. એ જોતાં ભારત સરકારને થયું કે દેશની સંસ્કૃતિનો આવો પ્રતિનિધિરૂપ ને લાક્ષણિક-સમૃદ્ધ સંગ્રહ હિંદ આવીને પોતપોતાનાં સંગ્રહસ્થાનોમાં પાછો વહેંચાઈ-વીખરાઈ જાય તે પહેલાં ભારતના લોકોને પણ તેનું દર્શન કરાવવું જોઇએ. આથી એ વખતના ગવર્નર જનરલ લૉર્ડ માઉન્ટબૅટને રાષ્ટ્રપતિ ભવનનો કેટલોક ભાગ એ પ્રદર્શન ભરવા માટે ખાસ કાઢી આપ્યો, અને પછી ૧૯૪૮ના અંતથી તે ૧૯૪૯ના વર્ષ દરમ્યાન તે પ્રજાને માટે ખુલ્લું રાખવામાં આવ્યું. એનો પરિચય 'કુમાર'ના ૩૦૩મા અંકમાં આવી ગયો છે.

ત્યાર બાદ ઈ. ૧૯૪૯ના ઑગસ્ટની ૧૫મી તારીખે ભારતના પહેલા હિંદી ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચાર્યને હાથે 'ભારતના રાષ્ટ્રીય સંગ્રહાલય' તરીકે તેનો રીતસરનો ઉદ્ઘાટનવિધિ થયો, ને જાહેર કરવામાં આવ્યું કે એને માટે યોગ્ય મકાનની રચના થાય ત્યાં સુધી તેને રાષ્ટ્રપતિ ભવનમાં જ રાખવું.

તદનુસાર ઈ. ૧૯૫૫ની ૧૨મી મેએ વડાપ્રધાન જવાહરલાલને હાથે નવા મકાનનો શિલાન્યાસ થયો ને ગયા ડિસેંબરની ૧૮મીએ તે ખુલ્લું મુકાયું. બાકીનો ભાગ ઉમેરાતો જઇને ઈ. ૧૯૬૫માં તે સંપૂર્ણ થઈ જશે.




આફ્રિકી તથા એશિયાઈ કલાઓનું પ્રદર્શન

ગયા વર્ષ (૧૯૬૦)ની તા. ૨જીથી ૧૨મી ડિસેમ્બર લગી મુંબાઇના 'એશિયન આર્ટસ ઍન્ડ કલ્ચર સેન્ટર', 'ભૂલાભાઈ મેમોરિયલ ઇન્સ્ટીટ્યૂટ', 'યુનાઇટેડ એશિયા મૅગૅઝીન' અને 'આફ્રિકા સોસાએટી'ના સમાશ્રયે આફ્રિકા તથા એશિયાઈ દેશોની કેટલી કલાલાક્ષણિક કલા-કારીગરીની ચીજોનું એક પ્રદર્શન ભૂલાભાઇ મેમોરિયલ હૉલ('હસમન')માં યોજાયું હતું. મહારાષ્ટ્રના ગવર્નર શ્રી શ્રીપ્રકાશના અધ્યક્ષપદે શ્રીમતી સુમતિબેન મોરારજીએ તે ખુલ્લું મૂકેલું. તેમાં ઘાનાં, યુનાઇટેડ આરબ રીપબ્લિક આફ્રિકાના બીજા પ્રદેશો ઉપરાંત વીએટનામ, કમ્બોડિયા તથા નેપાળ, સિક્કિમ, બર્મા, જાપાન, સિલોન, જાવા, બાલી, સુમાત્રા, ઇત્યાદિ દેશોની ચીજો રજૂ થઈ હતી.

આફ્રિકા વિભાગમાં કેટલાક મ્હોરાં, આદિવાસીઓની કલાના નમૂના (જેવાં કે બેસવાનાં આસનો, લાકડાનાં કોતરકામ, દાબડીઓ, હાથવણાટની શેતરંજીઓ, ઘરેણાં, રમકડાં વગેરે) ધ્યાન ખેંચે તેવાં હતાં. જાપાનનાં વુડકટ ચિત્રોના નમૂનાઓ પણ તે કલાનો દંગ કરી મૂકે તેવો વિકાસ સૂચવતા હતા. જાવા, બાલી, ઇત્યાદિ ટાપુઓનાં ચામડાનાં કોતરેલાં કઠપૂતળાં અને બાટીકકામ, બાંધણી જેવાં વસ્ત્રો ઉપરાંત આધુનિક કલાકારોના લાકડાનાં કોતરકામના નમૂના પણ રસપ્રદ હતા. ટૂંક સમયમાં જ પ્રદર્શન યોજાયું હતું એને કારણે ઉત્તમ ચીજો રજૂ થઈ શકી નહિ અને વૈયક્તિક સંગ્રહ કરનાર અમુક જ કલાપ્રેમીઓના તથા વિદેશી કચેરીઓએ મોકલેલી વસ્તુઓ પર આધાર રાખવો પડેલો, છતાં આટલા વિશાળ ધોરણે આટલા વિવિધ દેશોની કંઈ ને કંઈ કલાકૃતિઓની ઝાંખી કરાવવાનો આ પ્રથમ ને સનિષ્ઠ પ્રયાસ દાદ માગી લે એવો હતો.

—સુનીલ કોઠારી



પંજાબના જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે ચલાવેલી કારમી કતલમાં માર્યા ગએલા ૨૦૦ જેટલા શહીદોની યાદમાં, એ બાગમાં ઊભું કરાએલું 'સ્વતંત્ર્ય શિખા'ની આકૃતિનું ૪૫ ફૂટ ઊંચું આ રાષ્ટ્રીય સ્મારક લાલ પથ્થરનું રચેલું હોઈ તેની ઊભણી વિરલ ગ્રેનાઈટની છે.

ગયા અંકમાં કલાકાર વિનોદવિહારી મુખરજીનો પરિચય આપતા શ્રી કે. જી. સુબ્રહ્મણ્યના મૂળ અંગ્રેજી લેખના અનુવાદક શ્રી જયંત પારેખ છે. એ ઉલ્લેખ કરવો રહી ગએલો, તે માટે અમે દિલગીર છીએ.

સાહિત્યસંપર્ક

જગતભરની માનવતાને ઉદ્બોધતા આ સામેના કાવ્ય 'ઇફ'ના પ્રબોધક અંગ્રેજ કવિ રુડિયાર્ડ કિપ્લિંગનું આજથી પચ્ચીસ વરસ પર જાન્યુઆરીની ૧૮મીએ અવસાન થયું હતું.



તમે 'કિમ'ની અંગ્રેજી નવલકથા વાંચી છે? કુમારજીવનની સાહસોત્સાહભરી અત્યંત રસિક નવલકથા તરીકે એ દુનિયાના સાહિત્યમાં સ્થાન પામી છે. એક ગરીબ ભમતારામ અંગ્રેજ કુમારના આયુષ્યક્રમનું વર્ણન કરતી કિપ્લિંગની એ કથામાં હિંદના રાયથી રંક પર્યંતના લોકજીવનનો ઉત્કૃષ્ટ ચિતાર છે.

'સાહિત્ય એવું હોવું જોઇએ કે જેના અભ્યાસથી બહુદર્શિતા વધે, બુદ્ધિને તીવ્રતા પ્રાપ્ત થાય, હૃદયમાં એક પ્રકારની સંજીવિની શક્તિની ધારા વહેવા લાગે, અને આત્મગૌરવની જાગૃતિ થઈ તે પરાકાષ્ઠાએ પહોંચે. કેવળ મનોરંજન માટે રચાએલા સાહિત્યથી પણ ચારિત્ર્યગઠનને હાનિ થવી ન જોઇએ. આળસ, અનુદ્યોગ કે વિલાસિતાનું ઉદ્બોધન જે સાહિત્ય કરતું નથી તે વાંચવાથી જ માનવીમાં પૌરુષ ને મનુષ્યત્વ આવે છે. રસવતી, ઓજસ્વિની, પરિમાર્જિત ને તોળેલી ભાષામાં લખાએલો ગ્રંથ ઉચ્ચ સાહિત્યનું ભૂષણ મનાય છે. ધારેલો પ્રભાવ રજૂ કરવો એ જો ભાષાશૈલીની મુખ્ય સફળતા માની લઈએ તો શબ્દો શુદ્ધ, ચલણી ને સાર્થ હોવા જોઇએ. પદોનો પ્રયોગ પણ સુંદર–એટલે કે સંગીત (ઉચ્ચારણ), વ્યાકરણ, કોષ આદિ સર્વથી એવો અનુમોદિત હોય કે જેના ધ્વનન માત્રથી અનુરૂપ ચિત્રાત્મકતા પ્રકટે તથા વાક્યછટાના લક્ષણ પ્રમાણે અર્થ તેમાં નિવાસ કરતો લાગે.'

—આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી

શબ્દકથા વેપાર–વહોરો

'વેપાર' શબ્દ શામાંથી આવ્યો હશે, એનો વિચાર કરતાંવેંત જ સંસ્કૃત 'વ્યાપાર' શબ્દ મનમાં આવવાનો. પણ સંસ્કૃતમાં 'વ્યાપાર' એટલે 'વાણિજ્ય' નહિ, પણ 'પ્રવૃત્તિ'. 'વ્યાપાર કરવો' એટલે 'પ્રવૃત્તિ કરવી'. માલ વેચવા-સાટવાની પ્રવૃત્તિ માટે સંસ્કૃતમાં 'વ્યવહાર' શબ્દ છે. જૂની ભાષામાં 'વહેવારિયો' એટલે 'વેપારી'. અને એ શબ્દની અસરથી જ આપણને—ગુજરાતી, હિન્દી, મરાઠી વગેરેને—જૂનો શબ્દ નવા અર્થમાં મળ્યો છે. 'વાણિજ્ય-વ્યવહાર'ની જેમ 'વાણિજ્ય-વ્યાપાર' પણ કહેવાય. પછી છૂટો 'વ્યવહાર' વપરાતો થયો, અને તેનું લોકજીભે 'વહેવાર' કે 'વેંવાર' એવું ઉચ્ચારણ પ્રચારમાં આવ્યું. એ વેંવારની અસર નીચે 'વ્યાપાર'નો ઉચ્ચાર 'વેપાર' થયો, અને અર્થ પણ 'પ્રવૃત્તિ'ને બદલે 'વેચવા-સાટવાનો ધંધો' થયો. મૂળના સંસ્કૃત રૂપે શબ્દ વાપરવાના વલણને પરિણામે 'વેપાર'ને બદલે 'વ્યાપાર' એવું રૂપ વપરાશમાં આવ્યું, પણ અર્થ 'પ્રવૃત્તિ' ઉપરાંત વિશેષ તો વેપાર—વ્યવહારનો જ રહ્યો; તે એટલે સુધી કે 'વેપાર'–'વેપારી' કે 'વ્યાપાર'–'વ્યાપારી'એ 'વહેવાર'–'વહેવારી'ને ઊથલાવી પાડીને તેમનું સ્થાન લઇ લીધું! હિન્દીમાં પણ 'બ્યાપાર', 'બિપાર' તેમ જ 'બ્યોપાર' શબ્દો છે.

પણ 'વ્યવહાર' શબ્દ સામાન્ય અર્થમાં 'વહેવાર' રૂપે છે, તે ઉપરાંત પણ બીજા રૂપ તથા અર્થમાં તે જળવાએલો છે ખરો. મુસલમાની એક જાતિનું નામ 'વહોરા' છે, જે 'લોટિયા વહોરા' તરીકે પણ જાણીતી છે. ઉપરાંત 'વોરા' એક હિંદુ અટક પણ છે. આ 'વહોરા' કે 'વોરા'ના મૂળમાં 'વ્યવહારક' એટલે કે 'વેપારી' 'વહેવારિયો' શબ્દ છે. તેનો જોડિયો શબ્દ હિન્દીમાં 'બ્યોહરા' છે, જેનો અર્થ થાય છે 'ધીરધારનો ધંધો કરનાર'. અને 'વહોરવું' એટલે 'ખરીદ કરવું', 'સંઘરવું' અને જૈનોમાં 'ભિક્ષામાં લેવું'. એટલે જ 'વહોરતિયો' એટલે 'જતિ'. મૂળના જુદાજુદા અર્થ ઉપર ભાર આવીને વિકાસ થતાં મુસલમાન 'વહોરો' અને જૈન 'વરતિયો' સધાયો!

હરિવલ્લભ ભાયાણી

જોકે એમને વાર્તાકાર તરીકેની જ્વલંત કીર્તિ તો મળી 'જંગલ બુક'ની વાર્તાઓ માટે. 'ટેઇલ્સ ફ્રૉમ ધ હિલ્સ'. પણ કુમાર-વાચનમાં અગ્રણી ગણાય છે. 'જસ્ટ સો સ્ટૉરીઝ' અને 'પક ઑવ ધ પૂક્સ હિલ'માં કિપ્લિંગના કલાપ્રસાદનું એક નવીન દર્શન થાય છે. નાનાં બાળકોને માટે ભૌતિક અને દૈવી પ્રભાવની સુંદર કથાઓ એમાં ગૂંથી છે.

પણ કિપ્લિંગ પહેલા તો પ્રકાશ્યા કવિ તરીકે. ગદ્યલેખક તરીકેની એમની કીર્તિ તો પાછળથી જામી. એમનો પહેલો અને મહત્ત્વનો કાવ્યસંગ્રહ તે 'બૅરૅકરૂમ બૅલડ્ઝ' (સૈનિકના રાસા). ૧૮૯૨માં એ બહાર પડયો ત્યારે ઇંગ્લંડમાં વિક્ટોરિયન યુગનાં કાવ્યો અસ્ત દશાએ હતાં. વીસમી સદીના વિશિષ્ટ કાવ્યયુગનો ઉદય હજી થયો ન હતો. આ વખતે પૌરુષયુક્ત હુંકાર કરતી કિપ્લિંગની કવિતાએ સૌને આકર્ષ્યા. બ્રિટિશ સૈનિક, ખલાસી અને યાંત્રિકની ખરબચડી મર્દાનગીભરી બાનીમાં એમનાં જ જીવનનાં ગીત ગાતી એ કવિતામાં આવેશના લોઢ ઊછળે છે. તે પછી 'સેવન સીઝ' ને 'સૉંગ ઑવ ધ ઇંગ્લિશ'માં તો અંગ્રેજ ખમીરના અભિમાનનું દુર્દમનીય સ્વરૂપ દાખવ્યું છે.

હાડોહાડ અંગ્રેજના ખમીરના ભરેલા અને સામ્રાજ્યભક્તિની જલદ માત્રા ધરાવતા તથા પોતા એ કવિને માટે તટસ્થ પ્રજાઓ પણ પ્રશંસાવચનો કહે છે કે 'એણે ઇંગ્લંડને સામ્રાજ્યનો સાચો અર્થ સમજાવ્યો ને સામ્રાજ્યની આગળ ઇંગ્લંડની સાચી પિછાન રજૂ કરી.'

સંસ્થાનો ઉપરની ઇંગ્લંડની કબજાગીરીને વર્ચસ્વ આપતા 'રિસેશનલ'ના ગીતથી એમને કવિ તરીકે અમર કીર્તિ મળી. ટેનિસન પછી કોઇની કૃતિઓ વધુ લોકભોગ્ય બની હોય તો એમની; અને ઇંગ્લંડના રાજકવિ (પોએટ લૉરીએટ)નું બિરુદ એમને મળતું મળતું રહી ગયું.

છતાં ૧૯૦૭માં એમને સાહિત્યનું વિખ્યાત નોબેલ પારિતોષિક મળ્યું. એ મેળવનાર એ પહેલા અંગ્રેજ સાહિત્યિક.

હિંદ જોડેનો એમનો સંબંધ એટલો નિકટ કે એમને થોડેઘણે અંશે હિંદી કહીએ તો પણ ચાલે. એમનાં ઉત્કૃષ્ટ કાવ્યો અને ઉત્કૃષ્ટ વાર્તાઓ હિંદ વિષે જ છે. એમનો જન્મ અને જુવાની હિંદમાં. ૧૮૬૫ના ડિસેમ્બરની ૩૦મીએ મુંબાઈમાં એમનો જન્મ થયો. બાળપણ અને શિક્ષણસમય ઇંગ્લંડમાં વીત્યાં; પણ પછી, એમના ચિત્રકાર પિતા લૉકવૂડ કિપ્લિંગ લાહોર મ્યૂઝિયમના પ્રતિપાલક (ક્યુરેટર) હતા એટલે, સત્તર વરસની વયે એ ફરી હિંદ આવ્યા અને લાહોરના 'સિવિલ ઍન્ડ મિલિટરી ગેઝેટ'ના તંત્રીખાતામાં જોડાયા. (આજ સુધી પાકિસ્તાનમાં ચાલુ રહેલું એ પત્ર આ મહિને જ બંધ થવાના સમાચાર તો સૌએ વાંચ્યા હશે.) અને ત્યાંથી એમના સાહિત્યજીવનની શરૂઆત થઈ. શરૂમાં 'કુમાર'ના છેક સાતમા અંકમાં કિપ્લિંગનો નાનકડો જીવન-પરિચય આવી ગયો છે.

જો

જો, તારી સંગાથના સૌકોઇ પોતાના મગજ ઉપરનો કાબૂ ખોઈ બેસે અને તેનો દોષ તારે શિર ઓઢાડે તેવે સમયે પણ, તું તારા મગજ પર કાબૂ રાખી શકતો હો;

તારે માટે બધા વહેમાતા હોય ત્યારે એમના એ વહેમને લેખવતો છતાં પણ જો તું તારા આત્મવિશ્વાસને અડગપણે જાળવી શકતો હો;

જો તું ધીરજ ધારણ કરી શકતો હો અને તેમ કરવામાં જરા પણ કંટાળતો ન હો;

તારા વિષે ભલે ગમે તેવાં જુઠાણાં ફેલાવાતાં હોય છતાં પણ જો તું પોતે હરગીઝ અસત્ય-સેવન ન કરતો હો;

બીજાઓ તને ધિક્કારતા છતાં ધિક્કારની એ લાગણીને જો તું ઘોળીને પી જઈ શકતો હો;

અને આ બધું છતાં યે દેખાવમાં બહુ ભલો કે વાતચીતમાં બહુ ડાહ્યો હોવાનો તું ડોળ ન કરતો હો;

જો તું સ્વપ્નસેવી હો છતાં સ્વપ્નોનો ગુલામ ન બનતો હો;

તુ મનન કરી શકતો હો પણ માત્ર મનનને જ ધ્યેય બનાવી બેસી ન રહેતો હો;

જો વિજય તેમજ પરાજયને ભેટવા છતાં પણ તું તારા માનસિક સ્થૈર્યને જાળવી શકતો હો;

તારાં ઉચ્ચારેલાં સત્યોને વિકૃત સ્વરૂપમાં રજૂ કરી, એ દ્વારા મૂર્ખાઓને ફસાવવાના થતા પ્રયત્નોને જો તુ સાંખી શકતો હો;

અથવા જે ચીજોની સિદ્ધિ માટે તેં તારું જીવન અર્પ્યું હોય તેને કકડભૂસ થતી જોઇ શકતો હો, અને છતાં તરત તારાં હારેલાં હથિયાર સંભાળી લઈ તે સિદ્ધ કરવા ફરી તૈયાર હો;

જો તારી સઘળી પ્રાપ્તિઓ અને સિદ્ધિઓનો ઢગલો કરી દઇને તું ચડતી-પડતીના કોઈ ચકાવામાં એ બધું હોમવા ને ગુમાવવા તૈયાર હો; અને પછી એ નુકસાન ખાતર નિરાશાનો શબ્દ સરખો કાઢ્યા વિના ફરી એકડે એકથી શરૂ કરીને ઉત્સાહપૂર્વક તું મંડયો રહેતો હો;

તારા દેહ અને દિલની બધી શક્તિ ખતમ થઇ ગયા પછી પણ તું જો તારું કર્તવ્ય બજાવ્યે જઇ શકતો હો; અને એમ 'મચ્યે જ જા' એવું પડકારનારા પ્રબલ સંકલ્પબળ વિના તારામાં કાંઈ જ બાકી ન રહ્યું હોય એવે સમયે પણ તું મચ્યો રહી શકતો હો;

જો જનતાની સાથે ભળવા છતાં પણ તું તારાપણું જાળવી શકતો હો, અને મોટા મહારાજાઓના સંબંધમાં આવવા છતાં પણ જનસમૂહથી અળગો ન પડી જતો હો;

જો કટ્ટા દુશ્મનો કે હેતાળ મિત્રો તને કશી ઇજા ન પહોંચાડી શકતા હોય;

જો સર્વ મનુષ્યો તારા સહવાસમાં આવી શકતા હોય છતાં પણ એનો અતિરેક ન થતો હોય;

જો તું તારા વખતનો કડક હિસાબ રાખી પળેપળને કામથી ભરચક રાખી શકતો હો;

તો, હે પુત્ર!

આ આખી યે પૃથ્વી અને તેની અંદરની સઘળી વસ્તુઓ તારી જ છે; અને—ખરું તો એ કે—તો જ તું સાચો સંપૂર્ણ મનુષ્ય બનીશ.

(અનુવાદક · ત્રિભુવન વી. હેમાણી)

રડિયાર્ડ કિપ્લિંગ

IF

If you can keep your head when all about you
Are loosing theirs and blaming it on you;
If you can trust yourself when all men doubt you,
But make allowance for their doubting too;
If you can wait and not be tired by waiting,
Or being lied about, don't deal in lies;
Or being hated don't give way to hating,
And yet don't look too good nor talk too wise.

If you can dream–and not make dreams your master;
If you can think–and not make thoughts your aim;
If you can meet with Triumph and Disaster,
And trust those two imposters just the same;
If you can bear to hear the truth you've spoken
Twisted by knaves to make a trap for fools,
Or watch the things you gave your life to broken,
And stoop and build'em up with worn out tools.

If you can make one heap of all your winnings
And risk it on one turn of pitch–and–toss
And loose, and start again at your beginnings
And never breathe a word about your loss;
If you can force your heart and nerve and sinew
To serve your turn long after they are gone,
And so hold on when there is nothing in you
Except the Will which says to them: "Hold on!"

If you can talk with crowds and keep your virtue
Or walk with kings–nor loose the common touch;
If neither foes nor loving friends can hurt you,
If all man count with you, but none too much;
If you can fill the unforgiving minute
With sixty seconds' worth of distance run;
Yours is the Earth and everything that's in it,
And—which is more—you'll be a Man, my son!

—*Rudyard Kipling*

તેજસ્વી વિચારકણિકાઓ, ટૂંકી વાર્તાઓ તથા કાવ્યમુક્તકોથી વાચકોને પરિચિત લેખક, તેમજ પોરબંદરની સુધરાઈ તથા અન્ય સામાજિક-સાંસ્કારિક ક્ષેત્રોના અગ્રણી ને સેવાભાવી કાર્યકર શ્રી નાથાલાલ દત્તાણીનું ૮-૧૨-૬૦ના રોજ કૅન્સરની બીમારીથી ૩૧ની વયે અવસાન થવાથી એક ઊજળી ને આશાભરી કારકિર્દીનો આઘાતકારક અંત આવ્યો છે.


આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંક-માં 'સુએઝની નહેર' ઉપર આવેલા માહિતી-પૂર્ણ લેખમાંથી પ્રસ્તુત ભાગ તારવીએ :

પચ્ચીસ વર્ષ પહેલાં

માહ ૧૯૯૨ અંક ૧૪૬







પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓનો હસ્તમિલાપ કરાવતી સુએઝ નહેરનો જળમાર્ગ અને એનું નામ આજે તો એટલાં સામાન્ય બની ગયાં છે કે કોઈના ખયાલમાં પણ નથી આવતું કે એમની માત્ર ત્રણ પેઢી પહેલાં અહીં જમીન હતી.

વસ્તુતઃ પૃથ્વીના બે મોટા ખંડ વચ્ચે પડેલા એ અગત્યના માર્ગનું વ્યાપારી અને સફરી મહત્ત્વ તો સૈકાઓથી દક્ષ લોકોની નજરે ચડતું રહ્યું છે. ઈ. પૂર્વે ૧૩૦૦ (આજથી સવા ત્રણ હજાર) વરસ પર ઇજિપ્તના રાજા સેટી પહેલાએ તેવો પ્રયત્ન કરેલો. પ્રખ્યાત ઇતિહાસલેખક હિરોડોટસના સમયમાં બે વહાણો સાથોસાથ ચાલી શકે એટલી પહોળી અને ચાર દિવસે પસાર કરી શકાય એટલી લાંબી નહેર ત્યાં અસ્તિત્વમાં આવેલી યે ખરી. અને છેક નવમી સદી સુધી એમાં વહાણો ફરતાં. પણ ત્યાર બાદ ખલીફા અલ મન્સૂરે અરબસ્તાન સાથે વ્યવહાર રાખનારાં વહાણોને એ નહેરમાં મુસાફરી કરવાની મના કરી એટલે ત્યાર પછી જોઈતા વપરાશને અભાવે તેમજ સહરાના રણ તરફની ખામ-સીન વંટોળિયાથી ઊડતી રેતી વડે એ નહેર પુરાતી ગઇ. મિસર પરની ચડાઈ વખતે મહાન નેપોલીઅને એ પુરાએલી નહેર ફરી ચાલુ કરવાનો ઇરાદો કરેલો, પણ ભૂમધ્ય સમુદ્ર કરતા રાતા સમુદ્રની સપાટી તેત્રીસ ફૂટ ઊંચી છે એવો ખોટો અભિપ્રાય તેના ઇજનેર લ પિરેએ આપતાં તે ઇરાદો અધૂરો રહેલો.

અંતે, જે મહાન કાર્ય કરવાનું સદ્‌ભાગ્ય નેપોલિયનને ન મળ્યું તે તેના જ દેશના ઇજનેર ફર્ડિનાન્ડ દ લેસેપ્સના હાથે પાર પડ્યું. લેસેપ્સ એ નહેરનું વ્યાપારી તેમજ સફરી મહત્ત્વ સમજનાર દીર્ઘદ્રષ્ટા ને ચતુર એન્જિનિયર જ માત્ર નહોતો; ગમે તેવી ભયંકર મુશ્કેલીઓનો સામનો કરી શકે તેવો નિશ્ચલ વીર નર પણ હતો; અને રાજકીય તેમજ કુદરતી જે જે અડચણો તેને નડી તે બધીની સામે બાથ ભીડી, ખંત અને શ્રમને નિચોવી નિચોવી એ મહાભારત કામ અંતે પૂરું કર્યે એ જંપ્યો. શરૂમાં જ ખોદાણ કરવા માટે પચીસ હજાર મજૂરોને એ ઉજ્જડ રણમાં પીવાનું પાણી જ પૂરું પાડતાં રોજના પાંચથી છ હજાર રૂપિયા ખર્ચ થવા લાગ્યો. આ ખર્ચથી બચવા મીઠા પાણીની સગવડ કરવાનું કામ સૌથી અગત્યનું થઇ પડ્યુ. લેસેપ્સે આ મુશ્કેલી દૂર કરવા કૈરોની દક્ષિણે નાઇલ નદીમાંથી એક મીઠા પાણીની નહેર ખોદીને સુએઝની દરિયાઇ નહેર તરફ વાળી. ઇસ્માઇલિયા શહેર પાસે તેમાં દરવાજા જેવી રચના કરી એના બે ફાંટા કર્યા છે. તેમાંનો એક ફાંટો ઉત્તર તરફ પૉર્ટ સૈયદ સુધી અને બીજો ફાંટો દક્ષિણ તરફ સુએઝ સુધી વહ્યો જાય છે. એ નહેરમાંથી દરિયાઈ નહેરમાં સહેલાઈથી સરકી શકે એવા દરવાજાઓ પણ અમુક અમુક અંતરે ગોઠવેલા છે.

રાતા સમુદ્રમાંથી સુએઝના અખાતમાં પેસતાં જ આ જગવિખ્યાત નહેરનો આરંભ થાય છે. ત્યાં નહેરની ડાબી બાજુએ પૉર્ટ તૌફિક નામનું બંદર અને એને પડખે પૉર્ટ ઇબ્રાહિમ નામનું ઘાસલેટનું એક બીજું બંદર આવેલું છે, જેની બાજુમાં દરિયાકિનારા પર ઘાસલેટ શુદ્ધ કરવાનાં કારખાનાં ઊભાં છે, કારણકે એની પાછળના પ્રદેશમાંથી ખનિજ તેલ મળી આવે છે.

સુએઝના અખાતમાંથી નહેરની સફર શરૂ કર્યા પછી ૧૦–૧૧ માઈલના અંતરે, એ નહેર અને રેલવેનું શાલુફા નામનું સામાન્ય સ્ટેશન આવે છે. એ પછી લિટલ બિટર અને ગ્રેટ બિટર નામનાં બે સરોવરોનો આરંભ થાય છે. એ બંને એકબીજાને સળંગ જોડાએલાં હોવાથી એકંદર ૨૩ માઈલની લંબાઈ નહેરને મળે છે. તેની ઉત્તરે ડેવરસોઈર સ્ટેશન આગળથી ફરી ખોદેલી નહેરનો આરંભ થાય છે, જે ૧૦–૧૧ માઇલ આગળ જઈ ટીમશા નામના ત્રીજા સરોવરમાં પ્રવેશ કરે છે. ટીમશાની પાંચ માઇલની

લંબાઈમાંથી નહેર પસાર થયા બાદ ઉત્તરે સમગ્ર નહેરની લંબાઈના બરાબર મધ્ય ભાગે ઇસ્માઇલિયા આવેલું છે. તે મહમ્મદ સૈયદ પાશા પછી તેની ગાદીએ આવનાર તેના ભાઈ સુલતાન ઇસ્માઈલ પાશાના નામ ઉપરથી વસાવવામાં આવેલું છે. ત્યાં નિવાસસ્થાન રાખીને જ લેસેપ્સે એ નહેરનું બાંધકામ કરાવેલું. મીઠા પાણીની નહેરનું તેમજ રેલવેનું એ જંકશન હોવાથી વધારે અગત્યનું ગણાય છે. નહેરનું રક્ષણ કરનારી લશ્કરી છાવણી પણ ત્યાં જ રહે છે. ત્યાંથી નહેર ફરી ૫૦થી ૬૦ ફૂટ ઊંચા રેતીના ડુંગરા સોંસરી ખોદવી પડી છે.


ભૂમધ્ય સમુદ્ર આગળ આવેલા નહેરના મુખમાં પેસતાં જ ડાબે કિનારે આફ્રિકા, એશિયા અને યુરોપની પંચરંગી પ્રજાથી વસેલું પૉર્ટ સૈયદ નામનું બંદર આવેલું છે. યુરોપની વહાણવટું ખેડનારી બધી કંપનીની ઑફિસો, તેમજ નહેરની કંપનીની મુખ્ય ઑફિસ ત્યાં આવેલી છે. તેને સામે કાંઠે કંપનીના કારીગરો અને નાવિક અફસરોના નિવાસ માટે પૉર્ટ ફાઉદ નામનું એક ખાસ નવું શહેર વસાવવામાં આવેલું છે. બંને તરફના કુરજાની લંબાઇ લક્ષમાં લેતાં સુએઝની લંબાઈ એકંદરે ૧૦૪ માઈલ જેટલી ગણાય.

પૅલેસ્ટાઈનથી મિસર જવાના માર્ગ ઉપર નહેરને કાંઠે કૅન્ટારા નામનું એક ગામડું આવેલું છે. ગયા મહાયુદ્ધ વખતે નહેરનો બચાવ કરવા માટે ત્યાં લશ્કરી છાવણી ગોઠવવામાં આવેલી.

સુએઝ કૅનાલ કંપનીને ત્રણ કામ મુખ્ય કરવાનાં હોય છે. પહેલું તો નહેર પુરાઇ ન જાય તેને માટે કાયમ તળિયેથી ગાળ કાઢી સામે કિનારે ફેંકી દે તેવા રાક્ષસી યાંત્રિક ઊંટડાઓ વડે નહેરની ઊંડાઇ અને પહોળાઈ વહાણવટાને યોગ્ય રાખવાનું છે. બીજી ફરજ આગબોટોને નહેર વાટે સરળતાથી પસાર કરાવી દેવાની છે. તેને માટે ૧૦૦ નાવિક અફસરોની તાલીમ પામેલી ટુકડી નિભાવવામાં આવે છે અને પ્રત્યેક આગબોટને નહેરમાંથી પસાર કરી દેવા માટે બે જણની જોડી નિમાય છે, જે ઇસ્માઇલિયાને સામે કિનારે આવેલા સ્થાને બદલાય છે. ત્રીજી ફરજ એ નહેર વાટે પસાર થતાં વહાણોની તથા તેમાંના મુસાફરોની તેમજ માલની નોંધ રાખવાની છે.

આ નહેર ૯૯ વરસના પટે બાંધવાની શરતે દ લેસેપ્સને પરવાનગી આપવામાં આવી હતી. તે પ્રમાણે તેને પટો ઈ. ૧૯૬૮માં પૂરો થાય છે. પણ ઇજિપ્તની પ્રજાકીય સરકારે હમણાં જ તે પરની કબજાગીરી મજબૂત કરી દીધી છે.

'વનેચરે'ના ઉપનામથી 'વનવગડાના વાસી'ની લેખમાળા લખનાર શ્રી હરિનારાયણ આચાર્યે ત્યારે 'ખભે ખડિયો' નામનો પગપાળા પ્રવાસનો કોઈ વિભાગ પણ ચલાવતા. તેમાં પંચાસર-શંખેશ્વરના પ્રવાસ વિષે આવેલા લેખમાંથી ઉદ્ધૃત ભાગ:



'આ જ તમારું પંચાસર?'

ઇન્દુભાઇએ રુદ્રમાળ અને પાટણ જોએલાં. આગલે દહાડે ઝિંઝુવાડા જોએલું. એમના ભગ્નાવશેષોના બળે પંચાસર વિષે કંઈક કલ્પનાઓ કરેલી. એટલે આખું ગામ ભમતાં યે જ્યારે પ્રાચીનતાના પુરાવા જેવો એક પણ અવશેષ જોવા ન મળ્યો ત્યારે તેમણે મને પૂછ્યું. એમના અવાજમાં નિરાશા ને ખેદ હતાં.

અને ખરેખર, ઘડીભર તો નથી મનાતું કે ગુજરાતના ગૌરવની આ જન્મભૂમિ હોય. આ જ ચીવડાઓનું ઉદ્ભવસ્થાન શું? અહીં જ વીર જયશેખરનાં નિશાન ગડગડતાં? આ જીર્ણ સરોવરે જ શુભ્રદેહા પાણીઆરીઓના પાદધ્વનિ થતા? ના ના. આ તો લૂખી સૂકી ખાવા ધાતી ધરતી. અહીં તો કુંવરનાં વન. આ ખાડાખાબોચિયા જેવી રઝળતી, છપ્પનિયા જેવી ક્ષીણ દેહવાળી રૂપેણ. રૂપાવરણાં ક્યાં ગયાં એનાં નીર?–જેમાં થઈ શૂર પંચાસરીઓના હણહણતા ઘોડા થનગનતા ઊતરતા. આજે તો પંચાસરને પાદરે ગધેડાંએ જમાત નાખી છે. આ સ્થળે જ જૈનોની સંસ્કૃતિ ફેલાઈ. આજે તો શીલગુણસૂરિને જૈનેતરો જાણતા યે નથી. પાટણની પટ્ટ સખી જેવી કુમારિકા સરસ્વતીનાં નીર આ પણે ક્ષિતિજમાં ઊછળતાં. હંસ અને ચક્રવાક, સારસ અને કારણ્ડવ—જૂથેજૂથ મળી અહીં જ તેજ રેલાવતાં! માનવામાં નથી આવતું. શી રીતે આવે? ક્યાંય પણ કપાલાસ્થિ કે ઉરુદણ્ડને જોઈ, મદોન્મત્ત સિંહ કે ગૌરવવંતા હાથીના દેહની શોભા અનુભવાઈ છે? આ તો ગુજરાતના ગૌરવનું સ્મશાન. અહીં જ સ્વધર્મના પરિપાલન અર્થે ગુજરાતીઓનાં હાડ વેરાયાં. એ વેરણછેરણમાંથી વીણીવીણીને ફૂલએકઠાં કરી, એના પર બે આંસુ પાડી, એમાં જ ગૌરવ નિહાળવાનું રહ્યું. પંચાસર! પાંચ પાંચ સરોવરોવાળી કહેવાતી છતાં આજે પાણી વિનાની પવિત્ર ભોમ! તને નમસ્કાર.

ઐતિહાસિકો કહે છે કે આ પંચાસર ન હોય. અમે પણ કહીએ છીએ કે આ પંચાસર ન હોય, નથી. પણ પ્રાચીનતાની સાક્ષીએ નામ તો રાખી રહ્યું છે ને?

બસોએક વર્ષ ઉપર બંધાએલું 'પંચાસર' નામે હાલ ઓળખાતું ગામડું, એના ફરતા પાળિયા, વનરાજને નામે ચડેલું જીર્ણ મંદિર વગેરે આધુનિક અવશેષો જોઇ શંખેશ્વર (ચાર ગાઉ) ભણી રવાના થયા. વચ્ચે રૂપેણ ઊતરવાની આવી. એમાં બારે માસ ખારા પાણીનો રેલો વહ્યા કરે છે.

પંચાસરને માર્ગે પૂર્વ દિશાથી ગામમાં પેસીએ કે સામે જ વિશાળ ચોકમાં સોએક વર્ષ પર બાંધેલું મંદિર નજરે પડે છે. વચ્ચોવચ ઊંચો મુખ્ય પ્રાસાદ: એની આસપાસ ગોખવાળી નાની દહેરીઓ. એ બધાંની શોભા આંખને ઠારે એવી છે. પણ આ સ્થળની ખરી મહત્તા તો ગામને છેડે આવેલા પ્રાચીન મંદિરમાં દેખાય છે. એનાં વિશીર્ણ અંગોમાંથી એના શુદ્ધ ગુજરાતી સ્થાપત્યની સુંદરતા નીતરે છે.

વઢીઆર એટલે કેવળ સપાટ મેદાન. એમાં પહાડ કે પથ્થરનાં દર્શન પણ દુર્લભ. આથી આ પ્રાચીન મંદિર આખું યે ઇંટોથી બાંધેલું હતું. જેમ કૂવાની ગોળાઇ લાવવા ગોળાશવાળી ઇંટો પડાય છે, તે જ રીતે આ મંદિરમાં પ્રત્યેક ભાગને અનુકૂળ એવા જ આકારની ખાસ ઇંટો ઢાળવામાં આવેલી છે. ક્યાં યે ઘડેલી ઈંટ જોવામાં આવતી નથી. જ્યાં ચણતર શક્ય નથી તે ભાગ આખા ને આખા સળંગ માટીનાં ઝચિયાંરૂપે પકાવીને બનાવવામાં આવ્યા છે. ઇંટો પર સુંદર મુલાયમ ચૂનાનું પ્લાસ્ટર કરી, એ લીલું હોય તે જ વખતે એમાં તીક્ષ્ણ હથિયારથી સુંદર સુરેખ મૂર્તિઓ ને બીજું કોતર-

ઈ. ૧૯૬૦નો કુમાર-ચન્દ્રક








ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪) પુષ્કર ચંદરવાકર ('૪૫) યશોધર મહેતા ('૪૬) રાજેન્દ્ર શાહ ('૪૭) બાલમુકુન્દ દવે ('૪૮) નિરંજન ભગત ('૪૯)








વાસુદેવ ભટ્ટ ('૫૦) બકુલ ત્રિપાઠી ('૫૧) શિવકુમાર જોષી ('૫૨) અશોક હર્ષ ('૫૩) ડૉ. શિવપ્રસાદ ('૫૪) ઉમાકાન્ત શાહ ('૫૫)

અને હવે
ઈ. ૧૯૬૦નો
કુમારચન્દ્રક










'સુકાની' ('૫૬) જયંત પાઠક ('૫૭) હેમન્ત દેસાઈ ('૫૮) 'ઉશનસ્' ('૫૯)

←શ્રી નવનીત પારેખને એમની લેખમાળા 'અગત્સ્યને પગલે પગલે' માટે આપવાનું નિર્ણાયક સમિતિ (સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અનંતરાય રાવળ અને યશવંત શુક્લ)એ ઠરાવ્યું છે. શ્રી પારેખને અમે અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયક સમિતિના વિદ્વાન સભ્યોનો આભાર માનીએ છીએ.

કામ કરવામાં આવ્યું છે. એનું સ્થાપત્ય સોળમા શતકનું છે. બહારથી ૧૩૫ ફૂટ લાંબા અને ૧૦૨ ફૂટ પહોળા વિશાળ મંદિરની વચ્ચોવચ પાર્શ્વનાથનો જિનમહાલય હતો. ફરતી દહેરીઓ હતી. વચ્ચેનો ચોક ૧૨૧×૭૦ ફૂટ હતો.

મંદિર પર કાળનું આક્રમણ ફરી વળતાં આજે તો બધું ભાંગ્યુંતૂટ્યું છે. થોડું જે ઊભું છે તે પણ અણીશુદ્ધ દશામાં તો નથી જ. એની ભીંતો પરથી પ્લાસ્ટર ખરી પડ્યું છે; ઇંટોમાંથી લોકે ઘર બાંધ્યાં છે; છતાં જે બચ્યું છે તેમાં પ્રાચીનતાના પૂજારીને કે સુંદરતાના ભોગીને જોવાનું ઓછું નથી જડતું.

અને આ બધો વિનાશ કોના પ્રતાપે?

ઇસ્લામનો સિતારો ઝળક્યો અને હિંદુ સ્થાપત્યના અવસાનની નોબત વાગી. સલ્તનતે ભારતવર્ષને તાજ આપ્યો, દીવાનેખાસ આપ્યો, મોતી મસ્જિદ ને શાલીમાર આપ્યાં, પણ એથી શું? એથી કંઇ અમારાં રુદ્રમાળ, સોમનાથ કે સૂર્યમંદિર (મોઢેરા), વડનગર, ચંદ્રાવતી કે રાણેશ્વર થોડાં જ પાછાં આવવાનાં છે? એનાં ગૌરવ, એની જાદુઈ મોહિની—ગયાં તે ગયાં જ. આજે તો એ સ્મશાનોની પવિત્ર રાખને, પૂર્વજોના ગૌરવની પાદધૂલિને આંખે કપાળે અડાડી, ભૂંસાએલી સંસ્કૃતિ અને સુંદરતાને અંતશ્ચક્ષુથી જ જોવી રહીને? ભલા સુલતાન! તું આવ્યો તો ભલે આવ્યો. કાળક્રમે તારું આગમન વસમું નથી લાગતું. આર્યોએ પણ એવા જ આક્રમણથી આર્યાવર્તને અપનાવ્યો. પણ અમારા આત્મતોષની ખાતર જરા આવાં સ્થાન રાખવાં તો હતાં. એમાં તારી યે શોભા હતી, અને અમારા પૂર્વજોની ઝાંખી સચવાતી હતી. આજે તો કેવળ તર્પણ જ રહ્યાં ને? કા ગતિઃ!



માઇકેલ ઍન્જેલો રોમમાં મૂળ તો આવેલો શિલ્પી તરીકે. અને ત્યાં આરસને માખણની જેમ કોતરીને તેણે જે અદ્‌ભુત પ્રતિમાઓ કંડારેલી છે તે જગતનાં શ્રેષ્ઠ કલાસર્જનો છે. મથાળે એવી કૃતિ 'પાએટા' આપી છે, જેમાં ઈસુ ખ્રિસ્તને ખોળામાં રાખીને શોકગ્રસ્ત બેઠેલી માતા મેરીનું નિરૂપણ છે. નીચે એ જ શિલ્પમાંનું માતા મેરીનું મુખ મોટું દર્શાવ્યું છે.




નટ નાટક અને નાટકશાળા (અનુસંધાન પૃ. ૪૧થી)
પ્રતિનિધિઓ અહીં આવે. દુનિયાનું સૌથી મોટું દેવળ અહીં મહાલયો, સામાન્ય માણસ ન પ્રવેશી શકે એવાં ઉદ્યાનો, અને બારસો તેરસો ખંડવાળો પોપનો મહેલ અહીં. અને ગજબનો, દંગ કરી દે એવો કલા-કૌશલ્યનો ખજાનો પણ અહીં છે. લૂટફાટ, મારપીટ, આગદ્દાહ, છતાં અહીં રફાએલ, બ્રામાન્ટે, પેરૂનીએ પોતાનાં જીવન દરમ્યાન જે ચણતર ચણ્યાં છે તે અધૂરાં રહેતાં બીજી પેઢીના કારીગરોએ પૂરાં કર્યાં.

અહીંના વૅટિકન મ્યૂઝિયમ ને કલાસંગ્રહમાં તો તમે જોતાં ન થાકો એટલું જોવાનું છે. આરસને બોલતો જોવો હોય તો અહીં બેસજો. રફાએલ, વિન્ચી, ટીશ્યાં, ઍન્જેલિકો—કોની કેટલી વાત કરીએ? પાનાનાં પાનાં ભરાય. પરંતુ માઇકેલ ઍન્જેલો વિષે તો બે શબ્દ ન લખીએ તો પાપ જ થયું મનાય. કોઇ ગજબનો દૈવી તાકાતવાળો માણસ, એ માઇકલ ઍન્જેલો! અહીં કામ કરવા આવ્યો હતો પથ્થરો કોતરવાનું. એના ઇર્ષાળુ હરીફ બ્રામાન્ટેએ પોપના કાન કરડ્યા, અને એને હુકમ અપાવ્યો કે એણે ઘુમ્મટમાં ચિત્રો ચીતરવાં. અને આજ પાંચસો વર્ષ પછી પણ એ ફ્રેસ્કો એવાં જ તાજગીદાર છે. ચાર ચાર વર્ષ સુધી, દિવસભર પાલખી ઉપર, ઊંધે માથે આડાઅવળા કે ટૂંટિયાં વાળી સૂઈ કે પડી રહી આ ચિત્રરત્નો એણે ચીતર્યાં છે. પોપના કારભારીએ મોં મચકોડી વખોડ્યાં, એટલે કલાકારે નર્કાગારમાંના ન્યાયધીશ મીનોનું મોઢું એ કારભારીના ડાચા જેવું ચીતરી બતાવ્યું! ગયો, ને ૨૩ વર્ષ રહી પાછો ચીતરવા આવ્યો ત્યારે આખી છત ઉપર બસો ઉપરાંત ચિત્રો ચીતરી કાઢ્યાં. એમાં ભગીરથ કામ તો પેલું 'લાસ્ટ જજમેન્ટ'નું ચિત્ર ચીતરવાનું કર્યું. એમાં સંત બાર્થોલોમ્યુના ઉઝરડેલી ચામડીવાળા શરીર ઉપર પોતે પોતાનો વ્યથિત ચહેરો અંકિત કર્યો. હવે આપણે આ જ પ્રમાણે જો રફાએલનાં ચિત્રોની વાતે ચડીશું તો પહોરના પહોર વીતી જશે. એક આખી સવાર સેંટ પીટર્સનું દેવળ અને મ્યૂઝિયમ જોવામાં વીતી ગઈ, ને તે પણ દોડતી ઉતાવળે; પણ દેવળમાંની અઢળક શાંતિ, વ્યવસ્થા, ગાંભીર્ય અને ભવ્યતાની તોલે કંઈ નહિ આવે.

આ એ રોમ. એની ધરતી ઉપર કેટલું લોહી રેડાયું હશે, એનો હિસાબ કાઢવો અઘરો છે. હું ચાલતો હોઈશ ત્યાં લોહીનાં ખાબોચિયાં હશે, ખૂનો થયાં હશે, ગુલામોનાં આંસુ વહ્યાં હશે... પણ જવા દો એ વાત. તમે કહેશો, નટ નાટક ને નાટકશાળા સાથે આ હકીકતોનો શો મેળ? પણ ત્રણ હજાર વર્ષના પટવિસ્તારની ચડતીપડતીનું, ખૂનરેજીનું, દશાપલટનું મહાનાટક નહિ? અને એની સાક્ષી રૂપે આ શહેર હજી એટલું જ જીવતું મોજૂદ છે, જમાનેજમાને રંગ બદલતું રહે છે. ઈસુના જન્મ પહેલાંના જમાનાથી માંડી આજ દિન સુધીનો કડીબદ્ધ સાંકળેલો ઈતિહાસ, ઈંટોડાં મટોડાંથી માંડી શિલ્પ-ચિત્રમાં પોતાની દર્દીલી કથાઓ વ્યક્ત કરતો અહીં જાગતો પડ્યો છે. એમ તો એવા કેક દેશમાં કેક લોહી વહ્યાં હશે ને કેંક સંકળાએલી કથાઓ આલેખાઈ હશે. પણ રોમની કાયાપલટ જીવંત છે. જૂનું એ કંજુસની માફક સાચવી રાખે છે અને નવું અવનવું બાળકની જિદ્દથી લેવા મથે છે. છતાં હવે આપણે આજની ગ્રીક, રોમન, બાઇઝેન્ટાઇન કે ઈજીપ્શીઅન કળા કે એના સંગ્રહસ્થાનો વિષે ઉલ્લેખ કરવા નહિ બેસીએ. આપણે તો હવે નટ, રંગભૂમિ ઉપર અભિનય કરતો નટ જોવો છે. અને એનો પણ કુદરતે કેવો સંજોગ ઊભો કર્યો તે જોઇએ.

રોમથી પંદર—સત્તર માઇલ દૂર દરિયા કિનારે ઑસ્ટીઆ લીડો તરફ ઇલેક્ટ્રિક ટ્રેઈનમાં પહોંચ્યા પછી એની નજીકનાં અસલ ઑસ્ટીઆનાં ખંડેરો તરફ જતાં, એક જૂનું અસલી થીએટર જોવાનું અમે નક્કી કર્યું.



કલાકાર માઇકેલ ઍન્જેલો કોઇ દૈવી તાકાતવાળો માણસ હતો. એ શિલ્પી, સ્થપતિ ને ચિત્રકારની ત્રિવિધ પ્રતિભા ધરાવતો. સેન્ટ પીટર્સના દેવળના સર્જનમાં એનો ઘણો ફાળો છે. એ મૂળ તો ત્યાં ગએલો શિલ્પી તરીકે, પણ એના ઈર્ષ્યાળુ હરીફ બ્રામાન્ટે પોપના કાન કરડ્યા અને એને હુકમ અપાવ્યો કે એણે ઘુમ્મટમાં ચિત્રો ચીતરવાં. અને ચારચાર વર્ષ સુધી, દિવસભર પાલખ પર ઊંધે માથે, આડાઅવળા કે ટૂંટિયાં વાળી સૂઈને કે પડી રહીને એણે જગતના બેનમૂન ચિત્રરત્નો સર્જ્યાં. છતાં પોપના કારભારીએ મોં મચકોડી તે વખોડ્યાં. એટલે તે ગયો, ને ત્રેવીસ વર્ષ રહી પાછો ચીતરવા આવ્યો ત્યારે આખી છત ઉપર બસો ઉપરાંત ચિત્રો ચીતરી કાઢ્યાં. પણ તેમાં ભગીરથ કામ તો એણે 'ધ લાસ્ટ જજમેન્ટ'નું ચિત્ર આલેખવાનું કર્યું. સિસ્ટાઈન ચૅપલની આખી ભીંત ભરીને ચીતરેલા એ જંગી ચિત્રનો આ તો માત્ર પચ્ચીસમો ભાગ જ છે.

એમ તો ખુદ રોમની વચ્ચોવચ્ચ બે હજાર વર્ષ જૂની નાટકશાળા તો છે જ. આ પણ એટલી જ જૂની; પરંતુ એનું નવેસરથી સમારકામ કરી એવી બનાવી છે કે પાંચથી સાત હજાર માણસો એકી વખતે નાટક જોઈ શકે. અને જુએ તો જુએ, પણ માઇક્રોફોન વિના સાંભળી શકે! જાદુ, છૂમંતર, વિજ્ઞાન, રેડિયો, રડાર, સાંચાકામ, વીજળી કશું નહિ, ફક્ત અવાજનો કસબ—છાતીનાં પાટિયાંમાં ભરાએલી હવા.

યુરોપમાં ૧૯૫૯માં પગ મૂક્યા પછી આપણે ત્યાં ઈન્ફલ્યુઍન્ઝાથી પણ વધુ જાલિમપણે ફેલેલો રોગ 'માઇક્રોફોન્ઝા', યા 'માઇક્રોફોબીઆ' અહીં આ બાજુ કેટલો ફેલાયો છે એ મારે જાણવું જ હતું. એટલે અહીં આવા મોટા ખુલ્લા મેદાનમાં સૈકડો વર્ષ પહેલાં બાંધેલી અને એની ઉપર સમારકામ તથા સુધારાવધારા કરી વિસ્તારેલી નાટકશાળામાં માઇક્રોફોબીઆનો એકે જંતુ શોધ્યો ન જડ્યો, ત્યારે આનંદ થયો.

૬૧/આ ('કુમાર' અંક ૪૪૬).

ઑસ્ટિયામાં દરિયાકાંઠે ઘણી રેસ્ટોરાં. એમાં એક અસલી ઢબછબની પણ આકર્ષક 'ઈન' નામે 'ઑર્ચિડિયા'. ઑર્ચિડ ફૂલ તો ત્યાં ખરાં જ. એમાં દાખલ થતાં એક ટેબલ ઉપર બેઠેલા પીનો લૂગુએલે મને બોલાવ્યો. એની સાથે લૉરા સેરૂટી અને એક વૃદ્ધ જનાબ બેઠેલા તેમાં ચોથો હું ભળ્યો. કુદરતી રીતે લૉરા સેરૂટીના છટાદાર વાળ અને ચમકદાર નયનો પ્રત્યે કોઈનું પણ ધ્યાન દોરાય, ત્યાં મારું તે શું ગજું?



એવા જ બીજા પ્રતિભાવાન કલાકાર રફાએલે સિસ્ટાઈન ચૅપલમાં નિરૂપેલી 'માતા મેરી'ની આ કૃતિ એણે ચીતરેલાં મેરીનાં અનેક ચિત્રોમાં આગળપડતું સર્જન ગણાય છે.

પરંતુ જરા મલકી, 'કેમ છો'નો 'કેમ છો' જવાબ આપી હું તો પેલા જૅક્ જનાબને જોવામાં ગૂંથાયો. હશે સાઠ-પાંસઠેકની ઉમરઃ કદાચ વધારે. ચશ્માં ખરાં, પણ આંખ પાણીદાર. પાસિફિક કે આટલાન્ટિક ગમે તેવો વિશાળ મહાસાગર હોય એમાં એક નયનકિરણ નાખતાં એની ઊંડાઈ માપી લઇ શકે એવી એ આંખોને ભલભલા માનવીનો તાગ કાઢી લેતાં શી વાર લાગે વારુ? ટૂંકી પણ ગૂઢ અને ગાઢ દોસ્તી સૌથી પહેલી આ વખતે યુરોપમાં થઈ એ અહીં 'ઑર્ચિડિયા'માં.

પેલી નાટકશાળા વિષે અમે વાતો કરી. એ ત્રણે પણ ત્યાં થઇને અહીં આવ્યાં હતા. લૅારાએ રોમમાં હમણાં જ શરૂ થએલી 'લા કોમેટા' અને 'દૅલ પારીઓલી' બે નવી નાટકશાળા વિષે કહેતાં એ જ રાત્રે 'લા કોમેટા' યા તો 'થીએટર ઈલીઝીઓ'માં નાટક જોવા જવાનું નિમંત્રણ પણ આપ્યું, અને અમે જવાનું પણ ઠરાવ્યું. ઓગણીસ-વીસ નાટકો તો રોજ થાય છે, એમાં આ બે નવાં વધ્યા એ જાણીને આનંદ થયો. અલબત્ત એમાંનાં કેટલાંકમાં બેસવાની સગવડ દોઢસોથી બસોની જ; પરંતુ એમાં પણ એકના એક નાટકે સરવાળે નટનટી લેખક અને નાટકશાળાનો માલિક દાળરોટલો, ઘરભાડું, કપડાંલત્તાં, મોજશોખ અને થોડી બચત કાઢી શકે છે, એ જાણી નવાઈ પણ થઈ.

આ જૅક્ જનાબ કોણ? ઓળખાણ વખતે 'સીનોર ઍડ્રીઅન' એટલું જ મને કહેવામાં આવ્યું હતું. નાટકશાળા પછી જે વાતો ચાલી એમાં એણે એક ડૅાક્સ નામના કૂતરાની વાત કરી. ઇંગ્લંડની સ્કૅાટલૅન્ડ યાર્ડ પોલીસનો પ્રખ્યાત કૂતરો રેકસ અને પારીસની પોલીસનો ઝોરો, એવો રોમનો આ અનન્ય કૂતરો ડૅાક્સ. ચોરની કોઈ વસ્તુ સૂંઘાડો એટલે પાતાળમાંથી પણ ગુનેગાર શોધી લાવે એવા કૂતરા તો જાણ્યા છે, પણ ડૅાક્સ તો ચોર લૂંટારો ખૂની જે જગ્યાએથી નાઠો હોય ત્યાં એને ઊભો કર્યો, કે પછી એ એને અચૂક પકડી લાવ્યા વિના રહે નહિ એવી એની ખ્યાતિ! ગુનેગારના કલુષિત અંતરાત્મામાંથી કંઈક બદબો એવી નીકળતી હશે એને આધારે એ એને પકડી શકતો હોય, એમ સિનોરે જણાવ્યું. પણ એ ડૅાક્સ હવે નવા વર્ષથી ઈટાલીના પોલીસ ખાતાની નોકરી પછી પેન્શન પર ઊતરશે કે એકાદ વર્ષનો એને વધારો આપવામાં આવશે એ વિષે ચર્ચા ચાલી, તે ઉપરથી મને થયું કે એ કોઈ મોટા પોલીસ અમલદાર હશે. પરંતુ એમની આંખ પરથી એમ લાગતું ન હતું. અંગ્રેજી સરસ બોલે, રીતભાત સારી, મારે માટે એને કંઈ ખયાલ હોય એમ એણે વાતો શરૂ કરી; એને મારો તાગ બેઠો હોય એમ લાગ્યું. પણ મને એનો તાગ મળતો નહોતો.

પીનો અને લૅારા સેરૂટી તો બંને સવારે મળ્યાં હતાં. પીનો અમારી હોટેલમાં જ રહે. લૅારા કંઈ કામે એને મળવા આવી હતી. નાસ્તા વખતે સાથે હતાં ત્યારે ગુડ માર્નિંગ થયું હતું, અને પછી મારે એકબે વાત જાણવી હતી તે એમની પાસે જઇને પૂછી હતી. એ બંને રોમના ટેલીવિઝન ઉપર કિવઝ પ્રોગ્રામમાં કામ કરે, અંગ્રેજી જાણે, અને મને રેડિયોમાં રસ, એટલી અમારી ઓળખાણ. પણ આ અહીં સાગરકાંઠે 'ઑર્ચિડિયામાં ભેગા થયા એ ઍડ્રીઅન જનાબ કોણ?

રોમ પાછા જવાની મારી પાસે ટ્રેનની ટિકિટ તો હતી. તે ફેંકી દેવી પડી. પીનો પાસે ગાડી હતી. એમ તો લૅારા પાસે પણ હશે, ને ઍડ્રિઅન પાસે તો ચોક્કસ જ, એટલાં પૈસાદાર તો એ દેખાતાં જ હતા. પીનો ને લૅારા આગળ બેઠાં, ઍડ્રીઅન ને હું પાછળ. એણે મને રસ્તે હિન્દુસ્તાનનાં નાટકો વિષે, સરકસો વિષે અને સંગીત વિષે સવાલો પૂછ્યા. એમાં સંગીત વિષે એનો રસ ભારે જણાયો. મને થયું કે દાયકા પહેલાં મળેલા રૂબીન્સ્ટીન કે બ્રુનો વૉલ્ટર જેવી આ કોઈ સંગીત જાણનારી સિમ્ફની કન્ડક્ટ કરનારી મશહૂર વ્યક્તિ હશે?

અમે તે સાંજે, જેના સો ઉપર પ્રયોગો ત્યાં થઈ ગયા હતા એવું, આર્થર મિલરનું 'યુનો ગાર્ડો ડાલ પોન્ટે' એટલે કે 'વ્યૂ ફ્રોમ ધ બ્રિજ'નું નાટક જોયું. દિલ્હીમાં મેં એ અંગ્રેજીમાં તાજું જ જોયું હતું એટલે સમજતાં અઘરું ન લાગ્યું. પણ નાટકની રામાયણ ક્યાં માંડીએ? આ ઍડ્રીઅન કોણ? ગઇ વખત બર્નમાં અનાયાસ જર્મન એરોપ્લેનના બનાવનાર હિટલરના સાથી મેસર્સસ્મિથ સાથે મેળાપ થઇ ગયો હતો એવો જ આ કોઈ જર્મન હશે? (ચાલુ)

જોનાહ: આ અંકના પૂઠા પરનું ચિત્ર

ઑાલ્ડ ટેસ્ટામેન્ટના એક પુસ્તક 'એ બુક ઑાવ જોનાહ' જેના નામ પરથી ઓળખાય છે એ આ એક હિબ્રુ ધર્મોપદેશક વિષે એવી કથા છે કે કેટલાક ખલાસીઓએ એને એક વખત દરિયામા ફેંકી દીધેલો ને એક મત્સ્ય તેને ગળી ગયો હતો. ત્રણ દિવસ સુધી તેને પોતાના પેટમાં રાખ્યા બાદ એ મત્સ્યે તેને ફરી કોઈ સૂકી જમીન પર જીવતો ઓકી કાઢેલો. ફારસી પુરાણકથાઓમાં પણ મળી આવતો આ પ્રસંગ એ થોડા વખત માટે ઈઝરાએલ પર સ્થપાઈ ગએલા આસીરિયન વર્ચસ્વના સૂચક પ્રતીક રૂપ છે એમ ઘણા માને છે. વળી એક મત એવો પણ છે કે તે ક્રાઈસ્ટના અવસાન ને પુનર્જીવનની કથાના પ્રતીક રૂપ છે. આ ઉપરના લેખ સાથે આપેલા માઈકલ ઍન્જેલોના એક ચિત્રમાં તથા આ અંકના પૂઠા પરના ડચ કલાકાર પામ જી. રૂટરના વૂડકટમાં થએલું તેવું આલેખન કલારસિકોને સરખામણી કરવા જેવું લાગશે. માઇકેલ ઍન્જેલોથી તો વાચકો અજાણ નથી જ. રૂટર નેધરલૅન્ડના એક વિખ્યાત કથાચિત્રકાર ગણાય છે. મુદ્રણક્ષમ કલાના અન્ય પ્રકારોમાં પણ તેઓ ઉસ્તાદ છે. સ્લૅાટન, આમ્સ્ટરડામમાં ઈ. સ. ૧૯૦૬માં એમનો જન્મ થએલો. આમ્સ્ટરડામની સરકારી અકાદમી ને પછીથી જર્મનીની થીએટર અકાદમીમાં એમણે કલાનો અભ્યાસ કરેલો છે.



અશ્રુકણી

જે કો ચાહે ધરણી ઉપરે સ્વર્ગને લાવવાને
તેણે જાતે ધરણી તણી માટી પરે આવવાનું,
પૃથ્વી કેરો મલિન પ્રકૃતિ–બોજ ઉઠાવવાનો,
કષ્ટે છાયો વિકટ પથ આ વિશ્વનો કાપવાનો.

તેજસ્વી પત્રકાર શ્રીનિવાસન પાર્થસારથિ

કેવું પ્રભાવશાળી આ મુખ છે! કેવો પ્રતિભાસંપન્ન એનો ભાલપ્રદેશ છે? પણ... કમનસીબે ભારતીય પત્રકારત્વનો એ તેજસ્વી તારો હમણાં અકાળે જ ખરી પડયો! હજુ તો એમના બુઝર્ગ આંતરરાષ્ટ્રીય પત્રકાર-પિતા શ્રી કસ્તૂરી શ્રીનિવાસનને ગયે પૂરાં બે વર્ષ પણ નથી થયાં, ત્યાં તો એનો આ પત્રકાર-પુત્ર ચોત્રીસ વર્ષની ભર યુવાનીએ ચાલ્યો ગયો. ઈ. ૧૮૭૮માં મદ્રાસમાં સ્થપાએલા અંગ્રેજી પત્ર 'હિન્દુ'ના સમર્થ તંત્રીઓની યશસ્વી પરંપરાને વધુ પાંગરાવવાનો એને અવકાશ મળે તે પહેલાં જ કાળે એને ઝડપી લીધો.

એ હતા, શ્રી શ્રીનિવાસન પાર્થસારથિ; 'હિન્દુ' પરિવારના સમર્થ તંત્રી અને સ્વ. કસ્તૂરી શ્રીનિવાસનના જ્યેષ્ઠ પુત્ર. જૂન ૧૯૫૯માં કસ્તૂરી શ્રીનિવાસન જતાં 'હિન્દુ'નું સમગ્ર સંચાલન એમણે એટલી નાની ઉમરે પણ અદ્‌ભુત સામર્થ્યથી સંભાળી લીધું હતું.

૧૯૨૭ના જૂનની ૨૬મી તારીખે એમનો જન્મ. મયલાપોરની પેન્નાથુર સુબ્રહ્મણ્યમ્ હાઇસ્કૂલમાં ભણી, એ મદ્રાસની પ્રેસીડેન્સી કૉલેજમાંથી ૧૯૫૦માં રાજકારણના વિષય સાથે ઑનર્સ ગ્રેડયુએટ થયા અને તરત જ પિતાના 'હિન્દુ' પત્રમાં જોડાયા. શરૂઆતમાં એઓ 'હિન્દુ'ની સાપ્તાહિક આવૃત્તિના સંપાદન ખાતામાં તાલીમ અર્થે જોડાયા. આ વિભાગમાં એમણે કેટલાંક નવાં અંગો ઉમેર્યાં. ઈ.સ. ૧૯૫૨માં શ્રીમતી મેનકા સાથે એમનું લગ્ન થયું.

ઈ. સ. ૧૯૫૩માં એમણે ઇંગ્લંડ અને પશ્ચિમ યુરોપનું ભ્રમણ કર્યું અને પત્રકાર તરીકે ઇંગ્લંડનાં રાણી એલીઝાબેથ બીજાના રાજ્યારોહણમાં ભાગ લીધો.




ઈ. ૧૯૫૯માં તે અઠવાડિક લેખ-સંપાદનના કાર્ય ઉપરાંત સમસ્ત 'હિન્દુ' પત્રપરિવારના પ્રકાશન તેમજ સમગ્ર સંચાલન અને વિજ્ઞાપન વિભાગના અખત્યારમાં આવ્યા. એમની કાર્યકુશલતાની લાક્ષણિકતા એ નીવડી કે એઓ તંત્રમાં ઉમંગ પ્રેરી શકયા ને સાથીઓનો આદર પણ પ્રાપ્ત કરી શકયા.

ઈ. સ. ૧૯૬૦માં એમને અમેરિકા રાજ્ય તરફથી અમેરિકાના પ્રવાસે આવવાનું નિમંત્રણ મળ્યું. બે મહિના એઓ અમેરિકામાં ફર્યા તે દરમ્યાન એમણે વિવિધ પત્રોની કચેરીઓની મુલાકાતો લીધી, નામાંકિત પત્રકારોને મળ્યા તેમજ ત્યાંના જાહેર જીવનના અગ્રણીઓના સંપર્કમાં આવ્યા; અને પાછા ફરતાં ઈંગ્લંડમાં રાષ્ટ્રસમૂહના વડા પ્રધાનોના માનમાં રાણી એલીઝાબેથે યોજેલા સત્કારસમારંભમાં જવાનું પણ એમને ગૌરવ લાધ્યું.

ગઈ ત્રીજી ફેબ્રુઆરી(૧૯૬૧)ના રોજ સવારે

આપણાં જીવજંતુ : ૩૧

કાનપછેડી



જીવડાંની જમાતમાં નવતર અને ભારે પરાક્રમી તથા આપજીવી કાનપછેડીને તેના જડબાં અને વાંકી પૂંછડી જોઈ ઘણાં 'કૂતરો' પણ કહે છે. ટચૂકડા કદના આ નિશાચરનો દેહ સળગ છાતીપેટવાળો ને ચપટો હોય છે. તેમાં ત્રણ ભાગમાં અગિયાર સાંધા હોય છે. માથું રતાશ પડતું મોટું. બે આંખો વચ્ચે મૂછોના ઝીણા ફગફગતા તાંતણા. પેટને છેડે રતાશ પડતી અણીદાર પૂછડી એ એનું બચાવનું હથિયાર છે. વીંછી જેવો એ આંકડો વાગે, પણ ઝેરી નહિ; બળતરા પણ બહુ ન કરે. બહુ તો કીડીએ ચટકાવ્યા જેવું લાગે. વળી સ્વભાવે ડંખીલું ન હોઇ સ્વરક્ષણ સિવાય ડંખનો ઉપયોગ કરે નહિ. ઊડવા માટે પાંખો નથી. પાતળા ને લાંબા છ પગ પર ટેકવાતો દેહ એ ચાલે ત્યારે રેલગાડીના ડબ્બા જેવું લાગે.

એની એક ખાસિયત એ છે કે શિયાળાની ઠંડીથી બચવા અંધારી કે અવાવરુ જગ્યાએ દર કરી રહે ને હૂંફ વળે એટલે બહાર નીકળી પેટ ભરી આવે. ફળફૂલવાળા ઝાડ પરની ઇયળો, માખી ને મચ્છર વગેરે ખાય. આખું કુળ કીટભોજી એટલે વનસ્પતિને ન અડે, પણ એની ઇયળ જો ફળમાં પેસી જાય તો આખું ફળ કોરી સોંસરી નીકળી જાય બાકી બીજું કંઇ નુકસાન કરે નહિ. ફળફૂલના ઝાડ પર થતી ઇયળો, માખી, મચ્છર વગેરે ખાય. આમ, કીટભોજી હોઈ એહુને કે બાગ ના માળીને સહાયકર્તા.

વસંતની શરૂઆત એ એનો સંવનન કાળ. વસંત બેસી ગયા બાદ માદા બેએક ડઝન જેટલાં ઇડાં મૂકે. સ્વભાવે બહુ વહેમી હોઈ પ્રસૂતિ થતાં નરને દરમાંથી તગડી મૂકે ને બહુ હેતથી ઇડાંનું જતન કરે. પણ બચ્ચાં બહાર આવે કે એની ફરજ પૂરી. બચ્ચાં બધાં આપકર્મી, જન્મે કે તુરત પોતાનો ખોરાક શોધવા નીકળી પડે. ખાતું જાય ને મોટું થતું જાય. છ વખત ખાલ ઉતારે ત્યારે એ યુવાન વયે પહોંચી જાય ને પોતાનું નવું ઘર કરે.

દસ વાગે મદ્રાસમાં મયલાપોર ખાતે ૩૪ વર્ષની ભરયુવાનીએ અચાનક એમનું અવસાન થતાં એમનાં માતા, એમનાં યુવાન પત્ની, એમના નાના ભાઈ, એમની ત્રણ માસૂમ બાલિકાઓ અને સમગ્ર 'હિન્દુ' પરિવાર પર દુઃખ અને આફત આવી પડયાં.

એમની સ્મશાનયાત્રમાં ને ઘેર મળવા આવનારમાં અમેરિકાના મદ્રાસ ખાતેના એલચી ડૉ. ટૅામસ સાયમન્સ, મદ્રાસના નગરશેઠ શ્રી આર. એમ. દવે, મદ્રાસના નાણાંપ્રધાન શ્રી સુબ્રહ્મણ્યમ્, ભારતના ભૂતપૂર્વ નાણાંપ્રધાન શ્રી કૃષ્ણમાચારી વગેરે મહાનુભાવો હતા.


પોતાના પિતાને અને પૂર્વજોને પગલે ચાલી તેમણે અનન્ય નિષ્ઠાથી પત્રકારત્વની ને 'હિન્દુ' દ્વારા પ્રજાની સેવાનો પંથ લીધો હતો. પત્રકારત્વ, પ્રકાશન અને મુદ્રણને ક્ષેત્રે એ અદ્યતન જ્ઞાન ધરાવતા હતા અને એ ત્રિવિધ કળામાં પાવરધા હતા. આ વ્યવહારિક ક્ષેત્ર સિવાય પણ અનેક ક્ષેત્રે એમણે કામણ કર્યું હતું ને ઇતર વ્યવસાયના સેંકડો મિત્રો બનાવ્યા હતા. મિત્રો બનાવવાની એમની કળા અનન્ય હતી. આટલી નાની વયે પણ એમનામાં જે અસાધારણ ગ્રહણશક્તિ તેમ જ સમજ આવી હતી, તેની 'હિન્દુ'ના બધા કર્મચારીઓ અનુભવથી કદર કરતા હતા. એક ઉપયોગી જીવનમાર્ગે એમની પ્રગતિ ચાલતી હતી ત્યાં જ દૈવે એમને અકાળે ઝડપી લીધા! એમના આત્માને ચિર્ શાંતિપ્રાપ્ત થાઓ!

—વલ્લભદાસ અક્કડ


સાલ્હેરનો કિલ્લો

બાગલાણના કિલ્લાને નામે જે કિલ્લો જાણીતો છે તે કોઇ એક કિલ્લો નથી, પણ એમાં દૂરદૂરના ત્રણચાર કિલ્લાઓનો સમાવેશ થાય છે. તે પૈકીના મુલ્હેર અને સાલ્હેરના કિલ્લાઓ અતિ પ્રખ્યાત છે. (મુલ્હેરનો પરિચય અગાઉ અંક ૪૩૩માં આવી ગયો.) સાલ્હેરનો કિલ્લો તો વડોદરા રાજ્યના ચાર કિલ્લાઓ પૈકીનો એક અગત્યનો અને પૌરાણિક તથા ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો કિલ્લો છે.

દરિયાની સપાટીથી પાંચ હજાર ફીટ ઊંચો આ કિલ્લો આબુથી બીજે નંબરે આવે છે. અહીંની હવા પણ ઘણી સારી છે. આ કિલ્લો કુદરતી હોઈ તેના પર ચડવાનું ઘણું અઘરું છે. જોકે ઉપર ચડવા માટે સાંકડાં પગથિયાં તો છે જ. કાળા પથ્થરને સીધા કોતરીને જ અહીંનાં મકાનો તૈયાર કરવામાં આવ્યાં છે, જેમાં વડોદરા રાજ્ય વખતે રાજગાદી પણ રહેતી હતી. કિલ્લા ઉપર જગ્યા ઘણી વિશાળ છે અને ત્યાં મોટું તળાવ ને ટાંકી પણ છે. એક સારું સેનેટેરિયમ ઊભું કરી શકાય એવું, હવા અને રહેઠાણની દૃષ્ટિએ ઘણું અનુકૂળ આ સ્થળ છે. સ્વ. સયાજીરાવ મહારાજની ઇચ્છા અહીં હવા ખાવાનું સ્થળ (આરોગ્યધામ) ઊભું કરવાની હતી, પણ એમના સ્વર્ગવાસથી એ થઈ શક્યું નહિ.



કિલ્લા ઉપર આવેલી પાણીની ટાંકી



કિલ્લા ઉપર એક યજ્ઞવેદી છે, જે ઘણી પ્રાચીન લેખાતી હોઇને તેની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈનું માપ શાસ્ત્રીય રીતે પ્રમાણભૂત મનાય છે અને બહારથી ઘણા માણસો તે માપ માટે અહીં આવે છે. વળી અહીં એક ભોંયરું પણ છે, અને કરણ વાઘેલો એમાં જ રાતવાસો રહી આગળ મુલ્હેર ગયો હતો એમ કહેવાય છે. અહીંના કિલ્લાના દરવાજા ઉપર એક પુરાણો લેખ છે જે કોઇ નિષ્ણાત પુરાતત્ત્વવિદ તથા લિપિશાસ્ત્રીએ ઉકેલવો જોઇએ.

કિલ્લા ઉપરના શિખરને 'ફરસરાવની ટેકરી' કહે છે. ત્યાં પરશુરામનાં પગલાં છે અને દંતકથા એવી ચાલે છે કે અહીં ઊભા રહી પરશુરામે બાણ મારીને સમુદ્રને હઠાવેલો. વળી કુદરતની અજાયબી સમ સામેનો એક ડુંગર આરપાર પોલો હોય એવું દેખાય છે, તેથી એમ કહેવાય છે કે તેમાં થઇને પરશુરામનું બાણ ગએલું। યજ્ઞવેદી પાસે શંકરનું એક લિંગ છે, અને એની આજુબાજુ કાળા ભમરા મોટા પ્રમાણમાં ફરતા રહે છે, જેથી લિંગ પાસે જતાં લોકો ખૂબ ગભરાય છે.

વડોદરા રાજ્ય વખતે અહીં એક થાણાદાર, તલાટી, નાયબ ફોજદાર, પાંચ-છ પોલીસો તથા ફોરેસ્ટર અને બીટગાર્ડો રહેતા હતા. એમાં એક બીટગાર્ડ સાલ્હેરથી ૭૦ માઈલ ચાલીને સોનગઢ એક જ દિવસમાં જતો. અહીં રોષા ઘાસ મોટા પ્રમાણમાં થાય છે, જેનું રોષાતેલ વા ઉપર દવા તરીકે અકસીર નીવડયું છે. ઈ. સ. ૧૯૫૨માં વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયું ત્યાં સુધી આ કિલ્લો સોનગઢ તાલુકામાં હતો. હવે તેને ખાનદેશ જિલ્લામાં જોડી દેવામાં આવ્યો છે.

વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં જ દરેક જિલ્લા અને તાલુકામાં ગામડાની પુનર્રચના વિચારાઈ, ત્યારે સોનગઢના મામલતદારે જે અહેવાલ આપ્યો તે ગુજરાતને નુકસાનકારક નીવડયો છે. મામલતદાર તરીકે દૂર સાલ્હેર વર્ષમાં એકાદ વાર પણ મુલાકાત લેવા જવું પડે તે આકરું લાગ્યું અને એક આ કારણથી જ તેમણે એવી ભલામણ કરી કે સાલ્હેરને સોનગઢની હકૂમતમાંથી કાઢી પશ્ચિમ ખાનદેશની હકૂમતમાં મૂકવું. આને પરિણામે તે મહારાષ્ટ્રમાં ગયું. આબુથી તરત બીજું આવી શકે એવું ગુજરાતનું હવાખાવાના સ્થળ તરીકેની સર્વ શકયતા ધરાવતું એ સ્થળ હતું. પાવાગઢને વિકસાવવાનું હજી

તો બાકી છે તેવે સમયે સાલ્હેર ગુજરાતનાં હવા ખ.વાનાં સ્થળોની સમૃદ્ધિમાં અચૂક ઉમેરો કરી શકત. —ચન્દ્રકાન્ત વાઘેલા

(સોનગઢ તાલુકાના કિલ્લાઓની માળામાં બીજા કિલ્લા હવે પછી.)

અંધજનો હવે ચાલુ ચોપડીઓ પણ વાંચે છે

ચક્ષુહીનો માટે ઉપસાવેલાં ટપકાંવાળી બ્રેઇલલિપિનાં પુસ્તકો હોય છે એ તો આપણે જાણીએ છીએ. પણ હવે 'ઑપ્ટોફોન' નામનું એક એવું સાધન શોધાયું છે જેમાં આપણી ચાલુ ચોપડીઓ મૂકીને ચક્ષુહીનો તે વાંચી શકશે—અલબત્ત કાન વડે.

ગાતાં પુસ્તકો

આ નવા 'ઑપ્ટોફોન'માં ફોટો-ઇલેક્ટ્રિક સેલ ગોઠવવામાં આવી છે. ચાલુ પુસ્તક તેમા મૂકીને સેલ ચાલુ કરતા, છાપેલા પાના પરના અક્ષરની કાળી આકૃતિઓ ઈલેક્ટ્રિક સેલમાં જે પ્રત્યાઘાતો ઊભા કરે તેને લીધે તે તે આકૃતિ અનુસાર સંગીતના વિવિધ સૂર જેવા લાંબા-ટૂંકા, ઊંચા-નીચા, આલાપ પલટા ધરાવતા સૂર તેમાંથી નીકળે છે. A અક્ષરનો સૂર અમુક પ્રકારનો, Bનો અમુક રીતનો, Cનો અમુક પલટાવાળો, Dનો અમુક જાતનો—એમ અક્ષરદીઠ જે વિવિધ સૂર-પ્રકાર તેમાંથી હેડફોન દ્વારા સંભળાય છે, તેની ઓળખ એક વાર થઈ જાય એટલે પછી મહાવરાથી અંધજનો એ સૂરને પરખી પરખીને તેને આધારે મિનિટના ૪૦ શબ્દો સુધી (કાન વડે) 'વાંચી' શકે છે!

બોલતા દડા

આ જ ઇલેક્ટ્રૉનિક્સના સિદ્ધાન્ત પર ક્રિકેટ, ટેનિસ, ફુટબૉલ આદિ રમવા માટેના દડા પણ યોજાયા છે, તેમાં મૂકેલી ફોટો ઇલેક્ટ્રિક સેલથી, દડાની હિલચાલ અનુસાર તેમાંથી જે વિવિધ અવાજ નીકળે તે પરથી તેની દિશા તથા સ્થિતિ પારખીને અંધો તેને રમી શકે!

વાતો કરતાં અખબાર

પશ્ચિમ જર્મનીના વ્યુઝબર્ગમાં વળી અંધજનો માટે એક પત્ર પણ હવે નીકળવા માંડયું છે—ટેઈપ રેકોર્ડિંગના રૂપમાં. ગ્રાહકોને લવાજમના બદલામાં તેની ટેઈપ મોકલવામાં આવે છે, જે મશીન પર ચડાવીને તેઓ તેમાંથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારો, રમતગમતો ને પ્રવાસના અહેવાલો, ચાલુ વાર્તા વગેરે સાંભળે છે. શહેરમાં ફરવામાં અંધજનોએ કેવી સાવચેતી રાખવી વગેરે વિષયોના લેખ પણ તેમાં હોય છે. હમણાં વળી ત્યાંની મ્યુનિસિપાલિટીએ ચાલુ નાટકનાં દૃશ્યો પણ તેમાં ઉતારીને મોકલવાની તૈયારી બતાવી છે.



બ્રેઈલ મુદ્રણમાં ક્રાન્તિ

અત્યારે અંધજનોને સ્પર્શથી વાંચવા માટે, જાડા કાગળ ઉપર ખાસ રચનાઓમાં વિવિધ ટપકાં ઉપસાવીને બ્રેઈલ લિપિમાં પુસ્તકો છાપવામાં (એટલે કે ઉપસાવવામાં) આવે છે. પરંતુ એ પર હાથ ફરી-ફરીને થોડા વખતે ટપકાં ઘસાઈ જવાથી વાંચવામાં મુશ્કેલી પડે છે. વળી જાડા કાગળ હોઈ પુસ્તકો અબવડભરેલાં બને છે.

હવે જાડા કાગળમાંથી ટપકાં ઉપસાવવાને બદલે, પાતળા કાગળ પર પ્લાસ્ટિકનાં ટકાઉ ટપકાં ચોંટાડવાની શોધ થઈ છે. એ ટપકાં કદી ઘસાશે નહિ, અને પુસ્તકો પ્રમાણમાં નાનાં તથા ફાવટવાળાં બનશે. વળી પ્લાસ્ટિકના એવા ખાડાટેકરાવાળા નકશાઓ પણ યોજાયા છે જે પર આગળીઓ ફેરવીને તેઓ કોઈ પણ દેશની ભોગોલિક સ્થિતિ જાણી શકશે.

તુલસી

હિંદુ સંસ્કારમાં તુલસીને 'તુલસીમાતા' કહેવામાં આવે છે. ધર્મની આસપાસ એનો પ્રચાર થયો છે ને 'ભગવાનને પ્રિય' આ વનસ્પતિનો દેવમંદિરોમાં સ્વીકાર થયો છે. તુલસીનું પાન અને ચરણામૃત લઇને માનવી માનસિક શાંતિ ને શ્રદ્ધાબળ અનુભવે છે. એનું આવું મૂલ્ય શા માટે થયું હશે. આજે શ્રદ્ધાના બળ ઉપર કોઈ પણ ચીજને મૂલવવા કરતાં એમાં વિજ્ઞાન અને સમજણનો સુમેળ કરીને તેને મૂલવીએ.

આજે માનવી મોટે ભાગે જંતુજન્ય રોગોનો ભોગ બનતો કહેવામાં આવે છે. અને એ જંતુઓનો નાશ એ આજની ઉપચાર પ્રણાલિકા છે. સલ્ફાડ્રગસ અને ઍન્ટીબાયોટિક્સનો આ હેતુથી જ પ્રચાર વધ્યો છે. રાજનિઘટુકારે તુલસીને 'જંતુભૂત કૃમિહરા' 'રૂચિકૃત્ વાતશાંતિકૃત' અને 'શ્લેષ્મ વાતજિત્' કહીને એનો પૂરો પરિચય આપી દીધો છે ને આથી જ માનવીનાં રોજિંદા જીવનમાં પ્રતિકારની શક્તિ વધે એ માટે ધર્મ સાથે એનો સમન્વય સાધીને દરરોજ એનો ઉપયોગ થતો રહેવાથી જંતુઘ્ન પ્રતિકારશક્તિ વધે છે એમ સ્વીકારવામાં આવ્યું છે.

મુંબાઈનાં આજનાં વિક્ટોરિયા ગાર્ડન અને મ્યૂઝિયમની જ્યારે રચના થતી હતી તે દિવસોમાં ત્યાં મૅલેરિયાનું ભારે જોર હતું, તેથી મજૂરોને બચાવવા ત્યાં મોટા વિસ્તારમાં તુલસીનું વાવેતર કરવામાં આવ્યું અને પરિણામે આ મચ્છરોનો ત્રાસ બંધ થયો. આથી, એનુ એક નામ 'મૉસ્કવીટો પ્લાન્ટ' નક્કી થયું. રોજિંદા જીવનમાં આજે આપણો ખોરાક વિકૃત થયો છે. કૃમિજન્ય દર્દીઓનું પ્રમાણ વધતું જાય છે. એની અસર જ્ઞાનતંતુ ઉપર જોવા મળી છે. વાતજ વિકૃતિ સાથે જ્ઞાનતંતુનો સંબંધ સ્વીકારાયો છે આથી જ 'वात शांति कृतः' તરીકે તુલસી ઉપયોગી છે.

વનસ્પતિશાસ્ત્રનાં સંશોધક પંડિતો ડૉ. કીર્તિકર અને વસુ એમના 'ઇન્ડિયન મેડિસિનલ પ્લાન્ટસ'માં કહે છે કે જેમાં તીવ્ર વાસ હોય તેવાં દ્રવ્યોનો રોજિંદા જીવનમાં વિવેક અને સમજણ સાથે ઉપયોગ કરવામાં આવે તો એથી જંતુજન્ય રોગોથી મુકત રહેવાય છે. એ લખે છે: તજ, લવિંગ, જાયફળ ને તુલસી જેવાં દ્રવ્યોનાં સેવનથી અગ્નિ પ્રદીપ્ત રહે છે અને પ્રતિકારની શક્તિ વધે છે. નીચેના રોગો માટે તુલસીનો ઘરગથ્થુ ઉપયોગ સ્વીકારાયો:

(૧) મંદાગ્નિ રહેતો હોય, ભૂખ ન લાગતી હોય, ખોરાકનું પાચન ન થતું હોય અને જે કાંઈ ખાવામાં આવે તેનો સીધો આમ થઇને શરદી, સળેખમ થયા કરતાં હોય તેમાં તુલસીનો રસ તોલો એક જરૂરી મધ નાખીને સવારમાં પીવાથી ફાયદો થાય છે. (૨) વારંવાર તાવ આવતો હોય, શરીરમાં ઝીણો તાવ રહેતો હોય કે ટાઢ વાઇને મૅલેરિયાની અસર પેદા થતી હોય તેવા સાદા વિષમ કે જીર્ણજ્વરમાં

તુલસીનાં પાન નંગ ૧૫ અને મરીના દાણા નંગ પાંચ સારી રીતે વહેલી સવારમાં ચાવીને ખાઈ જવાં. ઉપર ૧૦થી ૧૫ મિનિટ સુધી પાણી ન પીવું. આ પ્રયોગથી દીપનપાચન પણ વધે છે. (૩) વારંવાર ઉધરસ થતી હોય, સતત કફ પડતો હોય, ગળામાં કફની ખરેડી બાઝની હોય અને આવી શરદી કે કફના કારણે છાતીમાં કે પડખામાં શૂળ નીકળતું હોય તેવાં દરદોમાં આદુનો રસ, તુલસીનો રસ ને મધ ત્રણે સમાન ભાગે એકએક તોલો મેળવીને પીવાથી ફાયદો થાય છે.

(૪) તુલસીનો રસ ને મધ મેળવીને આંખમાં આંજવાથી આંખનો દુખાવો, ચીપડા કે ઝાંખપમાં સારી રાહત મળે છે. (૫) તુલસીમાં રહેલું સુગંધી તેલ મગજની અસ્વસ્થતા દૂર કરી એને હળવું કરે છે. (૬) જંતુઓનો નાશ અને રોગોત્પાદક દુર્ગંધને દૂર કરી શકે છે. (૭) તુલસીનો રસ કાળી માટીમાં ભેળવી માટીને ભીનીભીની દાદર કે ખરજવા ઉપર બાંધવાથી દાદર-ખરજવાનાં જંતુઓનો નાશ થાય છે અને રોગને દૂર કરે છે એવો અનુભવીઓનો અભિપ્રાય છે. આમ તુલસી એ રોગોના વિશાળ વર્ગને દૂર કરનારી ઔષધિ છે. હિંદુજીવનમાં એને આંગણામાં ક્યારો બનાવીને વાવવામાં આવે છે, કારણ કે એની સાથે અથડાઇને આવતી હવા શુદ્ધ બને છે.

(પ્રવાસી) —'ચિકિત્સક'

ઉડ્ડયનનો પહેલો શોધક

ગ્રીક પુરાણોમાં કલાકૌશલના અધિષ્ઠાતા દેવ તરીકે પુજાએલા ડૅડેલસે પોતાના ભાણેજને પોતા કરતાં પણ સવાયો બુદ્ધિશાળી અને શોધક નીવડેલો જોઈ ઇર્ષ્યાથી પ્રેરાઇ એને મારી નાખ્યો. એનું આ કરતૂક પકડાઈ જતાં એ પોતાના પુત્ર સાથે ક્રીટ ટાપુ પર નાસી ગયો. ત્યા તેણે ક્રીટના રાજા મિનોસ પાસેના વૃષભ-રાક્ષસ 'મિનોએર' માટે એક ભુલભુલામણી રચી. દર વર્ષે આ રાક્ષસને માનવભોગ ધરાતો અને એ બલિ નાસી જઇ શકે એટલા માટે આ ભુલભુલામણી રચાએલી. આમાં એક વાર ગ્રીક થીસીઅસ પણ બલિ ભેગો આવેલો પણ તેનાથી આકર્ષાએલી મિનોસની પુત્રીએ ડૅડેલસની સહાયથી એને ભુલભુલામણીનો માર્ગ બતાવી દીધો. થીસીઅસે રાક્ષસનો વધ કર્યો અને નાસી છૂટયો. મિનોસને આની જાણ થઈ જતાં ડૅડેલસ અને તેનો પુત્ર ઇકૅરસ મીણથી જોડેલી પાંખો શરીર પર ચોડી ક્રીટમાંથી ઊડીને નાસી છૂટયા. પણ પિતાની ચેતવણી છતાં ઇકૅરસ સૂર્યની નજીકથી ઊડવા જતાં મીણ ઓગળીને પાંખો છૂટી પડી ગઈ અને એ દરિયામાં ડૂબી મૂઓ. જ્યાં એનું શબ હાથ લાગેલું તે ટાપુ તેના નામ પરથી ઇકેરિયા તથા આસપાસનો દરિયો ઇકેરિયન સમુદ્ર તરીકે ઓળખાયા.

ડૅડેલસ ઊડતો ઊડતો સિસિલી ટાપુ પર પહોંચ્યો. ત્યાંની રાજકુમારી એની હોંશિયારી જોઈ એના પ્રેમમાં પડી. એવામાં ડૅડેલસની પાછળ તેને મારવા મીનોસ ત્યાં જમીન માર્ગે આવી ચડયો. તેને રાજકુમારીએ દગાથી મારી નાખી ડૅડેલસને બચાવ્યો.



ડૅડેલસ તે પછી મરતાં સુધી ત્યાં રહ્યો. સાર્ડિનિયા, ઇજિપ્ત ને ઇટાલિમાં તેને અર્પણ થએલાં ઘણાં ભવનો છે. ગ્રીસની ઘણી પૌરાણિક કાષ્ઠમૂર્તિઓ તેની કરેલી મનાય છે. ખાસ કરીને પોતાના પુત્રના શબનો અંતિમ વિધિ કરનાર હેરાકલ્સની કાષ્ઠમૂર્તિ એની કરેલી છે.

'હિંન્દુસ્તાન'

'હિન્દુ' શબ્દના ઉદ્ભવ વિષે હજી પણ મતભેદ ચાલ્યા કરે છે. એ શબ્દ સૌ પ્રથમ પારસીઓના ધર્મપુસ્તક 'અવસ્તા'માં મળી આવ્યો, લોકમાન્ય ટિળક અને બીજા વિદ્વાનોના મતે 'અવસ્તા' વેદ જેટલું જ પ્રાચીન ધર્મપુસ્તક છે. આ ઉપરથી સાબિત થાય છે કે વૈદિક સમયથી ઈરાનીઓ આપણા દેશને 'હિન્દુસ્તાન' નામથી ઓળખતા હતા.

શ્રી દત્તાત્રેય કુભયાકર લખે છે કે સિકંદરના વિજય બાદ સૌ પ્રથમ ગ્રીક લોકોએ આપણા દેશનું નામ હિન્દુસ્તાન પાડયું. પરંતુ સિકંદરના વિજયના ઘણા સમય પહેલાં 'હિન્દુ' શબ્દનો ઉલ્લેખ થએલી ઘણી હસ્તપ્રતો મળી આવી છે. સિકંદરની બે સદી પહેલાં ઈરાનનો મહાન રાજા દરાયસ ઉત્તર હિન્દ પર રાજ્ય કરતો હતો, અને તેણે કોતરાવેલા એક શિલાલેખમાં તે જે વીસ દેશ પર રાજ્ય કરતો હતો તેમાંના એક તરીકે આ દેશને 'હિન્દવા' તરીકે ઓળખાવ્યો છે.

એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકા (૧૪મી આવૃત્તિના ૧૧મા ભાગ)માં જણાવ્યું છે કે 'હિન્દુ' શબ્દનું મૂળ મધ્યકાલીન પર્શિયન 'હિન્દો' શબ્દમાં છે, જે પ્રાચીન અવસ્તાના 'હેન્દવા' શબ્દ પરથી ઊતરી આવેલો છે, અને તેનો અર્થ 'સિંધુનો રહેવાસી' થાય છે. અને 'હિન્દોસ્તાન' (હિન્દુસ્તાન) એ પણ પર્શિયન શબ્દ જ છે. આ પરથી ફલિત થાય છે કે 'હિન્દુ' શબ્દનું ઉદ્ભવસ્થાન પારસીઓનું ધર્મપુસ્તક 'અવસ્તા' છે.

'હિન્દુ' અને 'હિન્દુસ્તાન' શબ્દોના ઉદ્ભવસ્થાનની આ ચર્ચામાં એક બીજો મુદ્દો પણ જાણવાલાયક છે. મધ્ય એશિયામાંથી નૈઋત્યમાં ઊતરી આવેલા પ્રાચીન આર્યોએ તેમના નવા રહેઠાણને 'ઍર્યન વેજ' (આર્યોનો પ્રદેશ) નામ આપ્યું. સમય જતાં અવસ્તાના આ શબ્દનું પર્શિયનમાં 'ઇરાનવેજ' અથવા આજના 'ઈરાન' શબ્દમાં રૂપાંતર થયું. તેમના ભાઇઓ, કે જેઓ દક્ષિણમાં સપ્તસિંધુનાં રસાળ મેદાનોમાં જઈ વસ્યા તેઓએ તેમના નવા રહેઠાણને સંસ્કૃત નામ 'આર્યાવર્ત' આપ્યું, જેનો અર્થ પણ 'આર્યોનો પ્રદેશ' થાય છે.

તે પછી, પર્વતોની હારમાળાઓથી જુદી પડેલી આ પિતરાઈ જાતિઓએ પોતપોતાની સંસ્કૃતિનો વિકાસ સાધવા માંડયો. બન્ને સંસ્કૃતિ જુદી હોવા છતાં તેઓમાં ઘણી રીતે સમાનતા હતી, અને ઇતિહાસ કહે છે કે આ બન્ને જાતિઓ વચ્ચે સાંસ્કૃતિક અને રાજકીય સંબંધો ચાલુ રહ્યા. એક સમય એવો હતો કે પંજાબ, સિંધ અને બલુચિસ્તાન ઈરાનની હકૂમત નીચે હતા. આ પ્રાચીન ઈરાનીઓએ અવસ્તામાં તેમના પિતરાઈ ભાઇઓના નિવાસસ્થાન સિંધુનાં ફળદ્રુપ મેદાનોને 'હફતા હિન્ધુ' કહ્યા છે, જે સંસ્કૃતમાં 'સપ્તસિંધુ' રૂપે જોવા મળે છે. અવસ્તામાંથી સંસ્કૃત (અને બીજી પિતરાઈ ભાષાઓ)માં રૂપાંતર થએલા શબ્દોમાં સામાન્યતઃ 'હ' નો 'સ' થએલો માલુમ પડે છે. સમય જતાં રહેઠાણ માટે નહિ પણ રહેવાસીઓ માટે 'હિન્ધુ' શબ્દ વધુ વપરાવા લાગ્યો, અને તેનો અર્થ 'હિન્ધુ અથવા સિંધુને કાંઠે રહેનાર લોકો' તેવો થવા લાગ્યો. પાછળથી ઈરાનીઓએ આ દેશનું નામ 'હિન્દુસ્તાન'—હિન્દુઓનો પ્રદેશ પાડયું.

(ટાઈમ્સ ઑવ ઇન્ડિયા) —જગદીશ ઝવેરી

અભિનવ વાનગી

કાળજીની કઢાઇમાં તમારા પતિદેવને મૂકો. પછી તેને પ્રેમ-અગ્નિના એકસરખા તાપે ગરમાવો આપો. હવે સાકર-શબ્દોની એકતારી ચાસણી બનાવો, ને અક્કલ ને ડહાપણનું ખૂબ સાવચેતીથી મિશ્રણ કરો. ઘણી કોમળતાથી એ બધું હલાવો. ધીમેથી ઉતારી ઉપર હાસ્ય અને આનંદનાં બદામ-પિસ્તાં નાખો, અને જુઓ પતિદેવ જિંદગી સુધી એક મજાની વાનગી બની રહેશે.

—કાન્તા અં. પટેલ

આદ્ય ક્રાંતિકાર

આજથી સો વર્ષ પહેલાં, ઈ.સ. ૧૮૬૧ની ૨૪મી સપ્ટેમ્બરે મુંબાઈના જાણીતા વેપારી શ્રી સોરાબજી ફરામજી પટેલ અને શ્રીમતી જીજીબાઇ પટેલને ત્યાં એક બાળકીનો જન્મ થયો. બચપણથી જ એ બાળકી ભીખાઇજીના હૃદયમાં દીનદુખિયાંની સેવા અને દેશની સ્વતંત્રતાના કોડ જાગ્યા હતા, એટલે અભ્યાસકાળથી જ તે રાજકીય અને સામાજિક સેવાનાં કાર્યોમાં પડ્યાં અને તેમાં જ ઓતપ્રોત રહેવા લાગ્યાં. છેવટે પિતાના અતિ આગ્રહને વશ થઈ મોટી ઉંમરે એમણે શ્રી કે. આર. કામા સાથે લગ્ન તો કર્યું; પરંતુ દેશસેવાની ધગશ તથા સ્ત્રીજાગૃતિની અનેકવિધ પ્રવૃત્તિમાંનાં એમનાં રોકાણોથી લગ્નજીવનમાં ક્લેશ થવા લાગ્યો, એટલે આખરે દેશને ખાતર સંસારસુખનો ભોગ આપી ઘણા દુઃખ સાથે તે પતિથી વિખૂટાં પડ્યાં. હવે એમણે સઘળું લક્ષ દેશસેવા પાછળ જ રોક્યું અને સેવાનાં ક્ષેત્રોમાં મૅડમ કામાનું નામ ગાજતું થઈ ગયું.

એવામાં ૪૦ વર્ષની વયે તે સખ્ત બીમાર પડ્યાં. હિંદમાં બરાબર નિદાન ન થવાથી ઇંગ્લંડ જઇ તેમણે શસ્ત્રક્રિયા કરાવી. ત્યાં તેમને પ્રખર ક્રાંતિકાર શ્યામજી કૃષ્ણ વર્માનો પરિચય થયો. માદામ કામાના હૃદયમાં જલતો દેશની સ્વાતંત્ર્યઝંખનાનો અંગાર એથી વધુ પ્રજ્વલિત થયો, ને લંડનમાં મુક્ત વિચારને વાચા આપવાના પ્રખ્યાત ક્ષેત્ર હાઇડ પાર્કમાં એમણે અગ્નિ ઝરતાં વ્યાખ્યાનો આપવા માંડ્યાં. તેજાબ જેવાં સડસડતાં એ વ્યાખ્યાનોથી ઊકળી ઊઠી અંગ્રેજોએ એમની ધરપકડ કરવા ધારી. પણ અગાઉથી તેની જાણ થઇ જતાં તે પારીસ ઊપડી ગયાં.

ત્યાં અન્ય હિંદી ક્રાંતિકારીઓ સાથે એમનો પરિચય થવા લાગ્યો. લાલા હરદયાળ, વીર સાવરકર, શાપુરજી સકલાતવાળા, મુકુન્દ દેસાઇ, વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય(સરોજિની નાયડુના ભાઇ) વગેરેના સંપર્કમાં તે આવતાં ગયાં તેમ તેમની જ્વલંત દેશભક્તિથી થોડા વખતમાં જ તે હિંદની ક્રાંતિકારી પ્રવૃત્તિના એક જીવંત પ્રતીકસમાં બની રહ્યાં. ઈ.સ.૧૯૦૫માં જીનીવાથી 'વંદે માતરમ્' નામે એક સાપ્તાહિક શરૂ કરી તેમાં હિંદની મુક્તિ માટેનો નેજો ફરકાવ્યો. ૧૯૦૬માં એમણે અમેરિકાનો વ્યાખ્યાનપ્રવાસ પણ કર્યો. એમની તેજીલી બાનીથી ફફડેલી બ્રિટિશ સરકારે તેમને હિંદ આવવાની બંધી કરી. ઈ. ૧૯૦૭ની ૧૮મી ઑગસ્ટે સ્ટટગાર્ડ (જર્મની)માં મળેલી વિશ્વ સમાજવાદી કૉંગ્રેસમાં તેમણે ભાગ લીધો, જેમાં જુદાજુદા દેશના લગભગ હજાર પ્રતિનિધિઓ એકઠા મળેલા. એ વખતે એમણે સર્વ દેશોના રાષ્ટ્રધ્વજો સાથે ઊભો રાખવા માટે હિંદ તરફથી બ્રિટનના યૂનિયન જૅકને બદલે ભારતનો નિજી રાષ્ટ્રધ્વજ યોજીને ત્યાં રજૂ કરેલો. (જુઓ ચિત્ર).

હિંદુસ્તાનના અગ્રગણ્ય ક્રાંતિકારીઓએ ત્યાં ભારતની મુક્તિ માટે સક્રિય કામ કરનારી 'અભિનવ ભારત' નામની સંસ્થા શરૂ કરી. મૅડમ કામા તેનાં અગ્રણી કાર્યકર હતાં.


ઈ.૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે તેમણે હિંદુસ્તાનને સાથી રાજ્યોને મદદ નહિ કરવાની ને યુદ્ધમાં ભાગ નહિ લેવાની સ્પષ્ટ હાકલ કરી. આથી ફ્રેંચ સરકારે તેમને કેદ કર્યાં. એમના આ જેલવાસથી 'વંદે માતરમ' બંધ પડ્યું. યુદ્ધ પૂરું થતાં સુધી તેમણે એ કારાવાસ સહ્યો.

આમ ને આમ લાગટ પાંત્રીસ વર્ષ તેમણે દેશવટો સેવ્યા કર્યો. તે દરમ્યાન ભારતમાં ગાંધીજીની રાહબરી નીચે સ્વાતંત્ર્ય માટેનો ભવ્ય પુરુષાર્થ શરૂ થઇ ગયો હતો. હવે માતૃભૂમિ પ્રત્યેનું તેમનું આકર્ષણ એટલું તો વધી ગયું કે બ્રિટિશ સરકારે તેમને દેશમાં આવી કોઇ પણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ નહિ લેવાની કે વ્યાખ્યાન ન કરવાની કપરી શરત મૂકી તે પણ તેમણે સ્વીકારી લીધી અને ઈ. ૧૯૩૫માં એમણે હિંદની ભૂમિ પર પગ મૂક્યો. પણ અહીં આવતાં જ તેમની તબિયત લથડી અને આઠ માસની ઑસ્પિટલની સારવારને અંતે ઈ. ૧૯૩૬ના ઑગસ્ટની ૧૬મી તારીખે એમનું અવસાન થયું.

દેશના એ આદ્ય ક્રાંતિકારી અને તેજસ્વી સ્ત્રીરત્નનું ભારતમાં કોઈ જ સ્મારક નથી; માત્ર પારીસમાં એક કબ્રસ્તાનમાં એમનું એક સ્મારક છે જેના પર તેમના જીવનના નિચોડરૂપ તથા તેમની સ્વાતંત્ર્યભાવનાને મૂર્તિમાન કરતું એક જ વાક્ય લખેલું છે; 'જુલમશાહીનો પ્રતિકાર કરવો એ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા બરાબર જ છે.'

ઈ. ૧૯૦૬ની ૭મી ઑગસ્ટે ભારતનો પ્રથમ રાષ્ટ્રધ્વજ યોજાયો. કલકત્તામાં જાહેર થએલા એ ધ્વજના મથાળાના લાલ પટ્ટામાં આઠ કમળ-ફૂલ હતાં. તેને બદલે, એ જ માસની ૧૮મી ઑગસ્ટે જર્મનીમાં 'સોશ્યાલિસ્ટ ઈન્ટરનૅશનલ'માં માદામ કામાએ રજૂ કરેલા એ જ ધ્વજના મથાળાના પટ્ટામાં એક કમળફૂલ ને તે પાછી સપ્તર્ષિમંડળના સાત તારકોનું આલેખન હતું. વચલા સફેદ પટ્ટામાં 'વન્દે-માતરમ' અક્ષરો અને નીચેલા લીલા પટ્ટામાં સૂર્ય ને બીજતારક બંનેમાં સામાન્ય હતાં.





માદામ કામા તથા તેમણે યોજેલો ભારતનો પ્રથમ રાષ્ટ્રધ્વજ

૬૬ ('કુમાર' અંક ૪૪૬)

ગળા અને કિનારના
ભરત કામ માટે
આલેખ



શાકભાજી ઘેર ઉગાડો (૨)

વટાણા અને ફણસી

ફેબ્રુઆરી માસની શરૂઆતથી માર્ચની અધવચ સુધીમાં એ બંનેનું વાવેતર થઇ શકે. ૬થી૭ ઇંચની ઊંડાઈનું કોઇ પણ અનુકૂળ ખોખું લો. એમાં માટી કેવી ને કઇ રીતે ભરવી તે તો અંક ૪૪૨માં આવી ગયું.

માટીના થરના ઉપલા ભાગમાં, થોડીક ઊંડાઇએ એક ચોરસવાર દીઠ એક મૂઠી, એ પ્રમાણમાં હાડકાંનો ભૂકો (ખાતરવાળાને ત્યાં મળશે) તથા એક મૂઠી લાકડાંની રાખ મેળવીને તે મિશ્રણ નાખવું. વટાણાના પાકને પ્રવાહી ખાતર આપવાથી તાત્કાલિક પરિણામ મળે છે. ૧॥ થી ૨ ઇંચને ગાળે હાર રાખીને દરેક બી એકબીજાથી ૧ ઇંચને ગાળે રોપવું. બી રોપવાં, છોડ ઊગે ત્યારે નબળા રોપાને કાઢી નાખવા, જેથી એક હરોળમાં બે છોડ વચ્ચે ૬ ઇંચનો ગાળો રહે. ઑગસ્ટથી ઑક્ટોબરના ગાળામાં ફાલ ઊતરશે. (ખેડૂતબંધુ)

■ ચોળાઈ ગએલી બો-પટ્ટીઓને પાણીની હવા આપી રાત્રે કોઈ બાટલી કે બરણી પર ખેંચીને સપાટ વીંટી રાખો. સવારે ઇસ્ત્રી કર્યા જેવી સફાઇદાર બનશે.

કલકત્તાની વિશ્વભારતી ગ્રંથાલય નામક પ્રકાશન સંસ્થા(બંકિમ ચાટુજ્જે સ્ટ્રીટ) તરફથી યમુના સેન રચિત ભરતકામના આલેખ ઉપર એક નાની પણ સુંદર ભારતીય વેલબુટ્ટાઓની ચોપડી બહાર પડી છે. કલાચાર્ય નંદલાલ બસુએ તેનો આમુખ લખ્યો છે. તેમાંથી ગળા તથા કિનાર માટેનાં બે આલેખનો વાચકોના લાભાર્થે તેમના આભાર સાથે અત્રે આપીએ છીએ.




લગ્નજીવનને સુખી કરવા પતિએ શું કરવું જોઇએ

■ પત્નીને હજી ફૂલમાં રસ હોય ત્યાં જ તેને માટે પુષ્પોના વેણી-ગજરા લાવતા જાવ. ■ પરણ્યાને ઘણાં વરસ વીતી ગયાં હોય તો પણ તેની રસોઈનાં વખાણ કરો. ■ ધંધાદારી બાબતો અંગે પણ તમારી પત્નીની સલાહ માગો, ને ક્યારેક તેનો અમલ પણ કરો. ■ 'આ તો હજી કાલ જ ખાધું'તું' એમ કોઇ રસોઈ માટે કદી ન કહેતા. ■ "તે આખો દિવસ તું શું કરતી'તી?' એવું પણ કોઈ વારે ય તેને પૂછશો નહિ. ■ કશા ખાસ કારણ વગર પણ પત્ની માટે અવારનવાર ભેટસોગાદો લાવતા રહેજો.

(બંનેએ શું કરવું તે આવતે મહિને)

'કુમાર'માં વર્ષ દરમ્યાન આવેલી મૌલિક વાર્તાઓ તથા નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને વર્ષોવર્ષ અપાતું રૂા. ૩૦નું પારિતોષિક ઈ. ૧૯૬૦ના વર્ષ માટે શ્રી નાનાલાલ જોષીને તેમની વાર્તા 'નીલકંઠ' માટે આપવાનું નિર્ણાયક શ્રી અનંતરાય રાવળે ઠરાવ્યું છે. અમે શ્રી જોષીને અભિનંદન આપીએ છીએ અને શ્રી રાવળનો આભાર માનીએ છીએ.





ટિકિટસંગ્રહ

ભારત તથા અમેરિકાની નવી ટિકિટો

ઘણાને જાણ નહિ હોય કે વિમાન દ્વારા ટપાલ મોકલવાની પહેલ આજથી બરાબર પચાસ વરસ ઉપર ઈ. ૧૯૧૧માં ભારતે કરી હતી. તેની સુવર્ણજયંતીના ઉપલક્ષમાં આ વર્ષની ૧૮મી ફેબ્રુઆરીએ ભારત જે ત્રણ નવી ટિકિટ(૫ નયા પૈસાની, ૧૫ નયા પૈસાની તથા ૧ રૂપિયાની) બહાર પાડે છે તે ઉપર આપી છે.

દેશદેશના સ્વાતંત્ર્યવીરોને સન્માનવા અમેરિકા અવારનવાર 'ચૅમ્પીઅન ઑવ લિબર્ટી'(મુક્તિના મરજીવાઓ)ની પોતાની એક નવી ટિકિટમાળામાં જે વિવિધ રાષ્ટ્રવીરોની તસવીરોવાળી ટિકિટો કાઢે છે તેમાં તેણે આપણા ગયા ગણરાજ્ય-દિવસે ૨૬મી જાન્યુઆરી ૧૯૬૧ના રોજ ગાંધીજીની છબિવાળી બે ટિકિટો બહાર પાડીને આપણા એ રાષ્ટ્રોત્સવમાં ભાગ લીધો. ચાર અને આઠ સેન્ટની એ ટિકિટો ચોડેલું આ ઉપરનું પત્તું 'ફર્સ્ટ-ડે કવર'ને અભાવે પોતે જાતે અભિનવ રીતે યોજીને ભાઇ મહેશ બક્ષીએ નૉર્મન, ઑક્લાહોમા, યુ.સ્ટે. અમેરિકાથી મોકલ્યું છે. જૂના વાચકોને તો યાદ હશે કે ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજન' છાપેલાં કાર્ડ કુમાર કાર્યાલયે કાઢ્યાં છે, જે ગાંધીજયંતી તથા ગાંધી-સંવત્સરીના દિવસોની સ્મૃતિમાં ઘણા લોકો મિત્રોને લખી મોકલે છે. પોતાની પાસેના એ ભજનને, ભાઈ બક્ષીએ ઉપયુક્ત કલ્પના વડે એક કોરા પત્તા પર લગાડી, તેના પર એ નવી ટિકિટો ચોડીને તે પર ત્યાંની 'ફર્સ્ટ-ડે ઑવ ઇશ્યુ'ની રદ્દીકરણની ખાસ છાપ મેળવીને હવાઇ ટપાલથી તાબડતોબ જે ભાવપૂર્વક અમને મોકલ્યું છે તેની સરાહના વાચકો પણ અમારી સાથે કરશે. એ રદ્દીકરણની છાપ ઉપર આપણી જાણીતી પ્રાર્થના 'તમસો મા જ્યોતિર્ગમય'નો અંગ્રેજી અનુવાદ અને રેંટિયો–આપણી સ્વાતંત્ર્યલડતના ધ્વજ-ચિહ્ન રેંટિયાનું આલેખન છે. (સુરતથી રસિકલાલ ભાઇશાએ પણ એ બે ટિકિટો છૂટી મોકલી છે.)

આ ટિકિટોની આકૃતિ તૈયાર કરનાર શ્રી આર્નોલ્ડ જે કોપલૅન્ડે કહેલું કે મને આને માટેની છબિ મેળવવામાં તથા ટિકિટની ચોમેર મૂકવા માટેનું ઉપયુક્ત વાક્ય શોધવામાં બહુ મુશ્કેલી પડેલી. જોકે તેની શોધ માટે મારે ગાંધીજીના જીવન અને કાર્યનો જે વ્યાપક અભ્યાસ કરવો પડેલો તથા જે સંખ્યાબંધ તસવીરો જોવી પડેલી તેમાં મને આનંદ પણ બહુ આવેલો. અંતે મેં શ્રી આર. એલ. લેખીની છબિને આધારે આ તસવીર તૈયાર કરી. તેને ફરતા ગોળાકારમાં 'મહાત્મા ગાંધી ૧૮૬૯-૧૯૪૮ ઍપૉસલ ઑવ નૉન-વાયોલેન્સ' 'અહિંસાના પ્રણેતા' એવા શબ્દો લખેલા છે.

'મુક્તિના મરજીવાઓ'ની આ અમેરિકન ટિકિટ-માળામાં ગાંધીજીની ટિકિટ ૧૦મી છે. તે અગાઉ આવી ગએલા નવ સ્વાતંત્ર્યવીરો આ મુજબ છે: (૧) ફિલિપ્પાઈન્સના રૅમન મૅગ્સેસે, (૨) અને (૩) દક્ષિણ અમેરિકાના સાઈમન બોલીવાર અને જોઝ દ સાન માર્ટિન, (૪) હંગેરીના લાજૅાસ કોસુથ, (૫) જર્મનીના અર્ન્સ્ટ રૉઇટર, (૬) ચેકોસ્લોવાકિયાના ટી. જી. મસારિક, (૭) પોલાંડના પેદરેવ્સ્કી, (૮) ફિનલૅન્ડના મારૉસ ગુસ્તાફ મૅનરહાઈમ અને (૯) ઈટાલિયન ઐક્યના વીર જિસેપ ગૅરીબાલ્ડી.



ઉત્તરાયણ (બાળચિત્ર) કુ. ઊર્મિ રસિકલાલ પરીખ (૧૨ વર્ષ)




ગુજરાતદર્શન-પ્રદર્શન (પોસ્ટર) જેકિશન રણછોડજી

કલા તથા કલાકારોને ઉત્તેજન આપવાના હેતુથી ઈ. ૧૯૫૬માં મુંબાઇ રાજ્યે 'રાજ્ય-કલા-પ્રદર્શન' ભરવાની યોજના શરૂ કરી, તેને ગુજરાતના નવા રાજ્યમાં પણ ચાલુ રાખીને આ માસમાં અમદાવાદમાં 'પ્રથમ ગુજરાત રાજ્ય કલાપ્રદર્શન' ભરવામાં આવ્યું. તેમાં રજૂ થએલી વિવિધ કલાપ્રકારોની કૃતિઓ—ચિત્ર-કલા, શિલ્પ, ફોટોગ્રાફી, વૂડકટ, પ્રચારચિત્ર (પોસ્ટર), કાપડ-છાપ કલા, માટીકામ, બાલચિત્રકલા આદિ—માંથી ચયન કરીને આ અંકની આર્ટ પ્લેટો ઉપર આપી છે. મુંબાઇની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના કલા-કારીગરી વિભાગના અધ્યક્ષ અને 'કુમાર'ના વાચકોને પરિચિત કલાકાર શ્રી યજ્ઞેશ્વર શુકલ, જેણે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રાલય-અંતગર્ત કલા વિભાગના મુખ્ય અધિકારીની હેસિયતથી આ પ્રદર્શનની કાર્યવહી પાર પાડી હતી તેમની પણ (અગાઉની) એક મોટી દ્વિરંગી કૃતિ આ અંકના મુખચિત્ર તરીકે આપી છે.

પૂઠા ઉપરના વૂડકટ ચિત્રને લગતો બાઇબલનો કથાપ્રસંગ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. તદનુસાર જોનાહ-ને જીવતો ગળી જનાર મહામત્સ્યના એ ચિત્રનું આયોજન તથા નિરૂપણ કરવામાં કલાકારે કૌશલ દાખવ્યું છે. કરાળ મત્સ્ય-ના પેટમાં ભયત્રસ્ત માનવનું સૂચન મૂકીને ચોમેર દરિયાઇ વનસ્પતિની ગૂંથણી કરતી શોભનશૈલીમાં એ પ્રસંગની જે રહસ્યગંભીર હવા જમાવી છે તે પ્રશંસનીય છે.

અચેતન સૌન્દર્ય (સ્ટિલ-લાઈફ) કિશોરી કૌલ





બ્રહ્મદેવ (ફોટો) મફતલાલ દૂધિયા

બે સ્ત્રી (શિલ્પ) પૂર્ણેન્દુ પાલ



ફૂલદાન (માટીકામ) કુ. ધર્મિષ્ઠા ભટ્ટ



મલોત્સર્ગ પછી દંતશોધનની વિધિ આવે છે. એમાં મુખશુદ્ધિનો પણ સમાવેશ થઈ જાય. દાંતનું નિયમિત અને યોગ્ય શોધન કરવામાં ન આવે તો દાંતને લગતા રોગો થાય છે. ખાદ્ય પદાર્થો દાંતની બત્રીસીમાં પિસાઇને આમાશય વગેરેમાં જાય છે. રોગી દાંત અન્નપાનને દૂષિત કરે છે વળી શિથિલ થએલા દાંત ખોરાકને બરોબર ચાવી શકતા નથી, ને પરિણામે આમાશય વગેરેમાં ખોરાકનું સમ્યક પાચન થઇ શકતું નથી. દૃઢમૂળ અને નીરોગી દાંત આરોગ્યરક્ષણ માટે આવશ્યક હોઈ આયુર્વેદમાં દંતશોધનની વિગતે ચર્ચા થએલી છે. ગંદા અને દુર્ગંધી દાંત વ્યક્તિની અસામાજિકતા સૂચવે છે.

દંતધાવન

દંતશુદ્ધિ માટે પ્રાચીન કાળથી વિવિધ વનસ્પતિઓનો ઉપયોગ આપણા દેશમાં થતો આવ્યો છે. દાતણ માટે 'દંતકાષ્ઠ', 'દંતધાવન', 'દંતપવન' વગેરે શબ્દો આયુર્વેદમા જોવા મળે છે.દાત સાફ કરવાનું સાધન એટલે'દંતધાવન'. 'દંતપવન'નો પણ એ જ અર્થ થાય છે. દંતશુદ્ધિ માટે આચાર્ય ચરકની આજ્ઞા અનુસાર 'દાતણના અગ્ર ભાગને બરાબર છૂંદી નાખી, કષાય, કટુ ને તિક્ત એવા રસવાળું દાતણ બે વાર કરવું. દાંતના પેઢાને ઇજા ન થવા દેવી'.

કષાય, કટુ અને તિક્ત એ ત્રણે રસો કફનાશક છે. રાત્રિની નિદ્રા પછી સવારમાં કફનો ભરાવો હોય છે. કષાય વગેરે રસ એ કફનો નાશ કરી ઉત્તમ રીતે મુખશુદ્ધિ કરે છે. દન્તધાવનની ક્રિયાથી મુખની દુર્ગંધ તથા બેસ્વાદપણું મટે છે ને તે જીભ, દાંત તથા મુખનો મેલ કાઢી નાખીને તત્કાળ રુચિ ઉપજાવે છે.

બ્રશ અને પેઈસ્ટ વાપરનાર અમુક વર્ગને બાદ કરતાં સાધારણ રીતે આપણે સૌ કષાય રસવાળુ બાવળનું દાતણ વાપરીએ છીએ. કષાય રસની તીવ્ર માત્રા દાંત અને પેઢાંને નુકસાન કરે છે એવું આજના દંતવિદોનું માનવું છે. એટલે દાતણનો મોઢેથી કૂચો કરવાને બદલે તેને ચોખ્ખા સાધન વડે છૂંદી નાખવાથી પણ કષાય રસનું પ્રમાણ ઓછું થશે અને દંતશુદ્ધિ માટેનું આવશ્યક પ્રમાણ જળવાઇ રહેશે. બાવળની પ્રશંસા કરતાં ભાવમિશ્રે કહ્યું છે: 'बाब्बूलः कफनुत् ग्राही कुष्ट क्रिमि विषापहः' (બાવળ કફનાશક, ગ્રાહી તથા કૃમિ ને વિષને હરનાર છે) ભાવપ્રકાશે 'एकैकं घर्षयेद्दन्तं'– દાંતને એકેક કરીને ઘસવાનું કહ્યું છે. જેમતેમ દાતણ કરી નાખવાથી સાચો લાભ ન મળે. એને માટે સમય આપવો જોઇએ. પ્રત્યેક દાંત પર દાતણનો મૃદુ કૂચો ઘસાવો જોઇએ.

અહીં એક સરળ છતાં ઉત્તમ મંજન પણ બતાવી દઉં. સાચું સિંધવ (સિંધાલુણ) લાવી એનું બારીક ચૂર્ણ કરી શીશીમાં ભરી રાખો. બીજી એક શીશીમાં તલનું ચોખ્ખું તેલ ભરી રાખો. થોડા સિંધવના ચૂર્ણમાં ચાર ટીપાં તેલનાં પાડી દંતશુદ્ધિ માટે એનો ઉપયોગ કરો. ઉત્તમ ટૂથપેઈસ્ટ પણ આની તોલે નહિ આવે. બીજા ક્ષારોની અપેક્ષાએ સિંધવ શીતળ હોઈ દાંત-પેઢાં પર એની અનિષ્ટ અસર થતી નથી.

બાવળ ઉપરાંત બીજી ઘણી વનસ્પતિઓનો દાતણ તરીકેનો વિશિષ્ટ ગુણ સાથેનો ઉલ્લેખ આયુર્વેદે કરેલો છે. વિસ્તારભયે અહીં એ બધાની ટીપ આપી નથી. પણ વડ, આંબો, ખેર, લીમડો વગેરેનો અવારનવાર ઉપયોગ કરી શકાય. કરંજ ને ઝીપટો પણ દાતણ તરીકે વાપરી શકાય. ઝીપટાનો સંસ્કૃત પર્યાય વજ્રદંતી છે. આ લખનારની જન્મભૂમિ (સૌરાષ્ટ્રમાં બગસરા તાલુકામાં) શેદલામાં બાવળની અછતથી લોકો ઝીપટાનું દાતણ કરતા આવ્યા છે. ઝીપટાના વજ્રદતી પર્યાયની એમને જાણ નથી, પણ અનુભવથી એના એ ગુણને જાણે છે.

છેલ્લે દાતણ માટે એક મહત્ત્વની સૂચના: ઘણાં કુટુંબોમાં સામટાં દાતણ લાવી રાખે છે, અને પછી સૂકાંભઠ અને કાળાં થઈ ગએલાં દાતણનો ઉપયોગ કરાય છે. આવાં દાતણનો કૂચો મૃદુ થઈ શકતો નથી, અને પરિણામે પેઢાને વાગી જાય છે. દંતશુદ્ધિ માટે તો તાજાં દાતણનો જ આગ્રહ રાખવો જોઇએ. દાતણ સાવ પાતળું હોય તો યે બરાબર કૂચો થતો નથી અને વાગી જાય છે. એટલે ભાવપ્રકાશના કર્તા કહે છે તેમ, 'બાર આંગળ લાંબું, ટચલી આંગળીની અણી જેટલું જાડું, સીધું, ગાંઠ વગરનું અને છિદ્ર વગરનું દાતણ કરવું.'

જિહ્વાનિર્લેખન

જિહ્વાનિર્લેખન એટલે ઊલિયું. ચરકે સુવર્ણ, ચાંદી, તાંબું, કલાઈ, પિત્તળ વગેરેના અતીક્ષ્ણ અને ઋજુ ઊલિયાનો ઉપયોગ કરવાનું કહ્યું છે. ઉપર્યુક્ત કોઈ પણ ધાતુની ચીપ વડે સુખપૂર્વક ઊલ ઉતારવી. એથી જીભનો મેલ, રસરહિતપણું, દુર્ગંધ ને જડતા દૂર થાય છે. કફના પ્રાચુર્યથી જીભમાં જડતા આવી જાય છે. કેટલીકવાર દાતણની ચીરથી બરાબર ઊલ ઊતરતી નથી અને જીભ છોલાઇ જાય છે. આથી અતીક્ષ્ણ અને ઋજુ ઊલિયાનો ઉપયોગ કરવો જોઇએ. ઊલિયું દસ આંગળ લાંબું હોવું જોઇએ જેથી જીભના મૂળ સુધીનો મેલ કાઢી શકાય.

મુખગંડૂષ

દાંત અને જીભની યોગ્ય શુદ્ધિ કર્યા પછી ગંડૂષવિધિની આજ્ઞા છે. ગંડૂષ એટલે કોગળો. પાણીથી ખૂબ કોગળા કરી મુખશુદ્ધિ કરવી જોઇએ. સુખોષ્ણ પાણીના કોગળા કરવાથી કફ, અરુચિ અને મુખનો મેલ નાશ પામે છે. આ ઉપરાંત આચાર્યોએ તૈલગંડૂષની પણ ખાસ પ્રશંસા કરી છે. આ વિધિ કરનારે તલના તેલનો કોગળો મોંમાં પાંચ-દસ મિનિટ ધારણ કરી મોંમાં ખૂબ ફેરવીને પછી કાઢી નાખવાનો હોય છે. તૈલગંડૂષના ગુણો નીચે મુજબ છે: તૈલગંડૂષના સેવનથી હડપચી મજબૂત બને છે, સ્વર બળવાન થાય છે, વદન ભરાવદાર બને છે, રસનું સરસ જ્ઞાન થાય છે, અન્ન પર પરમ રુચિ થાય છે. તૈલગંડૂષ કરનારનો કંઠ કદી શોષાતો નથી, હોઠ કદી ફાટતા નથી, દાંત પડતા નથી ને દૃઢ મૂળવાળા બને છે, દાંતમાં કદી શૂળ આવતી નથી, ખટાશથી અંબાઈ જતા નથી અને અત્યંત કઠણ પદાર્થને પણ તે ચાવી શકે છે. **લાભશંકર ઠાકર**

આજે વસંત ઋતુ ચાલે છે. વસંત એ ઋતુનો યૌવનકાળ છે. વસંતના ઉલ્લાસમાં સંયમની ભાષા સહન થતી નથી પણ એ જ વખતે એની અત્યંત જરૂર હોય છે. જાળવણી એ જ વસંતનો લહાવો છે. ઉનાળો અને શિયાળો–એ બંનેનું સંમેલન આ વસંતમાં થાય છે. સવારની ઠંડી અને બપોરનો તાપ માનવીને આઘાત–પ્રત્યાઘાતના વમળમાં ધકેલે છે. ને આ આઘાત–પ્રત્યાઘાતમાંથી જ મંદાગ્નિ પેદા થઇને રોગજન્ય સ્થિતિ પેદા થાય છે.

વસંત ઋતુના પ્રભાવની બે ફલશ્રુતિ છે: (૧) શિયાળામાં મેળવેલા ખોરાકનું પાચન કરવું. આ માટે વનભ્રમણ કરવું, તડકો વેઠવો. શરીરમાંથી પાચનના અંતે પેદા થનારાં ઝેરોને બહાર ફેંકવાં. (૨) એવા પ્રકારનો ખોરાક લેવો કે જેમાંથી રોગોત્પાદક કફ પેદા થતો અટકે. ખજૂર, ખારેક, બોર, ટમાટાં, મૂળા, મોગરી, ગાજર, રીંગણાં, મરચાં, શેરડી જેવાં દ્રવ્યોનો છૂટથી ઉપયોગ કરીને લોહીમાંના રક્તકણોની શક્તિ વધારવી એ આ ઋતુનું અવતારકૃત્ય છે. ('ચિકિત્સક')

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પરદેશી પત્રમિત્રો

(1) Miss Maline Fouber, Age 18, 815 Kallock Avenue, Port Jefferson Station, Long Island, New York (U.S.A.), Stamps, Music, Wants only female pen-friends; (2) Mrs. Kaward Seaman, Age 45, Add. as above, Indian Women's Condition, Penfriendship, Wants only female pen-friends; (3) S. H. Muhammad, Age 19, Liaquat Colony No. 2, Near Sidique Masjid, Garib-e-Nawaz Washing Co., Behind Dry Fish Godown, Karachi-2 (Pakistan), Stamps, Magazines, Sports; (4) 'Pardesi', Male—25, Master Press, Nanak-wara, Karachi-1 (Pakistan), Photography, Painting; (5) Nooruddin Husen Ali, Age 20, Sakina Bldg., 2nd Floor, Suthar Street, Bhora Pir, Runchhor line, Karachi (Pakistan), Reading, Photography, Travelling; (6) A. Ghaffar Ibrahim Jethwa, Age 16, C/o Ibrahim Sidiqque Master, Room No. 95/13, C Area, Near Kathiawadi Masjid, Malir Refugee Colony, Karachi-27 (Pakistan), Stamps, Story Writing, Cricket; (7) Jagdish D. Bhatt, Age 16, 57 End Street, Johannesburg (S. Africa), Stamps, Coins, F. D. C., View Cards; (8) Rameshchandra M. Shah, Age 15, P. O. Box 189?, Mombasa (Kenya Colony), Stamps, Post Cards; (9) Kantilal L. Devlia, Age 21, P. O. Box 12090, Nairobi (Kenya Colony), View Cards, Coins; (10) Jayantilal B. Thakrar, Age 20, C/o Ms. D. J. & Co. Ltd., P. O. Nagongera (Uganda, B. E. Africa), Stamps, Photography, Match Lables.

હિંદી પત્રમિત્રો

(184) Harshad I. Rajpura—17, Nanubhai Kamdar's House, Gadhada-Swamina—(Saur.), Stamps, Cricket; (185) Subodhchandra Shantilal Amin—15, A. J. High School, Vaso (Dist. Kaira), Stamps, Playing Cards, Pictures; (186) Manilal R. Dildar—16, 91/32 Kalyangram, Outside Shahpur Gate, Ahmedabad-1, Stamps, View Cards, Photography; (187) Hemantkumar Kantilal Shah—19, Vallabhbhai Patel Road, Valsad (Dist. Surat), Badminton, Cricket, Stamps; (188) Kirit Durgeshbhai Gor—20, Near Swaminarayan Mandir, Khodi Ambli, Ahmedabad-1, Stamps, Table-Tennis, Cricket; (189) Bhanubhai L. Mehta—20, Khijda Mandir Building, Khambhalia Gate, Jamnagar (Saur.), Novels, Sports, Photography; (190) Ashwinkumar Somnath Karia—15, Sarvodaya Society, Block No. 27, Surendranagar (Saur.), Science, Languages. (ચાલુ)

સૌંદર્ય પ્રસાધનોની એક અદ્યતન પેઢી

સૌંદર્ય-પ્રસાધનોનો ઉપયોગ તો છેક પ્રાચીનકાળથી થતો જોવા મળે છે. આજે પણ એનો વપરાશ દિન બ દિન વધતો જાય છે. આવાં પ્રસાધનોના ઉત્પાદનમાં સ્વ. ઈ. એસ. પાટણવાળાનું કારખાનું પોતાના વૈશિષ્ટ્યથી આ ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. પોતાના ઉત્પાદનને માટે જોઈતા પ્રત્યેક સાધન-સામગ્રીમાં સ્વાવલંબી બની ચૂકેલા આ કારખાનાનો હમણાં જ સુવર્ણ મહોત્સવ ઊજવાયો. પરંતુ આજે સિદ્ધિની ટોચે પહોંચેલ આ કારખાનાની સ્થાપના અને એના આવા વિકાસ પાછળ સ્વ. ઇબ્રાઈમ પાટણવાળાના પુરુષાર્થનું સિંચન થએલું છે. ધંધાર્થે પિતાની દુકાન છોડી મુંબઇ આવી રહેલા ઇબ્રાઇમે જ્યારે સ્વતંત્ર દુકાનની શરૂઆત કરેલી ત્યારે તો એ માટે જોઇતા પૈસા પણ એને બીજા પાસેથી લેવા પડેલા. પોતાની આગવી પ્રતિભા, ધંધા દરમિયાન સ્વીટ્ઝરલૅન્ડની ફ્લૉરા ઍન્ડ કંપનીના પ્રતિનિધિ મિ. રૅન્ડોની ઓળખાણ અને એમનું પ્રોત્સાહન તથા સતત મહેનતને પરિણામે તેણે એક 'હેર ઑઇલ' બનાવ્યું. પરદેશી માલની હરીફાઇમાં એ સ્વદેશી ચીજ ત્યારે તો ન ટકી પણ તે પછી બેએક વર્ષ જન્મભૂમિમાં જઇ આવી ફરી મુંબઇ આવીને ઈબ્રાઇમે પોતાના પ્રયોગો પાછા શરૂ કર્યા. અને સતત પુરુષાર્થને અંતે ઈ. સ. ૧૯૨૮માં સૌ પ્રથમ એણે 'અફઘાન સ્નો'ની એમની કદાચ સૌથી વધુ જાણીતી બનાવટ બજારમાં મૂકી. તે ઉપરાંત પાવડર, સાબુ, અત્તર, તેલ વગેરે અનેક સૌંદર્ય પ્રસાધનો તેમણે બજારમાં મૂક્યાં છે. આજે તેઓ પોતે તો જન્નતનશીન છે, પરંતુ એમના પુત્રો ફખરૂદ્દીન અને હુસેની પિતાને પગલે આખી પેઢીનું સુંદર સંચાલન કરી રહ્યા છે. શ્રી ઈબ્રાઇમે ઈ. ૧૯૩૩માં યુરોપની સફર ખેડી આવ્યા બાદ આ આખી સંસ્થાને અદ્યતન યંત્રોથી સજ્જ દઇને સંપૂર્ણ સ્વાવલંબી બનાવી દીધી હતી. એમના સુપુત્રો અને વર્ષોથી એમની સાથે જોડાએલા કાર્યકરો આજે પણ એક કુટુંબવત્ એકરાગ બની આ ઉદ્યોગને આગળ ને આગળ ધપાવી રહ્યા છે.



શ્રી ફખરૂદ્દીન ઇ. પાટણવાળા

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

ડૉ. સર શાંતિસ્વરૂપ ભટનાગર

હિંદને માત્ર સુખી જ નહિ, પણ એક સમર્થ અને પ્રભાવશાળી રાષ્ટ્ર બનાવવા ઝંખતા



ભારતીય વૈજ્ઞાનિકોમાં અગ્રણી, ને જગવિખ્યાત રૉયલ સોસાએટીના ફેલો આ પ્રતિભાવંત વિજ્ઞાનીનો જન્મ પંજાબના ભેરા ગામની હાઈસ્કૂલના હેડમાસ્તર પરમેશ્વરીલાલને ત્યાં ઈ. ૧૮૯૫ની ૨૧મી ફેબ્રુઆરીએ થયો હતો; પરંતુ પોતાના રૂઢિવિરોધી ને સ્વતંત્ર વિચારોને લીધે વારસા અને મિલ્કતમાંથી બાતલ થએલા એ પિતા એમને આઠ જ માસના મૂકીને ગુજરી ગયા, અને માતા પાર્વતીદેવી સાથે એ મોસાળમાં નાનાની વત્સલ છાયા નીચે ઊછર્યા. કલ્પનાશીલ ને કુતૂહલપ્રિય સ્વભાવવાળા એ કુમારનો નાનપણથી જ કવિતા અને ચિત્રકલા પર હાથ બેઠો, ને આઠ વર્ષની વયે તો એણે એક એન્જિન બનાવ્યું. અગિયારમે વર્ષે એ સ્વાવલંબી બની પિતાના એક મિત્ર રઘુનાથ સહાય સાથે લાહોર ગયા, જ્યાં તેમના પ્રોત્સાહનથી વિજ્ઞાનના અભ્યાસમાં ખાસ પ્રગતિ કરતા રહી ઈ. ૧૯૧૧માં એ પ્રથમ વર્ગમાં મૅટ્રિક અને પછી દયાળસિંગ કૉલેજમાંથી ઈ. ૧૯૧૬માં ઑનર્સ સાથે બી. એસસી. થયા. આ દરમ્યાન એ રઘુનાથ સહાયનાં જ પુત્રી લજ્જાવતી સાથે તેમનું લગ્ન થયું હતું; અને કૉલેજના પ્રિન્સિપાલ રિચાર્ડનાં નાટ્યશોખી પત્ની નૉરાના ઉત્તેજનથી તેમની કાઢેલી 'સરસ્વતી સ્ટેજ સોસાએટી'ના સક્રિય સભ્ય બની નાટકો પણ લખ્યાં તથા ભજવ્યાં હતાં. લાહોર કૉલેજમાં ડેમૉન્સ્ટ્રેટરની નોકરી કરતાં કરતાં સંસાર ચલાવીને તેમણે ૧૯૧૯માં એમ. એસસી.ની ડિગ્રી તથા સ્કૉલરશિપ મેળવી, અને ડી. એસસી. માટે અમેરિકા, ફ્રાન્સ, જર્મની વગેરે દેશો ફરી, ત્યાંથી એ ડિગ્રીઓ અને બહોળા અનુભવ તથા યશસ્વી સંશોધનકાર્ય વડે નામ કાઢી એ ૧૯૨૭માં પાછા સ્વદેશ આવ્યા, એવા જ માલવીયજીએ એમને બનારસ યુનિવર્સિટીમાં રોકી લીધા.

ઈ. ૧૯૫૩માં ડૉ. કે. એન. માથુરના સહકારથી એમણે 'પ્રિન્સિપલ્સ ઍન્ડ ઍપ્લિકેશન ઑવ મૅગ્નેટિક કેમિસ્ટ્રી' નામનું પુસ્તક લખ્યું છે, જેને જગતભરના વિજ્ઞાનીઓએ ઉત્સાહથી નવાજ્યું છે. હિંદમાં તેલ શુદ્ધ કરવાની રીફાઇનરીઓ ઊભી થઈ તે પણ ડૉ. ભટનાગરના પ્રયાસોને જ આભારી છે; તેમજ મૉનેઝાઈટ અને બીજાં દ્રવ્યો અંગે સ્થપાએલી 'ઇન્ડિયન રૅર અર્થ્સ લિમિટેડ'ની સ્થાપના પણ તેમના જ પરિશ્રમનું ફળ છે.

પણ સંશોધનના આ જીવને અધ્યાપનકાર્ય ફાવ્યું નહિ, એટલે ત્યાંથી છૂટા થઈ પંજાબ યુનિવર્સિટીના રાસાયનિક સંશોધન ભવનના અધ્યક્ષ બન્યા. પોતાના પ્રિયવિષયો કશ્મલન રસાયન (કૉલૉઈડ્ઝ કેમિસ્ટ્રી) તથા પ્રકાશરસાયન (ફોટો કેમેસ્ટ્રી)નાં ક્ષેત્રોમાં કરેલાં સંશોધન, અને ખાસ તો ચુંબક રસાયન (મૅગ્નેટિક કેમેસ્ટ્રી)માં ચુંબકીય પ્રક્રિયા માપતા યંત્રની મહત્ત્વની શોધ વડે એ લબ્ધપ્રતિષ્ઠ બન્યા.

૧૯૩૯માં ત્યારના વાઈસરૉય લૉર્ડ લિનલિથગોએ એમને વૈજ્ઞાનિક તથા ઔદ્યોગિક ખાતાના ડિરેક્ટર નીમ્યા અને બ્રિટિશ સરકારે ૧૯૪૧માં નાઈટ હૂડ ('સર'ના ખિતાબ)થી નવાજ્યા. ઉપરાંત લંડનની વિખ્યાત રૉયલ સોસાએટીએ તેમને પોતાના ફેલો નીમીને એફ. આર. એસ. બનાવી દુનિયામાં વિરલ એવું (નોબેલ પારિતોષિકની કક્ષાનું) માન તેમને આપ્યું. સ્વરાજ્ય મળ્યા પછી ૧૯૪૭-૪૮માં એ ભારત સરકારના શિક્ષણખાતાના મંત્રી તથા શિક્ષણ વિષયક સલાહકાર થયા, અને હાલ સંશોધન ખાતાના મંત્રી ઉપરાંત ત્રણ વૈજ્ઞાનિક પત્રોના તંત્રી છે. એમનાં કાવ્યોનો સંગ્રહ એમનાં સ્વ. પત્નીએ 'લાજવંતી' નામથી પ્રસિદ્ધ કર્યો છે. એમની લખેલી વાર્તા પરથી જ 'અનારકલી' નામની ફિલ્મ ઊતરી છે. એમના ચાર સંતાનોમાં સૌથી મોટા પુત્ર આનંદસ્વરૂપ ભટનાગર માહિતી અને વાયુપ્રવચન ખાતામાં નાયબ મંત્રી છે.

દેશમાં વિજ્ઞાનનું ગૌરવ વધારવામાં, તેને રોજિંદા વ્યવહારમાં યોજવામાં તથા રાષ્ટ્રીય સાધન-સ્રોતો વિકસાવવામાં તેમનો ફાળો અવિસ્મરણીય છે. વૈજ્ઞાનિક પ્રગતિનું પ્રત્યક્ષ પરિણામ માનવ-સુખની વૃદ્ધિમાં આવવું જોઇએ. પ્રજાપ્રજા વચ્ચે સહકારની ભાવના વધુ વિકસવી જોઇએ અને છતાં સાવચેતી ખાતર સંરક્ષણ દૃષ્ટિએ અણુસંશોધનમાં પણ ભારત પછાત ન રહે એવો એમનો આગ્રહ હતો. તા. ૧-૧-'૫૫ને તે હૃદયરોગથી મૃત્યુ પામ્યા.

દિનવિશેષ

તા. ૧ રૂ. ૩૦૦૦નું વર્ષાસન લઇ સિક્કિમના રાજાએ કંપનીને દાર્જિલિંગ આપી દીધું, ૧૮૩૫.
તા. ૨ મુઘલકાળની જાહોજલાલીને ઇમારતોમાં મૂર્તિમંત કરી જનાર શાહજહાંનું અવસાન, ૧૬૬૬.
તા. ૬ દેશને ખાતર અમીરી ફગાવી ફકીરી લેનાર પંડિત મોતીલાલ નેહરુનું અવસાન, ૧૯૩૧.
તા. ૮ કુમારોને રોચક કલ્પનાઓથી સભર વિજ્ઞાનકથાઓના લેખક જુલે બર્નનો જન્મ, ૧૮૨૮.
તા. ૧૧ પ્રથમ વિશ્વયુદ્ધ પછી શાંતિ અર્થે રચાએલી 'લીગ ઑવ નેશન્સ'ની પ્રથમ બેઠક મળી, ૧૯૨૦.
તા. ૧૪ કૅપ્ટન કુકનું હવાઈ ટાપુઓ પર આદિવાસીઓ સાથેની ઝપાઝપીમાં મૃત્યુ, ૧૭૭૯.
તા. ૨૫ અમેરિકન સંયુક્ત રાજ્યોમાં કાગળની નોટોનું ચલણ પ્રથમ દાખલ થયું, ૧૮૬૨.
તા. ૨૬ જીવનના ત્રણ દાયકામાં અમર કાવ્યો આપી જનાર કવિ કલાપીનો જન્મ, ૧૮૭૪.
તા. ૨૮ હિંદુસ્તાનમાં કલકત્તા, મદ્રાસ ને મુંબઈમાં ટેલીફોનવ્યવહારની શરૂઆત થઇ, ૧૮૮૨.

પ્રસંગવિશેષ: જ્યોર્ડાનો બ્રૂનોને જીવતો બાળી મૂક્યો, ૧૬મી ફેબ્રુઆરી, ૧૬૦૦

નવા વિચારના પરોઢે વિજ્ઞાનની નવીનવી શોધોથી ધર્મશાસ્ત્રોની ભ્રમિત માન્યતાઓ પ્રત્યે લોકવૃત્તિને શંકાશીલ બનાવવા માંડી હતી, એમાં સર્વસત્તાધીશ પોપે પોતાની ધર્મસત્તાનો પરાજય જોઇ એ 'નવી નાસ્તિકતા'ને દાબી દેવા માટે જે અત્યાચારો તેણે કર્યા તેમાં જ્યોર્ડાનો બ્રૂનોનું બલિદાન ક્રૂરમાં ક્રૂર હતું. ઈટાલીના એક સિપાહીને ત્યાં જન્મીને સ્વપ્રતિભાથી વિજ્ઞાન, ગણિત, કાવ્ય, સંગીત, લૅટિન ને સ્પૅનિશ ભાષા પર પ્રભુત્વ મેળવનાર એ સ્વતંત્ર વિચારકને ધર્મશાસ્ત્રોના અધ્યયને જે શંકાઓ જન્માવી તે નિર્ભીકતાથી રજૂ કરીને તેણે વૈજ્ઞાનિક સત્યોના પ્રતિપાદન દ્વારા દંભ અને અજ્ઞાન પર રચાએલી ધર્મની આખી ઈમારતને હચમચાવવા માંડી. તેથી ધર્મની કરડી આંખ તેની પાછળ પડી ને એ સ્વિટ્ઝર્લૅન્ડ, પારીસ, ઈંગ્લંડ વગેરે દેશો ભટકીને છેવટ જર્મનીમાં જઇ રહ્યો. બધે જ તેણે પોતાની જેહાદ જારી રાખી. સાંપ્રદાયિકતાને બદલે ઉદારતા અને વિશાળ બંધુત્વ પ્રબોધનાર અને કૉપરનિકસ પછી ખગોળના સત્ય જ્ઞાનને વિસ્તારનાર એ કવિ અને ફિલસૂફ આખરે એક મિત્રના છળથી જર્મની છોડી વેનિસ ગયો, ત્યાં ધર્મરક્ષકોએ દગાથી એને પકડીને આઠ વર્ષ સુધી કારાગારમાં ગોંધી રાખ્યો, છતાં તેના વિચારોની દૃઢતા ફૂણી ન પડતાં આખરે ઈ. ૧૬૦૦ની ૧૬મી ફેબ્રુઆરીએ રોમમાં તેને જીવતો બાળી મૂક્યો.

> **તારો ડૂબે નીરમાં, મારો મરે કટાર,**
> **વાદી વશિયલ ડંખથી, (મર) હિકમત કરો હજાર.**
>
> —તનસુખ ભટ્ટ

'એક દહાડો મને રોજ કરતાં વધુ ખાતો જોઈ મારા બાપે ઠપકો આપ્યો કે તું સંયમ રાખતાં ક્યારે શીખીશ? મેં તદ્દન નિર્દોષ રમૂજમાં કહ્યું: તમે પણ, બાપા, જમી રહીને સૂંઘણીની ફેવડી મોટી ચપટી ભરો છો? તરત જ એમણે ખિસ્સામાંથી દાબડી કાઢી ચૂલામાં નાખી દીધી અને તે પછી કદી છીંકણી સૂંઘી નહિ.' ઇગ્લંડનો પ્રખ્યાત પાદરી કાર્ડિનલ વૅાધાન આ પ્રસંગ વર્ણવીને કહે છે કે મારું ચારિત્ર્યબળ ઘડનાર આદાખલો મારા જીવન-સંયમમાં પહેલો પાયો બન્યો.

ગણિતગમ્મત: ૭૧૦૧૪૪૯૨૭૫૩૬૨૩૧-૮૮૪૦૫૭૯ એ અંકને ૭ વડે નિ:શેષ ભાગવા માટે આખો ભાગાકાર કરવાની જરૂર નથી. એના પ્રથમ ૭ને છેલ્લા ૯ પછી મૂકી દેવાથી એ સાત વડે ભગાઈ જશે!

અનેકાર્થી શબ્દ: ખડ=ઘાસ; ખરડ; લેપ; ખાડો; ખીણ; ખોળ(કચ્છીભાષામાં); સોના-ચાંદીની બુકની, જેનાથી ચીજ ઉપર ઓપ ચડાવાય છે; એક પીણું; જૂનું, અનુભવી; પાસેનું, જેમકે 'ખડમોસાળ'; મોટું, પાકટ; વડીલનું વડીલ, વૃદ્ધથી વૃદ્ધ; વાપરેલું.

કહેવતોના અર્થ: 'પડોશણ છડે ભાત, ને ફોલ્લો મારે હાથ.'–અતિ સુંવાળપ કે હરામ હાડકાંને કારણે કામમાં ગલ્લાંતલ્લાં કરનાર માણસને માટે કે, કોમળતાની ચાવળાઇ કરનાર માટે ઉપાલંભ તરીકે વપરાતી આ કહેવત મિયાં-બીબી વિષેની એક સાખીને મળતી છે:

> મેરી પડોસણ ચાવલ ખાંડે
> ફોલ્લા મેરે હાથ પડે;
> મિયાં આવે તો પૂછું મેં કે
> ફોલ્લા પડે સો જીવે કચોં.

કાથાની ગૂંથેલી સાદડી જમીન પર પાથરવામાં આવતી હોય ત્યાં સાદડી નીચે છાપાંના મોટા કાગળ પાથરી રાખવાથી નીચે ગરતી ધૂળ તે પર જ પડશે અને સાફ કરતી વખતે સહેલાઈથી તે ધૂળ દૂર કરી શકાશે; નહિતર જમીન પર ચોંટેલી એ બારીક રજને જમીન પરથી સાફ કરવી બહુ વસમી છે.


રસોડાનાં કબાટોમાં બહુ મોટાં ખાનાંમાં નાનામોટા કદનાં લાકડાનાં ખોખાં આડાં-અવળાં ગોઠવીને નાનીનાની વસ્તુઓ અલગ-અલગ મૂકવાનાં ઘણાં ખાનાં બનાવી શકાય.

રંગીન દોરાનાં આરીભરતવાળાં કપડાંને ધોતાં પહેલાં ચમચો મીઠું કે સરકો નાખેલા ઠંડા પાણીમાં કમમાં કમ બે કલાક પલાળી રાખવાથી રંગ નહિ ઊતરે.

ભેંશના લીલા તાજા છાણને લૂગડામાં નાખી નિચોવી કાઢેલા પાણીનું ટીપું આંખમાં નાખવાથી રાતઅંધાપો મટે છે એમ કહેવાય છે.

> ઈશ્વર તમને જો કોઈ પણ એક જ વસ્તુ માગવાનું કહે તો 'સદ્‌બુદ્ધિ' માગજો. એથી વધુ કીમતી ચીજ દુનિયામાં કોઈ જ નથી; અને જે કંઈ શ્રેષ્ઠ છે તે એના વડે જ મળી શકે છે. પણ જો 'સદ્‌બુદ્ધિ' ન હોય તો જે કાંઈ સારું હોય તે પણ સાચવી શકાતું નથી. ૐ

અત્યારનવાર સૅન્ડપેપર (રેતીઆ કાગળ)-ના ટુકડા તમારી કાતર વડે કાપતા રહેજો. એના પાનાં એથી તેજ રહેશે.










ડાબીબાજુથી: સંતકવિ ત્યાગરાજના આરાધનાદિનના સ્મરણમાં ભારતે કાઢેલી ટિકિટના ફર્સ્ટ ડે કવર પરનું સુશોભન તથા તેના રદ્દીકરણની છાપ; વચ્ચે મથાળે: ૧૯૬૦ના ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં લાહોરમાં ભરાએલી રાષ્ટ્રીય સ્કાઉટ જંબોરીના સ્મરણમાં પાકિસ્તાને કાઢેલી ટિકિટના ફર્સ્ટ-ડે કવર ઉપરનું સુશોભન, જેમાં મથાળે ત્યાંની ઝમઝમા તોપનું તથા નીચે સ્કાઉટ સંજ્ઞાની ચોમેર જંબોરીમાં ભાગ લેનાર રાષ્ટ્રોના ધ્વજનું સુંદર આલેખન છે; તેને પડખે: ભારતની નવા 'યુનિસેફ દિન'ની ટિકિટના રદ્દીકરણની છાપ.





કલાકણિકા: અગાઉ પાછલા અંકોમાં આપેલાં સિલોનના પેટી-ઇસ્કોતરા અને બારણાંનાં કૂંચી-કાણાંના અનુસંધાનમાં મિજાગરાઓના બે કલામય નમૂના



પ્રભાત
ચિત્રકાર
ચંદ્રેશ્વર. શુક્લ